નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

રવિવાર, 05 માર્ચ 2023 | ફાગણ સુદ 13, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 06 | અંક : 43 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12


**ક્રિકેટ ડિપ્લોમેસી**

### 9મીએ મોટેરાના સ્ટેડિયમ ખાતે વડાપ્રધાન મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની રહેશે હાજર

# બે વડાપ્રધાનો નિહાળશે ટેસ્ટ મેચ

### 8મીએ અમદાવાદમાં વડાપ્રધાનનું આગમન, ભાજપના હજારો કાર્યકરો પણ સ્ટેડિયમમાં રહેશે ઉપસ્થિત





ગુજરાત | વંદન

બે દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધોને ગાઢ બનાવવા ડિનર ડિપ્લોમેસીનો ઉપયોગ થાય છે. પરંતુ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમા એક નવું પરિમાણ ઉમેર્યું છે અને એ નવું પરિમાણ ક્રિકેટ ડિપ્લોમેસી છે. બે દેશોના વડાઓ ક્રિકેટની મેચ જોતા-જોતા રાજકીય સંબંધોની અલપ-ઝલપ વાતચીત કરતા હોય અને એ દ્વારા બન્ને દેશોના રાજદ્વારી સંબંધોના કઈ રીતે વધારે મજબૂત બનાવવાની પ્રક્રિયા પણ ચાલતી હોય છે. અમદાવાદના મોટેરા ખાતેના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 9 માર્ચના રોજ આયોજિત ભારત- ઓસ્ટ્રેલિયા વચ્ચેની ચોથી ટેસ્ટ મેચ નિહાળવા માટે વડાપ્રધાન મોદી ગુજરાત આવી રહ્યા છે. સ્વભાવિક છે કે તેમની સાથે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની એલ્બનીજ પણ હાજર રહેશે. ...અનુસંધાન પેજ નં. 6 પર

## વિધાનસભા મતવિસ્તાર દીઠ 500 કાર્યકરોને આમંત્રણ

- પીએમ મોદી નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેચ જોશે, ત્યારે તેમની સાથે રાજ્યભરમાંથી ભાજપના વિધાનસભા વાઈઝ કાર્યકર્તાઓ મેચ નિહાળશે. આ સિવાય વિધાનસભા બેઠક દીઠ 500 જેટલા કાર્યકર્તાઓ મેચ નિહાળશે.
- સિરીઝની છેલ્લી ટેસ્ટ મેચને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની એલ્બનીજ સાથે નિહાળશે. આ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે, તેથી આ પ્રસંગ વધુ ખાસ બનશે. અને આ મેચ પણ ભારત- ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાવાની છે.

## બે વડાપ્રધાનોની હાજરીથી મેચ બનશે રોમાંચક



અમદાવાદમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાનારી શ્રેણીની ચોથી અને અંતિમ ટેસ્ટ મેચ જોવા માટે પીએમ મોદી પણ સ્ટેડિયમ પહોંચશે. આટલું જ નહીં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી સિરીઝની આ છેલ્લી મેચના સાક્ષી બનવા ઓસ્ટ્રેલિયાના પીએમ એન્થોની અલ્બેનીઝ પણ ભારત આવશે. બંને દેશોના વડાપ્રધાન સ્ટેડિયમમાં ખેલાડીઓને પ્રોત્સાહિત કરતા જોવા મળશે.

## મોદીની મુલાકાતને લઈને કડક સુરક્ષા વ્યવસ્થા

મોટેરા સ્ટેડિયમ ખાતે સુરક્ષા વ્યવસ્થા વધારે મજબૂત બનાવી દેવામાં આવી છે. વડાપ્રધાનની સુરક્ષા સંભાળનાર એનએસજી કમાન્ડોની એક ટીમ ગુજરાત પહોંચી ગઈ છે અને જ્યાં-જ્યાં વડાપ્રધાન મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન મુલાકાત લેવાના છે તેની સુરક્ષાની દ્રષ્ટીએ ચકાસણી કરી રહ્યા છે. સુત્રોનુ માનવુ છે કે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સાબરમતી આશ્રમની મુલાકાત લઈને રાષ્ટ્રપિતા ગાંધીજીને ભાવાંજલિ આપે તેમ મનાય છે.

### પતઝડ સાવન બસંત બહાર.... એક બરસ કે મૌસમ ચાર....



પતઝડ કહેતા પાનખર. વાસંતી વાયરાની સાથે વૃક્ષો પરથી જુના પાંદડા ખરતા જાય...ખરતા જાય...અને નીચે તસ્વીરમાં દેખાય છે તેમ ખરેલા પાંદડાના ઢગલા જોવા મળે. એના પર ડગ માંડીને ચાલીએ તો અલગ અવાજ આવે અને એ નહી સંભળાયેલા અવાજનો મર્મ એ છે કે, યૌવન કાયમ કહેશે તેવું રખે માનતા.... રાજપાટ પણ કાયમ રહેશે તેમ રખે માનતા....અમારી જેમ તમે પણ ખરતા જશો અને એ વૃક્ષ પર નવી કુંપળો સાથે નવા પાંદડા નવપલ્લવિત થઈને લહેરાતા હશે. યે પતઝડ કે સાથ યે માટી સભી કી કહાની કહેગી....
(તસ્વીર: મૌર્ય ભાગ્યવાન)

સાપ્તાહિક **ગુજરાત વંદન**

**હોળી ધુળેટીની હાર્દિક શુભકામનાઓ**

હોળી એટલે રંગોનો તહેવાર અને રંગો એટલે જીવનને આનંદ ઉલ્લાસમય બનાવનાર એવા રંગોના તહેવાર હોળી-ધુળેટી પ્રસંગે ગુજરાત વંદન સુજ્ઞવાચકો, શુભેચ્છકો, વિજ્ઞાપનદાતાઓ વગેરેને ખુબ-ખુબ હાર્દિક અભિનંદન પાઠવે છે. તેમના જીવનમાં પણ આનંદ રૂપી રંગોની બહાર આવે.

તંત્રી શ્રી
ગુજરાત વંદન

## નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા એલેસ બિયાલિઆતસ્કીને 10 વર્ષની જેલ

- માનવતા માટેના જાહેર ભંડોળનો દુરૂપયોગ કર્યોનો હતો આરોપ



ગુજરાત | વંદન

પ્રખ્યાત માનવાધિકાર કાર્યકર્તા અને 2022 નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા એલેસ બિયાલિઆત્સ્કીને બેલારુસની સ્થાનિક અદાલતે 10 વર્ષની જેલની સજા ફટકારી છે. બિયાલિઆત્સ્કીને જાહેર વ્યવસ્થા, ધિરાણ અને દાણચોરીને ખલેલ પહોંચાડતી પ્રવૃત્તિઓ માટે સજા કરવામાં આવી હતી. રાજધાની મિન્સ્કની લેનિન્સ્કી ડિસ્ટ્રિક્ટ કોર્ટે પણ 60 વર્ષીય બિયાલિઆતસ્કી પર US$65,000 નો દંડ ફટકાર્યો હતો.

બિયાલિઆતસ્કી વેસના માનવ અધિકાર કેન્દ્રના વડા છે. બિયાલિઆત્સ્કીની સાથે, વેસ્ના માનવ અધિકાર કેન્દ્રના પ્રતિનિધિઓ, વેલેન્ટિન સ્ટેફાનોવિચ અને વ્લાદિમીર લાબકોવિચને પણ 9-7 વર્ષની સજા ફટકારવામાં આવી હતી. સજા દરમિયાન ત્રણેયને અત્યંત સુરક્ષિત પેનલ કોલોનીમાં રાખવામાં આવશે. ઉપરાંત, દિમિત્રી સોલોવિયોવને આઠ વર્ષની સજા કરવામાં આવી છે પરંતુ તે હાલમાં બેલારુસની બહાર છે. વેસના સેન્ટરના પ્રતિનિધિઓની જુલાઈ 2021માં અટકાયત કરવામાં આવી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે એલેસ બિયાલિઆતસ્કી અને અન્ય સભ્યોએ એપ્રિલ 2016 થી જુલાઈ 2021 દરમિયાન લિથુઆનિયામાં વિવિધ સંસ્થાઓ પાસેથી ભંડોળ મેળવ્યું હતું. આ પછી ઘણા લોકોની મદદથી આ ભંડોળ યુરેશિયન ઈકોનોમિક યુનિયનની બહાર મોકલવામાં આવ્યું હતું.

## ઓસ્ટ્રેલિયામાં ખાલિસ્તાન સમર્થકો દ્વારા હિન્દુ મંદિર પર ફરી હુમલો, તોડફોડ કરી

ગુજરાત | વંદન



ઓસ્ટ્રેલિયામાં હિન્દુ મંદિરો પર હુમલા ઓછા થવાનું નામ નથી લઈ રહ્યા. આવા કિસ્સા દરરોજ સામે આવી રહ્યા છે. શનિવારે ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બેનથી આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. હકીકતમાં, ખાલિસ્તાન સમર્થકોએ ફરી એકવાર બ્રિસબેનમાં શ્રી લક્ષ્મી નારાયણ મંદિરમાં તોડફોડ કરી છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા જાન્યુઆરીમાં ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં 15 દિવસમાં ત્રણ હિંદુ મંદિરો પર હુમલો કરવામાં આવ્યો હતો,...અનુસંધાન પેજ નં. 6 પર

## ત્રિપુરામાં સરકાર રચાયા પહેલા હિંસક ઘટનાઓ ફાટી નિકળી

- 22તોફાનીઓની ધરપકડ કરાઈ

ગુજરાત | વંદન



ત્રિપુરા વિધાનસભા ચૂંટણીના પરિણામોએ ભાજપને સ્પષ્ટ જનાદેશ આપ્યાના એક દિવસ બાદ રાજ્યમાં કેટલીક હિંસકની ઘટનાઓ ઘટી છે. ત્રિપુરાના પાટનગર અગરતલા સહિત રાજ્યના વિવિધ પ્રદેશોમાં હિંસાની ઘટનાઓથી માહોલ ગંભીર બની ગયો છે. પોલીસ હેડક્વાર્ટરના સૂત્રોએ જણાવ્યું હતું કે, “ સિપાહીજાલા, ખોવાઈ, ઉનાકોટી ...અનુસંધાન પેજ નં. 6 પર



## કોરોના વેક્સિન બનાવનારા વિજ્ઞાનીની હત્યા, રાષ્ટ્રપતિ પુટિનના હસ્તે સન્માનિત થયા હતા

ગુજરાત | વંદન

રશિયા માટે કોરોના વેક્સિન સ્પૂટનિક વી તૈયાર કરનારા વિજ્ઞાનીઓની ટીમમાં સામેલ રહેલા આન્દ્રે બોતિકોવની તેમના નિવાસે જ બેલ્ટ વડે ગળે ટૂંપો આપી હત્યા કરી દેવામાં આવી હતી. પોલીસે આ મામલે એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી હતી. રશિયન મીડિયાના અહેવાલોથી આ માહિતી મળી હતી. ...અનુસંધાન પેજ નં. 6 પર

### ન્યૂઝ બ્રિફ

#### તુનિષા શર્મા આત્મહત્યા મામલે મુખ્ય આરોપી શિઝાન ખાનને જામીન મળ્યા

તુનિષા શર્મા સુસાઈડ કેસમાં આરોપી ટીવી એક્ટર શિઝાન ખાનને જામીન મળી ગયા છે. વસઈ સેશન્સ કોર્ટમાં તુનીષા શર્મા આત્મહત્યા કેસમાં લાંબી કાર્યવાહી બાદ, ન્યાયાધીશ આરડી દેશપાંડેએ આજે બે મહિનાથી વધુ સમયથી જેલમાં રહેલા શિઝાન ખાનને રૂ. 1 લાખના બોન્ડ પર જામીન આપ્યા છે. આ સાથે તેની સામે કેસ સાથે જોડાયેલા પુરાવા સાથે ચેડા ન કરવાની શરત પણ રાખવામાં આવી છે. કોર્ટે શિઝાન ખાનને પાસપોર્ટ જમા કરાવવાનો આદેશ પણ આપ્યો છે.

#### સિદ્ધુ મુસેવાલાના માતાપિતા અને સલમાન ખાનને મારી નાખવાની મળી ધમકી

સિદ્ધુ મુસેવાલાના માતાપિતા અને સલમાન ખાનને 25 એપ્રિલ પહેલા હત્યાની ધમકી આપવામાં આવી છે. સિદ્ધુ મોસેવાલાના પરિવારે પોલીસને આ મામલે ફરિયાદ કરી છે.

### વાંકી નજરે...

સૌજન્યથી...




## મનીષ સિસોદિયાના સીબીઆઈ રિમાન્ડ વધુ બે દિવસ લંબાવાયા

- હવે 10 માર્ચે થશે સુનાવણી

ગુજરાત | વંદન

દારૂ કૌભાંડમાં ધરપકડ કરાયેલા મનીષ સિસોદિયાની 5 દિવસની CBI કસ્ટડી આજે



પૂરી થઈ હતી અને આજે તેને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટ સિસોદિયાની જામીન અરજી પર આજે નિર્ણય આપ્યો હતો. દિલ્હીના રાઉઝ એવન્યુ કોર્ટે મનીષ સિસોદિયાને બે દિવસના CBI રિમાન્ડ પર મોકલવામાં આવ્યા છે. હવે પછી આ મામલે 10મી માર્ચે સુનાવણી થશે.

રાઉઝ એવન્યુ કોર્ટે મનીષ સિસોદિયાના CBI રિમાન્ડ વધુ બે દિવસ લંબાવ્યા છે. CBIએ કોર્ટને મનીષ સિસોદિયાના વધુ ત્રણ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે કહ્યું કે કેન્દ્ર સરકાર દિલ્હીના બાળકોને અશિક્ષિત રાખવા માંગે છે. તે દિલ્હીના લોકોને બીમાર રાખવા માંગે છે. આ જ કારણ છે કે દિલ્હી વિસ્તારમાં ક્રાંતિકારી કામ કરી રહેલા સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈન અને શિક્ષણ મંત્રી મનીષ સિસોદિયાને જેલમાં મોકલવામાં આવ્યા છે. તેમણે જણાવ્યુ હતું કે આમ આદમી પાર્ટી કેન્દ્ર સરકારથી ડરતી નથી અને અમે તેનો વિરોધ કરશે. આ મામલે પ્રદર્શન પણ ચાલુ રાખવામાં આવશે.દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરની ફરિયાદ પર સીબીઆઈ દ્વારા દિલ્હી એક્સાઈઝ પોલિસીને લઈને કેસ નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં મનીષ સિસોદિયા સહિત કુલ 15 લોકોના નામ હતા. સીબીઆઈએ આ કેસમાં મનીષ સિસોદિયા સહિત 4 લોકોની ધરપકડ કરી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન અરજી ફગાવી દેવામાં આવ્યા બાદ સિસોદિયાએ 28 ફેબ્રુઆરીએ પ્રધાન પદ પરથી રાજીનામું આપ્યું હતું.




### હુમલાના આરોપોને લઈને રાજ્ય સરકાર એક્ટિવ

## બિહારના મજુરો પર હુમલો થયાની અફવા ફેલાવવા બદલ પત્રકારો, BJP નેતા વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ

ગુજરાત | વંદન

તમિલનાડુમાં પ્રવાસી મજૂરો પર હુમલાના આરોપોને લઈને રાજ્ય સરકાર એક્ટિવ થઈ ગઈ છે. રાજ્ય સરકારના નિર્દેશ પ્રમાણે પોલીસે 3 લોકો પર કેસ પણ દાખલ કર્યો છે. આ મામલે પોલીસે પહેલા જ કહ્યું હતું કે, સોશિયલ મીડિયા પર જે વીડિયો શેર કરવામાં આવ્યો છે કે ખોટો અને ભ્રામક છે. તેમ છતાં બિહાર સરકારે પ્રવાસીઓ પર હુમલાની આરોપની તપાસ



માટે શુક્રવારે વરિષ્ઠ અધિકારીઓની એક ટીમને તમિલનાડુ મોકલવાનો નિર્ણય કર્યો હતો.

તમિલનાડુ પોલીસ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, બિહારી/ પ્રવાસી મજૂરો પર હુમલાની ખોટી ખબરો/વિડિયો વાયરલ કરવા સામે પોલીસ કડક કાર્યવાહી કરી રહી છે. પોલીસે આ મામલે હિન્દી ડેઈલી દૈનિક ભાસ્કરના સંપાદક મોહમ્મદ તનવીર નામના પત્રકાર અને ભાજપના પ્રવક્તા પ્રશાંત ઉમરાવ વિરુદ્ધ કેસ નોંધ્યો છે. તેમના પર ખોટી માહિતી શેર કરવાનો આરોપ છે. પોલીસે તેમની ધરપકડ માટે વિશેષ ટીમ પણ બનાવી છે. બિહારના મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા જાહેર કરવામાં આવેલા એક નિવેદન પ્રમાણે મુખ્યમંત્રીએ તમિલનાડુમાં બિહારના ...અનુસંધાન પેજ નં. 6 પર

# પિતાની સારવાર માટે મિત્ર પાસેથી ઉછીના લીધેલાં 5.57 લાખના ચેક રિટર્ન કેસમાં આરોપીને બે વર્ષની કેદની સજા

ગુજરાત | વંદન

ગાંધીનગરના સેકટર - 6 એચપી પેટ્રોલ પંપ ઉપર ડીલીવરી બોય તરીકે નોકરી કરતા ઈસમે પિતાની સારવાર અર્થે મિત્ર પાસેથી હાથ ઉછીના લીધેલા રૂ. 5.57 લાખની અવેજીમાં આપેલો ચેક રિટર્ન થવાના કેસમાં કોર્ટે આરોપીને તકસીરવાન ઠરાવી બે વર્ષની સાદી કેદની સજા તેમજ લેણી રકમ છ ટકા વ્યાજે ચૂકવી આપવા માટેનો હુકમ કરવામાં આવ્યો છે.

કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના સુરણા ગામનો જશવંત વીરમભાઈ જોશી તેમજ ગાંધીનગરના શિહોલી મોટી ગામે રહેતો પ્રકાશ કમલેશભાઈ પ્રજાપતિ એચ.પી.સર્વિસ સેન્ટર, સેકટર-6, ગાંધીનગર ખાતે પેટ્રોલ પંપ ઉપર ડીલીવરી બોય તરીકે નોકરી કરતા હોવાથી એકબીજાની વચ્ચે મિત્રતાના સંબંધો પ્રસ્થાપિત થયા હતા. બાદ પિતાની બીમારી અને સામાજીક કામ અર્થે પૈસાની જરૂરિયાત ઊભી થતાં જશવંત જોશીએ મિત્ર પ્રકાશ પાસે રૂ. 6 લાખની માંગણી કરી હતી. જો કે એ વખતે પ્રકાશ પાસે પૈસાની વ્યવસ્થા નહોતી. જેનાં થોડા સમય પછી નાણાંકીય વ્યવસ્થાની સગવડ થતાં જશવંતને હાથ ઉછીના રૂ. 5.57 લાખ સપ્ટેમ્બર-2022 માં જ્યોતીકાબેન તુષારભાઈ શ્રીમાળીની હાજરીમાં આપ્યા હતા.




જે પૈસા છ મહિના પરત કરી દેવાનો જશવંતે વાયદો પણ કર્યો હતો. પરંતુ છ માસનો સમય વીતી જતાં પ્રકાશે નાણાંની માંગણી કરી હતી. ત્યારે કોરોના કારણે સગવડ ન હોવાથી જશવંતે સમય માંગ્યો હતો. પરંતુ જુન - 2021 સુધીમાં પણ પૈસા પરત આપવામાં નહીં આવતાં પ્રકાશે ઉઘરાણી કરી હતી. જેનાં પગલે જશવંતે તા.23-6-2921 ના રોજનો ખોટી સહી કરેલ ચેક આપ્યો હતો.

જે ચેક જમા કરાવતા રિટર્ન આવતાં પ્રકાશે નોટિસ પણ આપી હતી. તેમ છતાં જશવંતે પૈસા પરત કરવાની દરકાર કરી ન હતી. આખરે પ્રકાશે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-138 અન્વયે કોર્ટમાં ફરિયાદ કરી હતી. જે કેસ આઠમા એડીશનલ સિનિયર સિવિલ જજ અને એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતાં બન્ને પક્ષકારોની દલાલીના અંતે ચેક રિટર્ન થવાના કેસમાં જશવંતને તકસીરવાન ઠરાવી બે વર્ષની સાદી કેદની સજા અને લેણી રકમ છ ટકા વ્યાજે ચૂકવી આપવા માટેનો હુકમ કરવામાં આવ્યો છે.

## થોડી ઈધર કી / થોડી ઉધર કી

### કરાઇના ટોડલે બેઠો રે “મોર” એ બોલે... કે 40 લાખ દો...ખુદ જાન જાઓ...!! આવા કેટલા “મોરલા” પોલીસ ખાતામાં “કળા” કરી રહ્યાં હશે?!







મોર બની થનગાટ કરે...એ ગીતના શબ્દોને કરાઇ એકેડમીના બોગસ પીએસઆઇ મયૂર તડવીના સરસ મજાના કિસ્સાને બદલે એમ કહેવુ જોઈએ કે મોર બની નહીં પણ મયૂર બની થનગાટ કરે...! 40 લાખમાં એક મયૂર...એક મોરલાએ પોલીસમાં ભરતી માટેની સીસ્ટમની... ખબરિયા ચેનલની ભાષામાં કહીએ તો ધજ્જિયા ઉડા કે રખ દી..! પોલમપોલ...પોલ કે અંદર પોલ...બજાયા ઐસા ઢોલ કી... સન્નાટો મચી ગયો..કરાઈની ઈજ્જતના રાઈ રાઈ થઈ ગયા..

કોઈ ટેસ્ટ નહી...કોઈ નામ નહીં યાદીમાં અને પહોંચ્યો સીધો કરાઈમાં...એક મહિનો ખાધુ-પીધુ અને જો યુવરાજસિંહે ઢોલ ના વગાડ્યો હોત તો મયૂર તડવીના નામની આગળ પીએસઆઇ લખાઇ ગયું હોત..કેમ થયું...શું થયું...કોણે ક્યાં ઈરાદાપૂર્વક ભૂલ કરી.. કોણે શું લીધુ એ બધુ બહાર આવવાની શક્યતા નહીંવત. કેમ કે એમાં બદનામી થાય. અને પોલીસ કે સરકાર ઈચ્છતી નથી કે બદનામી થાય.

હવે જ્યારે મોરલાના પગલે તપાસ શરૂ થઈ છે તો અગાઉની ભરતીમાં આવા કેટલા મોરલા ઘૂસીને પોલીસ ખાતામાં “કળા” બતાવી રહ્યાં હશે તેની તપાસ પણ થાય તો મોટા માથાંની સંડોવણી પણ બહાર આવે...બની શકે કે નવો મોરલે સીસ્ટમમાં અગાઉ પડેલા છિંડા-બાકોરામાંથી માંથી ઘૂસ્યો હોય પણ કરાઈમાં નવા મોરલાએ કોઈ કળા બતાવી હશે તેમાંથી વાત પહોંચી હશે યુવરાજ પાસે. મારે ટોડલે બેઠો રે મોર કાં બોલે...કરાઇના ટોડલે બેઠો રે “મોર” એ બોલે કે 40 લાખ દો...ખુદ જાન જાઓ...!!

### સ્વામીજી, તમારા દેશ “યુનાઇટેડ સ્ટેટ ઓફ કૈલાશા”ના નાગરિકત્વ માટે શું કરવાનું...?

યુનાઈટેડ સ્ટેટ ઓફ કૈલાશા.યુએસકે. વિશ્વના નકશામાં ઉભરેલો નવો






દેશ. પોતાનો પાસપોર્ટ, પોતાનું ચલણ..પોતાની રિઝર્વ બેંક. અને એ નવાસવા દેશના પ્રતિનિધિ તરીકે એક મહિલા જીનીવામાં યુનોની મહાસભામાં હાજરી આપે છે. ભારતની વિરૂધ્ધ ઝેર ઓકે છે....અને કોણ ચલાવે છે આ કહેવાતો અલગ દેશ...? ભારતમાં જેમની સામે રેપ સહિતના ગુના નેંધાયા છે એ સ્વામી નિત્યાનંદ મહારાજ....!!

અજબ છે...ગજબ છે...ભારતમાંથી સ્વામી બહાર નિકળી જાય છે અને વિદેશમાં જઈને કોઈ ટાપુ ખરીદીને સેંકડો મહિલા અનુયાયીઓ સાથે રહીને દુનિયાને કહે છે- હું યુનાઈટેડ સ્ટેટ ઓફ કૈલાશાનો સુપ્રિમો...આવો મને હાથ તો લગાવી જો....એવો પડકાર કરે છે અને અજબ છે ગજબ છે કે ભારત શાંત છે..શરમાળ છે...જવા દો ને.... સ્વામીને ક્યાં પકડવો...વિદેશમાં ખૂબસુરત અનુયાયીઓથી કંટાળશે એટલે કહેવડાવશે-મુઝે ગિરફ્તાર કરો...?! ત્યાં સુધી નિરવ...મેહુલ ચોકસી...લલિત...આલ્યા-માલ્યા પર ફોકસ ચાલુ રાખીએ..

સ્વામીજી, તમારા દેશ યુનાઈટેડ સ્ટેટ ઓફ કૈલાશાના નાગરિકત્વ માટે શું કરવાનું...? કોઈ વળી ત્યાં આવવા માંગતો હોય તો સરળતા રહે..અનુયાયીઓ સાથે એ પણ ભક્તિભાવ કરશે..!?

### હેન્ડસ ફ્રી લગાવનારી નવી પેઢી કેવી હશે- એ બકા અહીં આવ....સાંભળતો નથી...ઓછુ સાંભળે છે...?



આવનારી પેઢી કેવી હશે...? એમ જો કોઈ પૂછે તો કહેવાય કે આવનારી પેઢી ઉંચુ સાંભળનારી હશે.... તેમને બોલાવવા માટે મોટેથી તેનુ નામ લેવુ પડશે- એ બકા અહીં આવ....સાંભળતો નથી...ઓછુ સાંભળે છે...?

એની વાત સાચી હશે- હાં ઓછુ સાંભળુ છુ કેમ કે કાનમાં હેન્ડ ફ્રી લગાવી લગાવીને સાંભળવાની શ્રવણશક્તિ ઓછી થઈ ગઇ...! એક મોજણીમાં એવુ તારણ બહાર આવ્યું કે કાનમાં સતત હેન્ડસ ફ્રી લગાવવાને કારણે સાંભળવાની શક્તિમાં ઘટાડો થઈ ગયો છે અને જો તેના પર રોક નહીં લગાવાય તો બની શકે કે બહેરા થઈ જશે...!

માતા-પિતા, વાલીઓ સૌ ધ્યાન આપશો. મોબાઈલ વાપરતો લાડકો હેન્ડસ ફ્રી લગાવીને બેઠો હોય, નાચતો હોય, બડ બડ કરતો હોય તો સાવધાન...પ્રેમથી સમજાવીને કાનમાંથી હેન્ડસ ફ્રી બહાર નહીં કાઢો તો ભવિષ્યમાં કાનમાં સાંભળવાનું મશીન લગાવવાનો વારો આવી શકે... શું ઈચ્છશો-લાડકો બહેરો બની જાય એ કે સાંભળી શકે એવો..? નિર્ણય તમારા હાથમાં...સાંભળો છો ને...?!

-પ્રવીણ ઘમંડે

## રાજ્ય સરકારે વિધાનસભા ગૃહમાં માહિતી જાહેર કરી

# રાજ્યમાં છેલ્લા 2 વર્ષમાં 6 જિલ્લામાં 56934 યુવા બેરોજગાર નોંધાયા

ગુજરાત | વંદન




વિધાનસભા ગૃહમાં રાજ્યમાં છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગારોની નોંધણી સંખ્યા બાબતે વિવિધ ધારાસભ્ય દ્વારા પ્રશ્ન પુછવામાં આવ્યા હતા. જેમાં છ જિલ્લામાં 56934 જેટલા બેરોજગાર નોંધાયા હતા. જેમાં સૌથી વધારે અમદાવાદ શહેરમાં બેરોજગારો નોંધાયા હતા.

જૂનાગઢ જિલ્લામાં બેરોજગારોની સંખ્યા નોંધાઈ હતી. બે વર્ષમાં રાજ્ય સરકારે અમદાવાદ જિલ્લામાં 9320 યુવાનોને રોજગારી પુરી પાડી છે. અમદાવાદ શહેરમાં વર્ષ 2021માં 27058 અને વર્ષ 2022માં 37596 યુવાનોને રોજગારી પુરી પાડવામાં આવી છે.

રાજ્ય સરકારે અન્ય જિલ્લાની વાત કરીએ તો ગાંધીનગર જિલ્લામાં વર્ષ 2021માં 3682 અને ગાંધીનગર શહેરમાં 1855 યુવાનોને રોજગારી પુરી પાડી છે. વર્ષ 2022માં ગાંધીનગર જિલ્લામાં 5528 અને ગાંધીનગર શહેરમાં 2454 યુવાનોને રોજગારી પુરી પાડી હતી. જામનગર અને દેવભુમિ દ્વારકામાં કેટલા યુવાનોને રોજગારી પુરી પાડવામાં આવી તેની માહિતી રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવી નથી.

જૂનાગઢ જિલ્લામાં સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી પ્રમાણે, વર્ષ 2021માં 2338 યુવાનોને રોજગારી આપવામાં આવી જ્યારે વર્ષ 2022માં 2235 યુવાનોને રોજગારી પુરી પાડવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લામાં બે વર્ષમાં 8902 યુવાનોને સરકાર દ્વારા રોજગારી પુરી પાડવામાં આવી છે.

### ક્યાં જિલ્લામાં કેટલાં બેરોજગારો નોંધાયા

| જિલ્લો-શહેર | બેરોજગારો |
|---|---|
| અમદાવાદ જિલ્લો | 4409 |
| અમદાવાદ શહેર | 13487 |
| બનાસકાંઠા | 9956 |
| જૂનાગઢ | 10323 |
| ગાંધીનગર જિલ્લો | 4324 |
| ગાંધીનગર શહેર | 2405 |
| જામનગર | 9594 |
| દેવભૂમિ દ્વારકા | 2436 |

# રાજ્યના ખેડૂતોને ઉનાળામાં સિંચાઈ માટે વધારાનું પાણી

■ નર્મદા કંટ્રોલ ઓથોરિટી દ્વારા ગુજરાતને આ વર્ષે 9 MAFના સ્થાને 11.27 MAF પાણીની ફાળવણી કરવામાં આવી



ગુજરાત | વંદન

આ વર્ષે રાજ્યના ખેડૂતોને ઉનાળામાં સિંચાઈ માટે વધારાનું 2.27 મિલીયન એકર ફીટ પાણી મળશે. આ વર્ષે નર્મદા કંટ્રોલ ઓથોરિટી દ્વારા ગુજરાતને દર વર્ષે ફાળવણી થતા 9 MAF પાણીના સ્થાને કુલ 11.27 મિલયન એકર ફીટ પાણીની ફાળવણી કરી છે. જેના પરિણામે આ વર્ષે ગુજરાતના ખેડૂતોના ભાગે વધારાનું પાણી સિંચાઈ માટે ઉપલબ્ધ બનશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલ કેબિનેટ બેઠક મળી હતી. બેઠક અંગે માહિતી આપતાં પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, રાજ્યના જે ડેમોમા જૂથ યોજનાઓ છે ત્યાં નર્મદા સિવાયનું પણ પાણી આપવામાં આવશે. જેના પરિણામે આ વર્ષે રાજ્યના ખેડૂતોને વાવેતરમાં વધુ સરળતા રહેશે. રાજ્યમાં આ વર્ષે પણ ઉનાળામાં પીવાના પાણીની પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

# હોળી ધૂળેટી પર માદરે વતન જવા સ્ટેશન પર લોકોની ભારે ભીડ...

■ મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડ્યો

ગુજરાત | વંદન




હોળી ધૂળેટીના પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે સુરતથી માદરે વતન જવા મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે. સુરત સ્ટેશન ખાતે હોળીના સમયે મુસાફરોનો જબરજસ્ત ઘસારો જોવા મળી રહ્યો છે. લોકો ટ્રેનમાં બેસવા માટે ભારે હાલાકીનો સામનો કરી રહ્યા હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે.


અમદાવાદ અને સુરતએ મીની ભારત તરીકે જાણીતું છે.

અહીં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર, ઝારખંડ અને છત્તીસગઢના લાખોની સંખ્યામાં લોકો વસે છે અને રોજગારી મેળવે છે અને વાર તહેવારે આ લોકો માદરે વતન જતા હોય છે.

આગામી સમયમાં હોળી ધૂળેટીનો પર્વ હોય અન્ય રાજ્યોથી સુરત આવેલા પરિવારો હોળીના સમય દરમિયાન પોતાના વતને જાય છે.પરંતુ અન્ય લોકો પણ મથુરા અને વૃંદાવનની હોળી જોવા માટે હોળીના તહેવાર દરમિયાન જતા હોય છે.

# સરકાર નિભાવશે માતા-પિતાની ભૂમિકા, કોરોનામાં અનાથ કન્યાને આપશે 2 લાખ

ગુજરાત | વંદન



ગાંધીનગર 2020માં ગુજરાત સહિત દેશભરમાં જોવા મળેલી કોરોના મહામારીની બે તીવ્ર લહેરને કોઈ ક્યારેય નહીં ભૂલી શકે. આ એ જ કાળમુખો સમય હતો જેણે સેંકડો લોકોનો ભોગ લીધો હતો અને કેટલાય બાળકોએ સાવ નાની ઉંમરમાં માતા-પિતાની છત્રછાયાનો ગુમાવવાનો વારો આવ્યો હતો. આવા અનાથ બાળકોને સરકારે દત્તક લીધા હતા અને હવે કોવિડ-19માં એક અથવા બંને પેરેન્ટ્સ ગુમાવનારી 17,120 છોકરીઓ માટે સ્કિમ બહાર પાડી છે, જે મુજબ તેમના લગ્ન સમયે તેમને 2 લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે.

સરકારી આંકડા અનુસાર પાલક માતા-પિતા યોજના હેઠળ 8 હજાર છોકરીઓને સહાય જ્યારે અન્ય 9,120 છોકરીઓને મુખ્યમંત્રી બાળ સેવા યોજના હેઠળ સહાય આપવામાં આવશે. રાજ્યના નાણામંત્રીએ એક નવી યોજનાની જાહેરાત બજેટમાં કરી હતી, જેમાં પાલક માતા-પિતા સહાય યોજના અને મુખ્યમંત્રી બાળ સેવા યોજના હેઠળ છોકરીઓને લગ્ન સમયે 2 લાખની સહાય માટે 2023-24માં 20 કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. રાજ્ય સરકારના જણાવ્યા પ્રમાણે, લગભગ 1 હજાર છોકરીઓ દર વર્ષે લગ્ન યોગ્ય ઉંમરે પહોંચશે.


'આમ આ હેતુ માટે 20 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે અને આ દર વર્ષે યથાવત્ રહેશે', તેમ સરકારી સૂત્રોએ જણાવ્યું હતું. આ સાથે ઉમેર્યું હતું કે, સહાય ડાયરેક્ટ બેનેફિટ ટ્રાન્સફર થકી આપવામાં આવશે. પાલક માતા-પિતા યોજના હેઠળ કુલ 8 હજાર છોકરીઓને સહાય આપવામાં આવી રહી છે. તેમાંથી 6,158ની ઉંમર 15 વર્ષની આસપાસ જ્યારે 1,842ની 16થી 18 વર્ષની વચ્ચે છે. આ રીતે મુખ્યમંત્રી બાળ સેવા યોજના હેઠળ કુલ 9,120 છોકરીઓને સહાય મળી રહી રહે છે. તેમાંથી 6,958ની ઉંમર 15 વર્ષની આસપાસ જ્યારે 2,162 છોકરીઓની ઉંમર 16થી 18 વર્ષ વચ્ચેની છે.




# જુનિયર ક્લાર્કની મોકુફ રખાયેલી પરીક્ષા આગામી 9 એપ્રિલે લેવાશે

■ પરીક્ષા કેન્દ્રોની વિગતો મેળવ્યા બાદ ફાઈનલ તારીખ જાહેર કરાઈ

ગુજરાત | વંદન



ગુજરાત પંચાયત પસંદગી મંડળે સત્તાવાર જાહેરાત કરી છે. પંચાયત સેવા પસંદગી બોર્ડ જુનિયર ક્લાર્કની લેખિત પરીક્ષા 9 એપ્રિલના રોજ યોજશે. ત્યારે પૂરતા પરીક્ષા કેન્દ્રો ઉપલબ્ધ છે કે કેમ તેની વિગતો જિલ્લાઓ પાસેથી મંગાવવામાં આવી હતી જે બાદ પરીક્ષાની ફાઈનલ તારીખ જાહેર કરી છે.

જુનિયર ક્લાર્કની પરીક્ષાનું પેપર ફૂટ્યા બાદ LRD ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલને પંચાયત સેવા મંડળની જવાબદારી સોંપવામાં આવી હતી. હસમુખ પટેલે ટ્વીટ કરીને માહિતી આપી હતી કે 'પંચાયત સેવા પસંદગી બોર્ડ જુનિયર ક્લાર્કની પરીક્ષા 09મી એપ્રિલે અને તલાટીની પરીક્ષા 23મી એપ્રિલના રોજ લેવા માંગે છે. પરીક્ષા કેન્દ્રોને લઈને જિલ્લાઓ પાસેથી વિગતો માંગવામાં આવી છે.' ત્યારે જુનિયર ક્લાર્ક અને તલાટીની પરીક્ષાને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે.

1181 જગ્યા પર યોજાનાર જુનિયર ક્લાર્કની પરિક્ષા મોકૂફ રખાઈ હતી. જૂનિયર ક્લાર્ક પરીક્ષાનું વડોદરાથી પેપર લીક થયું હતું. જેને લઈને 9 લાખ 53 હજારથી વધુ ઉમેદવારોની મહેનત પાણીમાં ગઈ હતી. બીજી બાજુ પેપરલીક કાંડમાં ATSએ કુલ 16 આરોપીની ધરપકડ પણ કરી લેવામાં આવી છે. જે બાદ આગામી 100 દિવસમા ફરી પરીક્ષા લેવામાં આવશે તેવો દાવો કરવામાં આવ્યો હતો. એટલું જ નહિ નવી પરીક્ષામા ઉમેદવારો વિનામુલ્યે પરીક્ષા કેન્દ્ર પર જઈ શકશે તેવું પણ બોર્ડે જણાવ્યું હતું. ત્યારે આજે પરીક્ષાની તારીખ જાહેર કરી છે.

# ઈન્ચાર્જ ડીજીપી IPS વિકાસ સહાયની ગુજરાતના નવા ડીજીપી તરીકે નિમણૂંક

ગુજરાત | વંદન



ગુજરાતના નવા DGP તરીકે IPS વિકાસ સહાયની સત્તાવાર નિમણૂક કરવામાં આવી છે. આ પહેલા તેમને પૂર્વ DGP આશિષ ભાટિયા નિવૃત્ત થતાં ઈન્ચાર્જ DGP બનાવવામાં આવ્યા હતા.

ગુજરાતના DGP આશિષ ભાટીયા 31 જાન્યુઆરીના રોજ નિવૃત્ત થયા હતા. ત્યારબાદ ગુજરાતના ઈન્ચાર્જ DGP તરીકેનો ચાર્જ 1989 બેન્ચના IPS અધિકારી વિકાસ સહાયને સોંપવામાં આવ્યો હતો. ગુજરાતના DGP તરીકે વિકાસ સહાય ઉપરાંત અતુલ કરવાલ અને અજય તોમર તથા સંજય શ્રિવાસ્તવના નામની ચર્ચા ચાલી રહી હતી. જોકે ગુજરાતના નવા DGP વિકાસ સહાયને બનાવવામાં આવ્યા છે. વિકાસ સહાય હાલ પોલીસ તાલીમ વિભાગના ડીજીપી તરીકે ફરજ બજાવે છે. 1989 ગુજરાત કેડરના આઈપીએ અધિકારી છે. વિકાસ સહાય પોલીસ ભરતી બોર્ડના ચેરમેન હતા. લોક રક્ષક પરીક્ષાનું પેપર લીક થયાનું લીડર પણે સ્વીકારી પરીક્ષા મોકૂફનો નિર્ણય લીધો હતો. રાજકોટ પોલીસ કમિશનર મનોજ અગ્રવાલ સામે ફરિયાદમાં તપાસ અધિકારી રહી ચૂક્યા છે. 1999માં આણંદ એસપી, 2001માં અમદાવાદ ગ્રામ્ય એસપી, 2002માં અમદાવાદ શહેર ડીસીપી ઝોન 2 અને 3, 2004માં અમદાવાદ ડીએપી ટ્રાફિક, એડિશનલ સીપી તરીકે ફરજ બજાવી ચુક્યા છે. જુલાઈ 2025માં નિવૃત થશે.


## ઉનાળાની ગરમીને ધ્યાનમાં રાખી અમ્યુકોએ તૈયાર કર્યો એક્શન પ્લાન


**ટ્રાફિક વિભાગ સાથે સંકલન કરી તેમના કર્મચારીઓ માટે ORS પેકેટની વ્યવસ્થા**

# શહેરના બસ ડેપો પર રહેશે પાણીની સુવિધા, બપોરના સમયે ખુલ્લા રહેશે બાગ-બગીચા

ગુજરાત | વંદન

રાજ્યમાં ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે. જેના કારણે અમદાવાદ મ્યુનિસિલપ કોર્પોરેશન (એએમસી)નું આરોગ્ય વિભાગ એલર્ટ થઈ ગયું છે. ઉનાળાની ગરમીને ધ્યાનમાં રાખી અમ્યુકોએ તૈયાર કર્યો એક્શન પ્લાન તૈયાર કર્યું છે. શહેરીજનોને ગરમીમાંથી રાહત મળે તે માટે મહત્વપૂર્ણ સ્થળો ઉપર પાણીની સુવિધાની વ્યવસ્થા સહિત અન્ય વ્યવસ્થા ઉભી કરી છે.





શહેરના તમામ BRTS બસ સ્ટેન્ડ અને AMTS બસ ડેપો પર પીવાના પાણીની વ્યવસ્થા કરાવામાં આવશે. તમામ બસ સ્ટેશન પર ORSની વ્યવસ્થા માટે પણ સૂચના આપવામાં આવી છે. ઉનાળામાં શહેરના તમામ બગીચાઓ બપોરના સમયે જાહેર જનતા માટે ખુલ્લા રહેશે. હિટ સ્ટ્રોકના જે કેસો નોંધાતા હોય છે તેની કોઈ માહિતી ઉપલબ્ધ હોતી નથી. જેથી તેના માટે થઈને IHIP મારફતે તેનું રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. આ માટે દરેક વોર્ડમાં એક અલગ વોર્ડ પણ ઉભો કરાશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને શહેરના તમામ બિલ્ડરોને તેમના કન્સ્ટ્રક્શન સાઈટના વર્કર માટે પીવાના પાણીની વ્યવસ્થા માટે સૂચના આપી છે. ટ્રાફિક વિભાગ સાથે સંકલન કરી તેમના કર્મચારીઓ માટે ઓ.આર.એસ પેકેટની વ્યવસ્થા કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ઉનાળામાં ગરમીને કારણે હિટ સ્ટ્રોક અથવા સન સ્ટ્રોક ઘટના બનતી હોય છે, જેને તમે સામાન્ય ભાષામાં 'લૂ લાગવી' કહી શકો છો. આવું ત્યારે થાય છે જ્યારે તમારૂ શરીર પોતાના તાપમાનને કંટ્રોલ ન કરી શકે. હિટ-સ્ટ્રોક થવા પર શરીરનું તાપમાન ઝડપથી વધી જાય છે અને ઓછુ નથી થઈ શકતું. જ્યારે કોઈને લૂ લાગે છે તો શરીરનું સ્વેટિંગ મેકેનિઝમ એટલે કે પરસેવાનું તંત્ર પણ ફેલ થઈ જાય છે અને મનુષ્યને બિલકુલ પરસેવો નથી આવતો. હિટ-સ્ટ્રોકની ઝપેટમાં આવવા પર 10થી 15 મિનિટની અંદર શરીરનું તાપમાન 106F અથવા તેનાથી વધારે થઈ શકે છે. સમય પહેલા તેની સારવાર ન કરવામાં આવે તો મનુષ્યનું મોત અથવા ઓર્ગેન ફેલ પણ થઈ શકે છે.

**શરબતની લારી-દુકાનો અને બરફની ફેક્ટરીઓમાંથી સેમ્પલો લેવાશે**

ઉનાળાની શરૂઆત થતાની સાથે જ શહેરમાં ઠેર ઠેર શિકંજી, લીંબુ શરબત, શેરડીનો રસ, ફ્રુટના તંબુ, છાશ-લસ્સી વગેરેનું વેચાણ વધતું હોય છે અને ઠેર ઠેર લારીઓ-દુકાનો શરૂ થઈ જતી હોય છે. જેથી આવી જગ્યાઓએથી પાણી સહિતના સેમ્પલો લેવા માટે અધિકારીઓને સૂચના આપી છે. સાથે જ બરફની ફેક્ટરીઓમાંથી પાણીના સેમ્પલો લેવામાં આવશે.

## બન્ને સંસ્કૃતિના આદાન-પ્રદાનને પ્રોત્સાહન મળશે

# સોમનાથ મંદિર ખાતે હવે સૌરાષ્ટ્ર-તમિલ સંગમમ કાર્યક્રમ યોજાશે

■ આગામી એપ્રિલ મહિનામાં સૌરાષ્ટ્ર-તમિલ સંગમમ યોજાશે



ગુજરાત | વંદન

વારાણસીમાં જેમ કાશી-તમિલ સંગમમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ તેવી જ રીતે હવે ગુજરાતના સોમનાથ મંદિર ખાતે હવે સૌરાષ્ટ્ર-તમિલ સંગમમ કાર્યક્રમ યોજવામાં આવશે. આગામી એપ્રિલ મહિનામાં ગુજરાતના સોમનાથ ખાતે આ સૌરાષ્ટ્ર-તમિલ સંગમમ યોજાવા જઈ રહ્યું છે.

ગત જાન્યુઆરીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠકમાં પક્ષના સભ્યોને સાંસ્કૃતિક વિનિમયને પ્રોત્સાહિત કરવા અપીલ કરી હતી. તેમણે ખાસ કરીને એવા રાજ્યો વિશે કહ્યું કે જ્યાં ભૌગોલિક વિવિધતા વધારે છે, તેની સાથે સાથે ઐતિહાસિક અને સાંસ્કૃતિક રીતે એકબીજા સાથે જોડાયેલા છે. પાછલા વર્ષે પીએમ મોદીના સંસદીય ક્ષેત્ર વારાણસીમાં આવા પ્રકારના કાર્યક્રમનું આયોજન થયુ હતુ.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાન પર વારાણસીમાં યોજાયેલા કાશી-તમિલ સંગમમાં બંને રાજ્યોનો સાંસ્કૃતિક વારસો અને તેમની વચ્ચેના પરસ્પર ઐતિહાસિક સંબંધો દર્શાવવામાં આવ્યા હતા.

દસ દિવસ સુધી ચાલેલા આ કાર્યક્રમ દરમિયાન બંને રાજ્યોના લોકો સાંસ્કૃતિક ઉપલબ્ધિથી તો પરિચિત થયા જ, સાથે તેમની ખાણીપીણી, ભાષા, કળા અને શૈક્ષણિક સંબંધો પણ વિશે પણ જાણકારી મેળવી હતી.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જાહેર જનતા તેમજ બંને રાજ્યોની કલા - સંસ્કૃતિ સાથે સંકળાયેલી પ્રતિષ્ઠિત હસ્તીઓ પહોંચી હતી. ઉપરાંત કેન્દ્ર અને રાજ્યના મંત્રીઓ અને જનપ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા.

# ગાંધીનગર ખાતે 108 સિટિઝન મોબાઈલ એપ લોન્ચ કરાઈ

**હવે એમ્બ્યુલન્સની માહિતી એક ક્લિકમાં જ મળશે**

ગુજરાત | વંદન

ગુજરાતમાં 108 એમ્બ્યુલન્સ સેવાને આજે 15 વર્ષ પૂર્ણ થયા હતા. આ ઉપલક્ષયમાં આજે ગાંધીનગર ખાતે 108 સિટિઝન મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી હતી. હવે એક ક્લિકમાં જ એમ્બ્યુલસની માહિતી મળશે.



રાજ્યના આરોગ્ય મંત્રીએ ગાંધીનગર ખાતે આ 108 સિટિઝન મોબાઈલ એપ લોન્ચ કરી હતી અને આ તકે ઋષિકેશ પેટેલે જણાવ્યુ હતું કે આ એપ આકસ્મિક સમયે ટેકનોલોજીના ઉપયોગથી વધારે સારી સેવા મળે તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. મંત્રીએ આ એપ જેટલા બને એટલા વધુ લોકો ઉપયોગ કરે તે માટે અનુરોધ કર્યો હતો. લોકોને ખરા સમયમાં ઉપયોગમાં આવે અને ઈમરજન્સીમાં બને એટલો સમય ન બગડે તે રીતે આ એપને તૈયાર કરવામાં આવી છે. આ એપમાં 7000 કરતા પણ વધુ સરકારી અને ખાનગી હોસ્પિટલની માહિતી ઉપ્લબ્ધ છે. રાજ્યમાં કોઈપણ નાગરીક આ એપનો સરળતાથી ઉપયોગ કરી શકે તે માટે આ એપને ત્રણ ભાષામાં માહિતી મળે તે રીતે તૈયાર કરવામાં આવી છે. આ એપમાં રીયલ ટાઈમ બ્લડ ગ્રુપ પણ તમે જાણી શક્શો. આ એપ્લિકેશનથી ઈમરજન્સીના સમયે તમે ફોન કર્યા વગર જ એપ દ્વારા નજીકની એમ્બ્યુલન્સને પસંદ કરીને ઘટના સ્થળે બોલાવી શકો તે માટેની સુવિધા પણ આપવામાં આવી છે.

## ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના મજબુત દાવા વચ્ચે

**દારૂની હેરાફેરી કરતાં 360 ઇસમોની ધરપકડ**

# અમદાવાદ અને ગાંધીનગરમાંથી બે વર્ષમાં 37.59 કરોડનો દારૂ ઝડપાયો

ગુજરાત | વંદન

ગુજરાતમાં દારૂ બંધીના દાવા વચ્ચે દેશી દારૂની રેલમછેલ જોવા મળે છે. પ્રતિબંધ છતા રાજ્યમાં દારૂમળે અને પોલીસ દ્વારા તેના વિરુદ્ધ કાર્યવાહી કરી દેશી અને વિદેશી દારૂ ઝડપવામાં આવે છે. છેલ્લા બે વર્ષ દરમ્યાન અમદાવાદ અને ગાંધીનગરમાં પકડવામાં આવેલ દેશી દારૂ અંગેના આંકડાઓ વિધાનસભામાં સરકારે આપ્યા છે. બે વર્ષમાં 36 કરોડ 92 લાખ વિદેશી દારૂ,બીયર જથ્થો ઝડપાયો છે. આ ઉપરાંત છેલ્લા બે વર્ષમાં દારૂની હેરાફેરી કરતાં 360 ઈસમોની પોલીસ દ્વારા ધડપકડ કરવામાં આવી છે.



વિધાનસભા ગૃહમાં રાજ્યમાં દારૂના દુષણ બાબતે કોગ્રેસ ધારાસભ્ય શૈલેષ પરમાર દ્વારા અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલો દારૂ ઝડપવામાં આવ્યો તેની માહિતી માગવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા બન્ને જિલ્લામાં શહેરી વિસ્તાર અને ગ્રામિણ વિસ્તારમાં બે વર્ષમાં પકડાયેલા દારૂની વિગત જાહેર કરવામાં આવી હતી. ગુજરાત વિધાનસભામાં રજૂ થયેલી વિગત પ્રમાણે, અમદાવાદમાં વર્ષ 2021 માં 14,64,666 નો દેશી દારૂ પકડાયો, જ્યારે વર્ષ 2022 માં 15,40,134 નો દેશી દારૂ ઝડપાયો. વર્ષ 2021 માં 2 કરોડ 71 લાખ 98 હજાર 267 નો વિદેશી દારૂ ઝડપાયો, જ્યારે વર્ષ 2022 માં 5 કરોડ 34 લાખ 99 હજાર 739 નો વિદેશી દારૂ ઝડપાયો હતો. તો સરકાર બેસે એ ગાંધીનગર માં પણ દારૂની રેલમછેલ થઈ હતી.

2021માં 24560 નો દેશી દારૂ પકડાયો જ્યારે વર્ષ 2022 માં 30780 નો દેશી દારૂ ઝડપાયો હતો. 2021માં 13 લાખ 13 હજાર 567 નો વિદેશી દારૂ ઝડપાયો હતો. વર્ષ 2022માં 10 લાખ 27 હજાર 402નો વિદેશી દારૂ ઝડપાયો હતો.

**બે વર્ષમાં 36 કરોડ 92 લાખ વિદેશી દારૂ,બીયર જથ્થો ઝડપાયો**

છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગરમાંથી 35.88 કરોડનો દારૂ પોલીસ દ્વારા ઝડપવામાં આવ્યો છે. આ ઉપરાંત બે વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગરમાંથી 1 કરોડ 4 લાખ 19 હજાર 373 રૂપિયાની બીયર ઝડપાઇ હતી. આમ વિદેશી દારૂ અને બીયર જથ્થાની કુલ કિંમત 36.92 કરોડ જેટલી થાય છે. રાજ્યમાં દારૂ બંધી હોવા છતાં રાજ્યના પાટનગર અને આર્થિક રાજધાની એવા અમદાવાદ શહેરમાંથી કરોડો રૂપિયાનો દારૂ ઝડપાયો હતો.

# શ્રીશ્રી રવિશંકરના સાંનિધ્યમાં 15મીએ હેપીનેસ મહોત્સવ યોજાશે

**16ના સાયન્સ સીટીમાં કાર્યક્રમમાં હાજરી આપશે**

ગુજરાત | વંદન

ધી આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના પ્રણેતા શ્રીશ્રી રવિશંકર 11 માર્ચથી 18 માર્ચ સુધી ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે, જે અંતર્ગત ગુજરાતના ઘણા શહેરોમાં વિભિન્ન કાર્યક્રમોનું આયોજન કરાયું છે. અમદાવાદ ખાતે ધ આર્ટ ઓફ લિવિંગ સંસ્થા દ્વારા 15 માર્ચે હેપીનેસ મહોત્સવનું આયોજન કરાયું છે. આ પ્રોગ્રામ હેઠળ ગુરુદેવ શ્રીશ્રી રવિશંકર, 15 માર્ચે અમદાવાદની મુલાકાતે છે.

તે સમયે હજારોની સંખ્યામાં લોકોને ખુશ રહેવા માટેનો માર્ગ દેખાડશે. ધ આર્ટ ઓફ લિવિંગ અમદાવાદના સભ્યોએ હેપીનેસ પ્રોગ્રામની (મુહીમ) અભિયાન ચલાવી, અમદાવાદવાસીઓ માટે તનાવથી દુર રહેવા માટેના ઉપાયો તેમજ માનસિક સ્વચ્છતા અને જીવનમાં એક તૃપ્તિના અનુભવ મેળવવા હેપીનેસ પ્રોગ્રામ દ્વારા સુદર્શન ક્રિયા ધ્યાન પ્રાણાયામનો અનુભવ કરાવ્યો છે.



આ હેપીનેસ શિબિરમાં ભાગ લેવા તમામ પ્રતિભાગીયોને કર્ણાવતી કલબ ખાતે ગુરુદેવ શ્રીશ્રી રવિશંકર 15 માર્ચે સંબોધશે. તા.16મીએ સાયન્સ સીટી ખાતે ગુજરાતના 5000 યુવા પ્રતિનિધિ સાથે શ્રીશ્રી રવિશંકર તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેબિનેટ મંત્રીઓ ઉપસ્થિતિ રહેશે


## વિદ્યાર્થીઓ ફોન કરી કોઈપણ પ્રકારનું મેળવી શકે છે માર્ગદર્શન

# ધો.10-12ના વિદ્યાર્થીઓ ધ્યાન આપો મુશ્કેલી છે તો લગાવો: 079-27912966

ગુજરાત | વંદન

આગામી 14 માર્ચથી ધોરણ 10 અને 12ની ગુજરાત બોર્ડની પરીક્ષા યોજાવાની છે, ત્યારે પરીક્ષાને લગતી કોઈપણ સમસ્યા વિદ્યાર્થીઓને હોય તો તે માટે ગભરાવાની જરુર નથી. અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા હેલ્પલાઈન નંબર સાથે કંટ્રોલરુમ શરુ કરાયો છે.

બોર્ડની પરીક્ષા નજીક આવતા વિદ્યાર્થીઓમાં પરીક્ષાને લઈને ગભરાટ જોવા મળે છે. પરીક્ષા સમયે વિદ્યાર્થીઓને એક્ઝામ ફોબિયા રહેતો હોય છે. જેના માટે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન અને હિંમતની જરુર હોય છે.




જો આ પ્રકારનું માર્ગદર્શન ન મળે તો ઘણીવાર વિદ્યાર્થીઓ અવિચારી પગલું ભરી લેતા હોય છે, ત્યારે પરીક્ષા નો આ હાઉ દૂર કરવા અને વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી શકે તે માટે પ્રયાસ શિક્ષણ વિભાગ દ્વારા કરાયો છે. ત્યારે આ પ્રકારની તમામ મુશ્કેલીઓ કે પ્રશ્નો નિવારણ કરવા અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા એક હેલ્પલાઈન નંબર સાથે કંટ્રોલ રૂમ શરુ કરવામાં આવ્યો છે. આ હેલ્પલાઈન નંબર પરીક્ષાને લગતો જ છે. જેથી વિદ્યાર્થીઓ કંટ્રોલરૂમમાં નંબર 079-27912966 જેના પર ફોન કરી કોઈપણ પ્રકારનું માર્ગદર્શન મેળવી શકે છે.

આ ઉપરાંત એચએસસી અને એસએસીની પરીક્ષા માટે કાઉન્સેલિંગ સેન્ટર સવારના 9થી રાત્રિના 8 વાગ્યા સુધી ચાલુ રાખવામાં આવશે.

## કરાઈની બ્રાઇટ કોલેજની બહારની ઘટના

# પ્રેમ લગ્ન કરનાર દીકરીનું પિતાએ જ અપહરણ કર્યું

ગુજરાત | વંદન

ગાંધીનગરનાં કરાઈની બ્રાઈટ કોલેજમાં પતિ સાથે નર્સિંગનું ફોર્મ ભરવા આવેલી પત્નીનું ગઈકાલે ઈકો કારમાં અપહરણ કરીને સસરા સહિતના દસ જેટલા ઈસમો ફરાર થઈ ગયા હતા. પરિવારની સંમતિ વિના પ્રેમ લગ્ન કરનાર દીકરીનું પિતાએ અપહરણ કરી લેતાં ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદના પાલડી કોચરબ ગામમાં રહેતો 24 વર્ષીય યુવક બર્ગર સેન્ડવીચનો વેપાર કરે છે. અગાઉ તેના ઘર નજીક ભાડાના મકાનમાં એક યુવતી તેના મોટા બાપા સાથે રહેતી હતી. જે દરમ્યાન બન્ને એકબીજાના પ્રેમમાં પડ્યા હતા. ત્યારે ગત તા. 28/5/2022 નાં રોજ બન્નેએ પ્રેમ લગ્ન કરી લીધા હતા. જોકે, લગ્નની પરિવારને જાણ થાય નહીં તે માટે યુવતી તેના ઘરે રહેતી હતી. અને 28 જાન્યુઆરી 2023ના રોજ યુવક સાથે રહેવા આવી ગઈ હતી. આથી યુવતીના પિતાએ ફોન કરતા પણ તે ઉપાડતી નહીં. જેણે યુવકને કહેલું કે આ પ્રેમ લગ્ન તેના પિતા સહિતના ઘરના લોકોને મંજૂર નથી.




## વિદેશ ભણવા ઇચ્છુક વિદ્યાર્થીઓ માટે ખુશખબર!

# ગાંધીનગર ખાતે શરૂ થવા જઈ રહી છે ઓસ્ટ્રેલિયાઓની બે યુનિવર્સિટી

ગુજરાત | વંદન

ગુજરાત હવે વિશ્વવિખ્યાત બનવા તૈયાર છે. ગઈકાલે ઋષિકેશ પટેલે ટ્વીટ કરી હતી કે, બે ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટી ગુજરાતના ગાંધીનગરમાં ગીફ્ટ સિટીમાં સ્થાપવામાં આવશે. ઓસ્ટ્રેલિયન શિક્ષણમંત્રી ગઈકાલે કહ્યું હતું કે, ગુજરાતના ગિફ્ટ સિટીમાં વોલોન્ગોંગ યુનિવર્સિટીના કેમ્પસ આ વર્ષના અંત સુધીમાં શરૂ થવાની સંભાવના છે. પ્રથમ બેચ માટે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આ વર્ષના અંત સુધી મળી શકે છે. ચાર દિવસ સુધી ભારતની મુલાકાત લેનારા જેસન ક્લેરે જણાવ્યું હતું કે, શરૂઆતમાં કેમ્પસ નાનું હશે ત્યારબાદ કેમ્પસનું કદ વધારવામાં આવશે. આ વર્ષે પ્રથમ ફાયનાન્સ અને STEM એટલે કે વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ, ગણિતના અભ્યાસક્રમો ભણાવવામાં આવશે.



શિક્ષણમંત્રીએ એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, વોલંગોંગ યુનિવર્સિટીએ ભારત સરકાર સાથે MOU પર હસ્તાક્ષર કર્યા છે. ગિફ્ટ સિટીનો કેમ્પસ આ વર્ષના અંત સુધીમાં કામ કરવાનું શરૂ કરાશે. આ મૂલ્યવાન તક મેળવનારી પ્રથમ ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટી હશે.

વોલંગોંગ યુનિવર્સિટી સિવાય બીજી ડેકિન યુનિવર્સિટી પણ ભારતમાં શરુ કરવામાં આવશે. જોકે, મંત્રી હજુ સુધી ડેકિન યુનિવર્સિટીના કેમ્પસ શરૂ કરવા માટે કોઈ સમય મર્યાદા અંગે જાહેરાત કરી નથી. તેમણે કહ્યું, "આવતા અઠવાડિયે, ઓસ્ટ્રેલિયન વડાપ્રધાનની મુલાકાત દરમિયાન વધુ માહિતી અને આ યુનિવર્સિટીની સમયમર્યાદા અંગે જાહેરાત થઈ શકે છે.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)



**શ્રવણ સમસ્યા:** સાંભળવામાં મુશ્કેલી પડતી હોય એવા રોગ કે માંદગી કે બીમારીથી પીડાતા બાળકો પ્રત્યે વિશ્વનું ધ્યાન ખેંચાય એ હેતુંથી ત્રીજી માર્ચનો દિવસ 'ઈયર ડે' (શ્રવણ દિવસ) તરીકે ઉજવાય છે. શહેરમાં આવા બાળકોને અટલ બ્રિજની સૈર કરાવવામાં આવી હતી.



**બુરા ન માનો હોલી હૈ....:** હોળી ધુળેટી પર્વને બે દિવસની વાર છે ત્યારે શહેરમાં ઠેર-ઠેર અબીલ ગુલાલ અને હોળીમાં એક બીજા પર ઉડાડવામાં આવતા રંગોનું વેચાણ થઈ રહ્યું છે. તસ્વીરમાં રંગોથી ભરેલી બોરીઓ દેખાય રહી છે.



**હારડાં :** હોળીમાં રક્ષાબંધનની જેમ બહેન પોતાના ભાઈને મીઠાસથી ભરેલા હારડાં (સુગર કેન્ડી)નો હાર પહેરાવીને એના જીવનમાં મીઠાસ આવે તેવી શુભેચ્છા આપે છે. ખાસ હોળીમાં જ બનતા આ હારડાં વેચાણ માટે તૈયાર છે.




**ડ્રમ-ડ્રમ ડીગા-ડીગા :** સરખેજ એસજી હાઈવે ઉપર આવે એલ.જી. ફાર્મસી કેમ્પસમાં ડ્રમ દિવસ ઉજવવામાં આવ્યો જેમાં યુવાનો વર્તુળાકાર બેસીને ડ્રમ વગાડી રહ્યાં છે. એમ કહેવાય છે ડ્રમની ધ્વનિથી માનસિક તણાવ દૂર થાય છે.

## મહિલાઓ ભલે ફાઇટર પ્લેન ઉડાડતી હોય છતા હજુ સમાજમાં એટલી સ્વતંત્રતા મળી નથી


# 8 માર્ચ: ફરીને આવ્યો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ચાલો મહિલા અધિકારોની ચર્ચા કરીએ...!

ગુજરાત | વંદન

નારી તુ નારાયણી...પરંતુ વ્યવહારમાં એવું જોવામાં આવે છે, કે રૂઢીચુસ્ત સમાજમાં મહિલા આજે પણ સ્વતંત્ર નથી. એ હકિકત છે કે ભારતમાં પણ મહિલાઓ ફાઈટર પ્લેન ઉડાડે છે. પુરુષ પ્રધાન સમાજમાં મહિલાઓ સમોવડી બનવા તરફ આગળ વધી રહી છે. પરંતુ હજુ સુધી તેમને એટલી બધી આઝાદી મળી નથી કે, તે પરિવારમાં સ્વતંત્ર નિર્ણય લઈ શકે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી દર વર્ષે પરમ્પરાગત રીતે થાય છે. સેમિનાર યોજાય છે. મહિલાઓની પીડા ઉપર ચર્ચાઓ થાય છે. મહિલાઓને આઝાદી મળવી જોઈએ તેવા વિચારો વ્યક્ત થાય છે અને ત્યાર બાદ આગામી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ સુધી વધુ વિસરાઈ જાય તો નવાઈ નહીં. તેમ છતા આ દિવસનું મહત્વ રહેલું છે. ભારતને અડધો-અડધ વસ્તી મહિલાઓની છે ત્યારે તેના હક અધિકાર માટે હજુ વર્ષો સુધી રાહ જોવી પડે તેમ છે.

દર વર્ષે 8 માર્ચના રોજ દુનિયાભરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનું આયોજન થાય છે. આ પરંપરાની શરૂઆત ક્યારથી થઈ ? સાથે જ મહિલા દિવસ મનાવવા પાછળ હેતુ શુ છે ? જો મહિલા દિવસ ઉજવાય છે તો પુરૂષ દિવસ કેમ નહી ?

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઈતિહાસની વાત કરીએ તો સૌ પહેલા આને વર્ષ 1909માં ઉજવવામાં આવ્યો. ત્યારબાદ આ દિવસને 1975માં સંયુક્ત રાષ્ટ્ર સંઘે માન્યતા આપી. પછી તો દુનિયાભરમાં આને ઉત્સાહપૂર્વક ઉજવવાની શરૂઆત થઈ.




આ દિવસ ઉજવવાનો હેતુ મહિલાઓ પ્રત્યે સન્માન, તેમની પ્રશંસા અને તેમના પ્રત્યે પ્રેમ વ્યક્ત કરવાનો છે. આ દિવસે ખાસ કરીને એ મહિલાઓ પ્રત્યે સન્માન પ્રગટ કરવામાં આવે છે. જેમણે આર્થિક રાજનીતિક અને સામાજીક ક્ષેત્રોમાં મુખ્ય ઉપલબ્ધિયો મેળવી છે. ખાસ કરીને મહિલાઓના સંઘર્ષનો ઉલ્લેખ કરતા તેમની સફળતાની વાનગી રજુ કરવામાં આવે છે.

તેનો મતલબ એ નથી કે આ દિવસે ચૂપચાપ જીવી રહેલી ઘરેલુ મહિલાઓનો ઉલ્લેખ જ નથી કરવામાં આવતો. ઉલ્લેખનીય છે કે પુરજોશમાં દુનિયાભરમાં આ વાતને લઈને વિચાર વિમર્શ થાય છે કે મહિલાઓ પડદા પાછળ છે તેમને કેવી રીતે સમાજની મુખ્યધારામાં લાવવામાં આવે. ખાસ કરીને દબાયેલી કચડાયેલી અને પીડિત મહિલાઓના ઉત્થાન અને વિમુક્તિકરણની દુનિયાભરમાં યોજનાઓ બને છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની અસર પણ જોવા મળી રહી છે. જે પ્રકારની આઝાદી અને ઉન્મુક્તતા આજની નારીમાં જોવા મળે છે. આવુ 10-20 કે પચાસ વર્ષ પહેલા નહોતુ. મહિલાઓએ સમયની સાથે પોતાની ઓળખ બનાવી છે. જેની પાછળ અથાગ પરીશ્રમ અને સંઘર્ષની દાસ્તાન છે.

સાપ્તાહિક ગુજરાત વંદન **સંપાદકીય....**

# ખાલિસ્તાની અમૃતપાલસિંહને રોકો, નહીંતર ભારતે અભિન્ન અંગ પંજાબના મામલે ખૂબ મોટી કિંમત ચુકવવી પડશે..!

"પંજાબ ભારતનો અભિન્ન અંગ નથી, ભારતથી પંજાબને અલગ કરીને અલગ ખાલિસ્તાન દેશ બનાવવો એ વિચારધારા છે, હિન્દુ રાષ્ટ્ર બને તો ખાલિસ્તાન કેમ નહીં..."આવુ જાહેરમાં બોલનારની સામે દેશદ્રોહનો ગુનો નોંધાય કે નહીં..? આવુ કોઇ અન્ય બોલે તો તરત કેસ દાખલ થાય પણ દુબઇમાં ટેક્સી ચલાવનાર પંજાબમાં ધાર્મિક શીખ નેતા તરીકે એકાએક ઉભરી આવનાર અમૃતપાલસિંહની સામે કોઇ કેસ હજુ સુધી નોંધાયો નથી અને નોંધાયો હોય તો તેમને હાથ લગાવતા સરકારને હજાર વાર વિચાર કરવો પડે એવી ગંભીર પરિસ્થિતિ ભારતના અભિન્ન અંગ પંજાબમાં આકાર લઇ રહી છે અને પંજાબ સરકારને જાણે કે કોઇ ચિંતા ફિકર નથી એવુ એક ચિત્ર જે




ઉપસી રહ્યું છે તે દેશ માટે ખતરનાક બની શકે. યાદ રહે કે ખાલિસ્તાનની આવી જ માંગ માટે ભારતે ખૂબ મોટી કિંમત ચુકવવી પડી છે.

તાજેતરમાં જ પંજાબના અજનાલા શહેરના એક પોલીસ મથક પર ખાલિસ્તાની સમર્થકો હજારોની સંખ્યામાં તલવારો સાથે હુમલો કર્યો અને ભારતના ટુકડા કરવા માંગતા અમૃતપાલસિંહના સાથી લવપ્રિતસિંહને તેની સામે એફઆઇઆર છતાં વગર જામીને કે કોર્ટમાં રજૂ કર્યા વગર છોડવાની ફરજ પડી તે ઘટનામાં ચોંકાવનારૂ એ છે કે ખાલિસ્તાનની માંગ કરનારા આ ટોળાએ શીખ ધર્મના પવિત્ર ગ્રંથસાહેબનો ઢાલ તરીકે ઉપયોગ કરીને પોલીસ તેમના ઉપર બળપ્રયોગ ના કરે એવી જે રીત રસ્મ અપનાવી તે અત્યંત ખતરનાક છે... દુબઇમાં દાઢી મૂછ વગરનો ટેકસી ડ્રાઇવર એકાએક પંજાબમાં આવીને શીખ ધર્મના કોઇ સંત કે ગ્રંથીના રૂપમાં-લિબાશમાં આવે છે, તેના હજારો ટેકેદારો બને છે અને પંજાબને ભારતથી અલગ કરીને ખાલિસ્તાન નામનો અલગ દેશ પાકિસ્તાનની સાથે મળીને બનાવવાની માંગણીને દોહરાવે છે છતાં પંજાબ સરકાર તેની સામે કોઇ કાર્યવાહી કરતી નથી. પંજાબમાં આપ પાર્ટીની સરકાર અલગતાવાદીઓની સામે કાર્યવાહી ન કરે તો કેન્દ્રીય એજન્સીઓએ અમૃતપાલસિંહની સામો કડક કાર્યવાહી કરવી જોઇએ. જો તેમાં ઢિલાશ દાખવાશે તો અલગ દેશ ખાલ્સ્તાનની આગ દિલ્હી પહોંચતા વાર નહીં લાગે. આ ઉપરાંત સમજવાની અને વિચારવાની બાબત એ પણ છે કે અમૃતપાલસિંહની માંગને શીખ સંપ્રદાયના આગેવાનોએ હજુ સુધી કેમ વખોડી કાઢ્યું નથી...? વખોડવાને બદલે મૌન ધારણ કર્યું છે... કાશ્મિરમાં અલગતાવાદીઓએ પાકિસ્તાનના ટેકાથી ભારતની સામે આતંકવાદને પ્રોત્સાહન આપ્યું અને વર્ષો બાદ તેમની સામે કાર્યવાહી કરકવામાં આવી, જેલમાં ધકેલી દેવાયા. એમ પંજાબના અલગતાવાદીઓને પણ બની શકે કે પાકિસ્તાનનો નૈતિક ટેકો હોઇ શકે. કારણ કે ખાલિસ્તાનની રચનામાં ભારતના પંજાબને અલગ કરીને સીમા પાર પાકિસ્તાનની સાથે જોડવાનો કારસો છે અને તમામ એ જાણવા છતાં પંજાબમાં કાયમી શાંતિને ડહોળવાના પ્રયાસો કરનારાઓની સામે ભેદી મૌન ભારતને ભારે પડી શકે તો નવાઇ નહીં... આજે પંજાબમાંથી અવાજ આવ્યો કે પંજાબ ભારતનો અભિન્ન અંગ નથી, કાશ્મીરીઓ પણ એવા જ સૂરમાં વાત કરે છે અને કાલે દક્ષિણ ભારતમાંથી અલગ દ્રવિડસ્તાન, અલગ ભીલીસ્તાન એવી માંગણીઓ થતી રહેશે તો એક ભારત...અખંડ ભારત ખંડ ખંડમાં ખંડિત નહીં થાય એની કોણ જવાબદારી લેશે..? રાજકીય જાણકારો તો ત્યાં સુધી કહે છે કે પંજાબ હવે અશાંત બની જશે.. અને એ માટે પંજાબ સરકારની સાથે એ સૌ જવાબદાર હશે કે જેઓ ભેદીમૌન ધારણ કરીને પંજાબને સળગતો જોવા માંગે છે..?!.

## ઇતિહાસના પાનામાં વિસરાયેલી ઘટના કે જેમાં દ્વારકાની ભૂમિ પર 1857માં આઝાદી માટે મીની યુધ્ધ ખેલાયું હતું..

ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ જેવુ જ આ સાહસિક કામ હતું. આ બધી લક્ષ્મીબાઇઓ હતી, ગુજરાતની લક્ષ્મીબાઇઓ....!

-(લેખક :-પદ્મશ્રી વિષ્ણું પંડ્યા)

# જ્યારે દ્વારકાની વાઘેર કોમની વીરાંગનાઓએ ગોરાઓને લલકાર્યા અને...

સાપ્તાહિક ગુજરાત વંદન

1857નો બળવો એટલે મંગલ પાંડેએ કરેલો બળવો, એવી એક સામાન્ય છાપ રહેલી છે. અલબત શરૂઆત તેમણે કરી પણ તે પછી દેશના વિવિધ પ્રાંતમાં પણ જેમ જેમ બળવો થયો..ના સમાચાર પહોંચતા ગયા તેમ તેમ ત્યાં પણ ગોરા અંગ્રેજોનો વિરોધ થવા લાગ્યો હતો અને મેરઠની એ ક્રાંતિ જવાળા ગુજરાતમાં છેક દ્વારકાની વાઘેરકોમની વિરાંગનાઓ સુધી પહોંચી હોવાનો એક આખો ઈતિહાસ આલેખાયેલો છે, તેની ભાગ્યે જ કોઇ નોંધ લેવાઇ છે. એ આખો કિસ્સો બહાર લાવવાનું શ્રેય જાણીતા પત્રકાર વિષ્ણુ પંડ્યાને ફાળે જાય છે. એ કિસ્સો કાંઇક આ મુજબ છે....

આણંદના મુખી-પત્ની લાલબા પટલાણી. 1857માં ગુજરાતના કાળાપાણીની કેદ થઈને શહીદ થયેલા ગરબડદાસની તે પત્ની હતી અને દ્વારકા-ઓખામાં અંગ્રેજોના તોપગોળા સામે જંગી ચડેલી બહાદુર માણેક વાઘેરાણીઓ.

બંને વચ્ચેની એક સમાનતા નોંધવા જેવી છે. આ મહિલાઓએ ગુજરાતમાં 1857ના સમરને જ્વલંત રાખવામાં પુરૂષ લડવૈયાઓની સાથે ખભેખભો મિલાવીને પુરષાર્થ કર્યો હતો. લાલબાએ મુંબઈ જઈને અંગ્રેજ કમિશનરને પડકાર્યો હતો. અમને આઝાદીની લડાઈનો હક્ક નથી? મારા પતિએ એવુ યુદ્ધ ખેલ્યુ છે.

સત્તાવનની ખોળખંખોળ નિમિત્તે હમણાં જામનગર જિલ્લામાં જવાનું થયું. કવિમિત્ર વિજય આશર સાથે હતા. કાલાવાડમાં પ્રા.યાદવે સંગાથ કર્યો. પહોંચ્યાં કાલાવડથી 20-25 કિલોમીટર દૂર માછરડાની ધારે.

આ ડુંગરમાળ પર બહાદુર વાઘેરોના હાથે મરાયેલા બ્રિટિશ સેનાપતિનો કીર્તિસ્તંભ ઉભો છે. માછરડા, વનચરડા, કોડીનાર, ઓખા, દ્વારકા, બેટદ્વારકા..

### કિલ્લા પર ધડાધડ ગોળા છૂટવા માંડ્યા

**નૌસેનાનો સેનાપતિ ડોનાવન અધીરો હતો. 4થી ઓક્ટોબરે વહેલી સવારે તો તેનું સૈન્ય બેટની ખાડીમાં પહોંચી ગયું. સામે હતો બેટ દ્વારકાના કિલ્લો 25 ફૂટ પહોળો અને 60 ફૂટ ઉંચો! ડોનાવને તોપમારાનો આદેશ આપ્યો. વાઘેરો પાસે આવી આધુનિક યુદ્ધસામગ્રી તો હતી નહીં. કિલ્લા પર ધડાધડ ગોળા છૂટવા માંડ્યા..**



આ જમીન પર 1820થી 1864 સુધી અંગ્રેજોને હંફાવનારી લડાઈ ઓખામંડળના વીર વાઘેરોએ લડી હતી. 1858માં જુદા જુદા ગામોના વાઘેરો એક જગ્યાએ એકઠા થયા, ત્યારે ઉત્તર ભારતથી આવેલા 1857ના એક સ્વાતંત્ર્ય સેનાની પણ સામેલ હતા.

કોણ હતા તે સેનાની? નાના સાહેબ પેશવા? તેમના ભત્રીજા રાવસાહેબ? કે બીજા કોઈ યોદ્ધાઓ- જેના નામો ગોપાળજી અંતાજીથી માંડીને ટોકરા સ્વામી સુધીના મળે છે.

ખબર નથી આપણને બ્રિટિશ દસ્તાવેજમાં નાના સાહેબને શોધવા માટેની જહેમતમાં, જેમના પર મુકદ્દમા ચાલ્યા તેની નોંધ તો છે પણ વાઘેર સ્ત્રીઓએ સમુદ્રમાર્ગેથી આવેલી બ્રિટિશ નૌસેનાના તોપગોળા ઝીલ્યા તે વાતને કોઈ યાદ કરતું નથી!

1858માં એકઠા થયેલા વાઘેરોમાં ઉમરાપુરના જોધા માણેક અને બાપુ માણેક, ભોજવાડાના ભોજા માણેક અને રેવા માણેક. વસઈના રણમલ માણેક અને દીપા માણેક, સોમેશ્વરથી દેવો છબાણી અને ઘંડુ માયાણી, રાજપુરના સફા માણેક અને શયદે હતા. બધાનો સૂર હતો કે અંગ્રેજોની સામે લડીને રણછોડરાયનો મુલક આઝાદ કરવો.

જોધા માણેકે પહેલા તો ના પાડી પણ પછી નેતૃત્વ લીધું. 1858ની માર્ચમાં પહેલો હુમલો બેટ દ્વારકા પર થયો. પ્રિન્સ આર્થર ચોથી બટાલિયન લઈને વાઘેરોને પરાસ્ત કરવા આવ્યો પણ નાસીપાસ થયો. એપ્રિલમાં વળી પાછી ચડાઈ કરી. વાઘેર વીરો હાથમાં આવ્યા નહીં. બ્રિટિશ સૈનિકો થાકી ગયા હતા તે બેટ દ્વારકા છોડીને નીકળી પડ્યો. વાઘેરોને લાગ્યુ કે દિલ્હી, મેરઠ, ઝાંસીની લડાઈથી ઈસ્ટ ઈન્ડિયા કંપની ભારત છોડી રહી છે એટલે બાકી બચેલા બ્રિટિશરોએ વફાદાર ગાયકવાડી સૈન્યની સાથે વાઘેરો રણે ચડ્યા.

મૂળુ માણેકે 30 જુલાઈ 1859ના દ્વારકા જીતી લીધું. સાત દિવસના જંગ પછઈ બેટ દ્વારકા પણ વાઘેરોના કબજામાં આવ્યું. જોધા માણેકે પોરબંદર અને જામનગરના રાજવીઓને પત્ર લખ્યો કે આવો, આપણે સાથે મળીને અંગ્રેજોને હટાવીએ. ગાયકવાડે અંગ્રેજોને સાથે લઈને 29મી સપ્ટેમ્બરે દ્વારકા તરફ આગેકૂચ કરી.

ઓખા મંડળ અને બારાડી વચ્ચે નંદાણા ગામમાં બ્રિટિશ લશ્કરી છાવણી હતી. મુંબઈથી નૌકાસૈન્ય આવ્યું. તેમના જહાજોને 'ઝેમોબિયા' અને 'વિક્યોરિયા' આગબોટો સાથએ બાંધીને સમુદ્રમાં લાવવામાં આવ્યા. નૌકાસૈન્ય સમિયાણી પહોંચી ગયુ. બસ પાયદળની રાહ જોવાતી હતી.

વાઘેર સ્ત્રીઓએ રસ્તો શોધી કાઢ્યો. તેમણે પોતપોતાના ઘેર ગાદલા-ગોદડા હતા તે પલાળીને ભીનાં કર્યા અને કિલ્લા પર આવી. પુરૂષોને કહ્યું કે તમે હથિયારોથી યુદ્ધ કરો અમે તોપગોળા ઝીંકાશે તેને આ ભીંજાયેલા ગાભાગોદડાંમાં ઝીલી લઈને ઠંડાગાર કરી દઈશું!

### છતાંપણ આપણી બહાદુર વાઘેર સ્ત્રીઓનું કોઈ સ્મારક નથી!

**નેટિવ ઈન્ફન્ટ્રીની છઠ્ઠી અને 18મી રેજિમેન્ટ પાયદળની હતી તે ઘૂસી ગઈ. ઘમસાણ યુદ્ધ થયું, કંઈક અંગ્રેજો પડ્યા. કેપ્ટન ગ્લાસપૂલ, લેફ્ટનંટ ગ્રાંટ લખે છે કે આખી જિંદગી યાદ રહી જાય તેવી એ લડાઈ હતી. કેપ્ટન મેકોમેક, કેપ્ટન વિલિયમ અને બીજા 10 યુરોપિયન સિપાહીઓની લોથ ઢળી. બેટ દ્વારકાના ઝાડીઝાંખરામાં આ બે અંગ્રેજોની કબરો પણ છે પણ આપણી બહાદુર વાઘેર સ્ત્રીઓનું કોઈ સ્મારક નથી!**

આ કામ વાઘેરાણીઓએ કર્યુ. દુનિયાના ઈતિહાસમાં આવું ક્યાંય બન્યું નથી. આ એક માત્ર વીરલ ઘટના છે, જેમાં મોતની પરવા વિના મહિલાઓએ અંગ્રેજ દુશ્મનોના ગરમગરમ તોપગોળાને ઝીલીને નકામા બનાવી દીધા હોય.

કોણ હતી આ સ્ત્રીઓ? બેશક, તે વાઘેર પત્નીઓ હતી. વાઘેર પુત્રીઓ હતી. વાઘેર માતાઓ હતી પણ તેમના નામ? વીર વાઘેરોમાંથી થોડાક નામો તો મળે છે પણ દસ્તાવેજોમાં આ સ્ત્રીઓના કોઈ ઉલ્લેખ નથી.

(અનુસંધાન પેજ નં.6 પર)

## ધર્મ

# શ્રી ચૈતન્ય જયંતીનું છે અનોખું મહત્વ

શ્રી ચૈતન્ય મહાપ્રભુનો જન્મ હાલનાં પશ્ચિમ બંગાળમાં નવદ્વીપ (નાદિયા) મંડળ તરીકે ઓળખાતા પ્રદેશનાં નાદિયા ગામમાં શક સંવત, ૧૪૦૭ ફાગણ સુદ પૂનમનાં દિવસે થયો હતો. તેઓને ઈતિહાસમાં એક સંત/સંન્યાસી અને તે સમયના બંગાળ (હાલના પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશ) તથા ઓરિસ્સાના એક સમાજ સુધારક ગણવામાં આવે છે. પરંતુ ગૌડીય વૈષ્ણવો તેમને સ્વયં ભગવાન શ્રી કૃષ્ણજ રાધા રાણીના ભાવ અને રૂપમાં માને છે.

તેમની માતાનું નામ શચીદેવી હતું તથા પિતાજીનું નામ જગન્નાથ મિશ્ર હતું. કહેવાય છે, જીવનનાં છેલ્લાં છ વર્ષો મહાપ્રભુજીમાં સાક્ષાત્ 'રાધાજી' પ્રગટ થયાં હતાં. રાધાજી જેમ શ્રીકૃષ્ણનાં વિરહમાં રાત-દિવસ રડતાં હતાં, તેવી જ રીતે શ્રી ચૈતન્ય મહાપ્રભુ પણ શ્રીકૃષ્ણના વિરહમાં ચોધાર આંસુએ રડતા, કયારેક નાચવા લાગતાં, કયારેક દોડવા લાગતાં, કયારેક મૂર્છા ખાઈને જમીન પર ઢળી પડતા. શ્રી મહાપ્રભુને કૃષ્ણ વિરહમાં રડતા જોઈને મોટા-મોટા પંડિતો પણ શ્રીકૃષ્ણની ભકિતમાં લીન થઈ જતાં. કેટલાય દુરાચારીઓ પણ શ્રી મહાપ્રભુના સંગમાં આવીને કૃષ્ણભકત બની ગયા. શ્રી મહાપ્રભુ ન્યાય, વેદાંતના પ્રખર પંડિત હતા. શ્રી મહાપ્રભુ ચોવીસ વર્ષ સુધી સંસારમાં રહ્યા. તેમની પહેલી પત્નીનું નામ 'લક્ષ્મીદેવી' હતું જેના મૃત્યુ



પછી મહાપ્રભુજીએ 'વિષ્ણુપ્રિયા' સાથે લગ્ન કર્યાં.

ભારતના સંન્યાસીઓને શ્રીકૃષ્ણની ભકિતમાં તથા પરમ વૈરાગ્યનાં માર્ગે વાળવા માટે ચોવીસ વર્ષની ઉંમરે 'કેશવ ભારતીજી' પાસે સંન્યાસ દીક્ષા ગ્રહણ કરી સંસારનો ત્યાગ કર્યો. અનેક તીર્થોમાં ભ્રમણ કર્યું. શ્રી ચૈતન્ય મહાપ્રભુએ કેટલાય ભકતોને ચતુર્ભુજ રૂપે, દ્વિભુજ રૂપે, છડ્ભુજ રૂપે શ્રીકૃષ્ણ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં હતાં. તેમણે અનેક ચમત્કારો પણ કર્યા હતા. કેટલાક રોગી, કોઢીઓને રોગમુકત કર્યા હતા. દક્ષિણમાં એક તળાવના પાણીને 'મધ' બનાવ્યું હતું. આજે પણ તે તળાવ 'મધુ પુષ્કરિણી'નામે દક્ષિણમાં પ્રખ્યાત છે.

શ્રી મહાપ્રભુજી પોતાના ભકતોને કહેતા, સર્વ શાસ્ત્રોનો સાર શ્રીકૃષ્ણ નામનો જપ કરવામાં છે. તેમણે ભકતોને મહામંત્ર આપ્યો 'હરે કૃષ્ણ! હરે કૃષ્ણ! કૃષ્ણ, કૃષ્ણ હરે હરે! હરે રામ હરે રામ! રામ, રામ! હરે હરે!' જેને મહા મંત્ર અથવા હરે કૃષ્ણ મંત્ર તરિકે લોકો વધુ સારી રીતે જાણે છે.

## પુસ્તક પરિચય



▪ રિપલકુમાર પરીખ

# વૃત્તાંતમૂલક સર્જક: મોહમ્મદ માંકડ

સાપ્તાહિક ગુજરાત વંદન


'લેખનની કલા બહુ કષ્ટદાયક છે. દેખાય છે એવી સહેલી નથી. એટલું જ નહીં, માણસમાં જો સર્જન માટેની કુદરતી બક્ષિસ ન હોય તો વાર્તા - નવલકથાનું સર્જન માત્ર મહેનત કરવાથી એ કરી શકતો નથી... મધ બનતાં પહેલાં પરાગરજને મધમાખીના પેટમાં જઈને ઘણી અગત્યની પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે. એવી રીતે, ઘટનામાંથી સર્જાતી કલાત્મક વાર્તામાં પણ ઘટનાએ લેખકના કોઠામાં જઈને કેટલીક અગત્યની અને અજાણી પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે, ત્યારે જ તે વાર્તા બની શકે છે. માત્ર ઘટના એ વાર્તા નથી. એ જ રીતે, માત્ર ઘટનાનો લોપ કરી નાખવાથી જ વાર્તાની કલાત્મક 'આકૃતિ' સર્જાઈ જતી નથી. એવી 'આકૃતિ' સર્જવાનું કામ માત્ર એક સર્જક કે કલાકાર જ કરી શકે છે. તાજમહાલ આરસના પથ્થરોમાંથી જ બન્યો છે, પરંતુ જોનાર તાજમહાલની અલૌકિક આકૃતિને જ જુએ છે, આરસના પથ્થરોને નહિ. તાજમહાલની આકૃતિમાં આરસના પથ્થરોનો તદ્દન લોપ થઈ ગયો છે. કોઈ પણ કલાકૃતિમાં એમ જ બને છે. સારી વાર્તામાં પણ ઘટનાનો લોપ એ જ રીતે, સહજ રીતે જ થઈ જાય છે.'

- મોહમ્મદ માંકડ (વાર્તાઓ ભાગ ૧ માંથી)

લોકપ્રિય સર્જક, નવલકથાકાર, વાર્તાકાર સ્વ. મોહમ્મદ માંકડ સાહેબે ઉપર લખ્યું છે તે મુજબ, 'લેખનની કલા બહુ કષ્ટદાયક છે.' જેમ બીજી કળાઓ જેમકે ગીત, સંગીત, ચિત્ર, નૃત્યની કલાસાધના કરવાથી જ તેમાં નિપુણ થઈ શકાય છે, તેમ કોઈ પણ વ્યક્તિ કાગળ ઉપર કંઈક લખી નાખે, તેને લેખક કેવી રીતે કહી શકાય? આજે સોશિયલ મીડિયા પર જ્યારે અઢળક વાર્તાઓ ફરતી હોય છે. કોઈ વ્યક્તિ પોતાને લેખક ગણાવા માટે ધમપછાડા કરતી જોવા મળે, ત્યારે સ્વ. મોહમ્મદ માંકડ સાહેબ મધનું અને તાજમહાલનું ઉદાહરણ આપીને ઘણું બધું સમજાવી જાય છે. ફક્ત આરસના પથ્થર પડ્યા હોય તો, તેને લોકો પથ્થરની રીતે જ જુએ છે, પરંતુ જ્યારે તેને ગોઠવીને એક કલાકાર સુંદર આકૃતિનું સર્જન કરે છે, ત્યારે તેની અલૌકિકતા દરેકના મનને મોહી લે છે. વાર્તા કલાને સમજવા માટે આદરણીય સર્જક સ્વ. મોહમ્મદ માંકડ સાહેબની વાર્તાઓ વાંચવી જોઈએ. કોઈ એક ઘટનાને માંકડ સાહેબ કેવી સરસ રીતે ગુંથીને, કેવા ઊંડાણથી, કેવા અદ્ભુત સંવાદોથી પરિપૂર્ણ બનાવે છે તથા વાર્તાન્ત પણ ભાવક-વાચકના હ્રદયમાં એવી રીતે સ્થાપિત કરે છે કે તે વાર્તા વાચકના મન સાથે તાદાત્મ્ય અનુભવે છે. સ્વ. માંકડ સાહેબ કહે છે તેમ, 'મધ બનતાં પહેલાં પરાગરજને મધમાખીના પેટમાં જઈને ઘણી અગત્યની પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે.' તેમ એક ઘટનાએ વાર્તા બનતાં પહેલાં લેખકના કોઠામાં જઈને ઘણી બધી અગત્યની પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે. ત્યારે તે લેખકનું સર્જન તથા તે લેખક પોતે સદા કાળ વાચકોના હ્રદયમાં જીવંત રહે છે. સ્વ. મહોમ્મદ માંકડ આજે પણ તેમના વાચકોના હ્રદયમાં જીવંત છે, તેનું કારણ આ જ છે. તેમની નવલકથાઓ અને વાર્તાઓમાં ગામડાંનું જે દ્રશ્ય ખડું થાય છે, તેવું દ્રશ્ય એક અનુભવી લેખકની કલમ દ્વારા જ તાદ્રશ્ય થઈ શકે. તેમની વાર્તા વાંચતા વાંચતા એવું લાગે, જાણે તે વાર્તાના પ્રવાહમાં આપણે તણાઈ ગયા છીએ. તેમનાં પુસ્તક 'ડાઈનિંગ ટેબલ' વાર્તાસંગ્રહમાંથી ત્રણ વાર્તાઓનો ટૂંકો પરિચય મેળવીએ.

'ડાઈનિંગ ટેબલ'

આધુનિક સમયની વાર્તા છે. જાણે દરેક કુટુંબની વાર્તા છે. પૈસા કમાવવા પાછળ દોટ મુકતાં નરેન્દ્ર મહેતા, તેમની સુંદર પત્ની રેખા અને તેમનાં બે જુવાનજોધ પુત્ર




અને પુત્રી. વાર્તા જે દ્રશ્યથી શરુ થાય છે, તે જ દ્રશ્યથી વાર્તાની સમાપ્તિ થાય છે. સુંદર કળાત્મક રીતે વાર્તાની રજૂઆત જીવંતતા બક્ષે છે. ધનવાન બિઝનેસમેન નરેન્દ્ર મહેતા આજે ઘરે બેઠાં બેઠાં બારીમાંથી બહાર પ્રકૃતિને તટસ્થ ભાવે નિહાળી રહ્યાં છે, ડૉક્ટરની મનાઈ હોવા છતાં પણ પાઈપ પી રહ્યાં છે અને પોતાનાં જીવનને વાગોળી રહ્યાં છે. લેખક આ ઘટનાને કેવાં અદ્ભૂત શબ્દોમાં વર્ણવે છે તે જુઓ, 'તેનાં મગજમાં ભાર હતો. એ ભારને ફૂંકી દેવા એ મથતો હતો. પાઈપ ખેંચતો હતો. બીજી દુનિયામાંથી પોતે કાંઈક ખેંચી રહ્યો હોય એવી લાગણી થતી હતી.' નરેન્દ્ર મહેતા પોતાની સુંદર પત્ની રેખાને બેવફા અને મૂર્ખ ગણીને મનમાં વિચલિત થઈ રહ્યાં છે. બંને બાળકો અનંગ અને કલા પણ કેટલા ઉડાઉ છે, તેમ વિચારીને પણ ચિંતિત છે. પોતે કેટલી મહેનતથી પૈસા કમાય છે અને પત્ની તથા બાળકોને તેમની કોઈ કિંમત નથી? આવો ભાવ જ્યાં તેઓમાં થઈ રહ્યો છે, ત્યાં પત્ની રેખા તેનાં અલગ રૂમમાં તૈયાર થઈ રહી છે. આ ઉંમરે પણ તે કેટલી સુંદર દેખાય છે, તેની સુંદરતા પ્રત્યે તે નરેન્દ્ર મહેતાને મૂર્ખ, બુડથલ અને બોઘો ગણી રહી છે. બીજી બાજુ પુત્ર અનંગ તેની ગર્લફ્રેન્ડને ગીફ્ટ આપવા માટે મમ્મી- પપ્પા પાસે પૈસા કેવી રીતે માંગું, તેમ વિચારીને ચિંતિત છે, તે પપ્પા અને મમ્મી બંનેથી ડરે છે, જો તે પૈસા માંગશે તો તેણે આગળના પૈસાનો પણ હિસાબ આપવો પડશે. પુત્રી કલા પણ તેનાં રૂમમાં તેનાં બોયફ્રેન્ડ સાથેનાં સંબંધથી ચિંતિત છે, કે જો મમ્મીને ખબર પડશે તો તેને ફરીથી માર પડશે. મમ્મી દ્વારા એક વખત તો માર પડ્યો હતો. હવે શું કરવું? આમ, એક જ છત નીચે રહેતાં નરેન્દ્રને પત્ની અને બાળકોથી, પત્નીને પતિથી, બાળકોને મમ્મી - પપ્પાથી અસંતોષ દર્શાવતી આ સામાજિક વાર્તામાં, જ્યારે ડાઈનિંગ ટેબલ પર જમવા સમયે ચારેય જણ ભેગા થાય છે ત્યારે, તેમનો સૌનો મિજાજ સાવ બદલાઈ જાય છે. ડાઈનિંગ ટેબલ પર નરેન્દ્ર મહેતા અને બાળકો રેખાનાં સૌંદર્યનાં વખાણ કરે છે. રેખા, બાળકો અને નરેન્દ્રને પ્રેમથી જમાડે છે. નરેન્દ્રને તબિયતનું ધ્યાન રાખવા માટે જણાવે છે. ડાઈનિંગ ટેબલ પર એવું લાગે છે જાણે બધાંને એકબીજાની ખૂબ જ ચિંતા છે. પરંતુ જેવું જમવાનું પુરું કરી બધાં ઉભાં થાય છે, ત્યારે લેખક લખે છે, 'બધાં જમીને ઊઠ્યાં. નરેન્દ્ર હસતો હતો. રેખા, અનંગ, કલા, હસતાં હતાં. થોડું સાથે ચાલીને ચારે જણાં છૂટાં પડ્યાં. નરેન્દ્ર મહેતાએ એના રૂમમાં જઈને પાઈપ સળગાવી. બારી પાસે જઈને એ ઊભો રહ્યો. સમયની થોડી પળો પસાર થઈ. વધુ પળો પસાર થઈ. ધીમે, ધીમે, ધીમે એનો ચહેરો ગંભીર બની ગયો. રેખા, અનંગ, કલા, પોતપોતાના રૂમની દીવાલોના એકાંત વચ્ચે ચાલ્યાં ગયાં હતાં. ફરી દીવાલો વચ્ચે આવી ગઈ હતી.' સામાજિક સંબંધોને બારીકાઈથી નીરખીને સર્જન પામેલી આ વાર્તા માંકડ સાહેબની બારીક નજરનો પરિચય કરાવી જાય છે.

'તપ'

આણું વળાવીને હજુ હમણાં જ તો સાસરે આવેલી લાખુના પતિ મોહનને ધીંગાણું કરતાં જન્મટીપની સજા મળે છે. સત્તર વર્ષ સુધી પોતાનાં પતિની પ્રાપ્તિ માટે તપ કરતી લાખુનું ચરિત્ર-ચિત્રણ લેખકે ખૂબ બારીકાઈથી

(અનુસંધાન પેજ નં.6 પર)

## સંક્ષિપ્ત વાર્તા

સાપ્તાહિક ગુજરાત વંદન

# જીવતરનો નિચોડ: R.Y.P.

**આકાશ અને રુચિએ દાદાજીને પગે લાગીને એમના હાથમાં પેન અને ફોટોફ્રેમ મૂક્યાં ત્યારે ડૉક્ટર સાહેબ ભાવવિભોર થઇ ગયા...**

-આશા વીરેન્દ્ર, ('રણજિતસિંહ સહેગલ'ની 'અંગ્રેજી' વાર્તાને આધારે ....)

ડૉ. પ્રકાશસિંહ એટલે સૌને વહાલા દાદાજી. કુટુમ્બીજનો હોય કે મિત્રો, સગાં-સ્નેહી હોય કે એમના દર્દીઓ - દરેકને એમને માટે ભારોભાર સ્નેહ અને આદર. ડૉકટરસાહેબ આયુષ્યનાં 75 વર્ષ પૂરાં કરીને 76માં પ્રવેશવાના હતા. આખા પરિવારે મળીને આ પ્રસંગ યાદગાર બની રહે એ રીતે ઉજવવાનું નક્કી કર્યું હતું. પૌત્ર આકાશ અને એની પત્ની રુચિ, બેઉ ડૉક્ટરસાહેબ માટે જાણે ડાબી-જમણી આંખ. તેથી જ દાદાજી માટે કંઈક અનોખી ભેટ લાવવાની જવાબદારી એ બન્નેને સોંપાઈ હતી.

'ના, ના, શર્ટ-પેન્ટ નથી લેવાં. એ તો સાવ ઓર્ડીનરી લાગે. દાદાજી માટે કંઈક 'યુનિક' ગિફ્ટ લેવી જોઈએ.' રુચિએ કહ્યું.

'શાલ, શર્ટ-પેન્ટ બધી વસ્તુની ના પાડે છે તો લઈશું શું?' આકાશ અકળાયો હતો. અચાનક રુચિની નજર સામેની ગિફ્ટશૉપ તરફ ગઈ. દરેક ચીજ આકર્ષક રીતે સજાવીને મૂકેલી હતી. દુકાનદાર પણ હસમુખો અને ગ્રાહકની વાત તરત સમજી લે એવો હતો. એણે એક એકથી ચડિયાતી પેન બતાવવા માંડી. રુચિએ જોયું કે કઈ પેનથી વધુ સારું લખાય છે. એ જોવા માટે રફ પેપર પર લખતી વખતે આકાશ R.Y.P. એમ ત્રણ અક્ષરો જ દર વખતે લખતો હતો. અન્તે બન્નેએ 'ક્રોસ'ની એક પેન અને સુન્દર કોતરણીવાળી એક ફોટોફ્રેમ પસંદ કર્યાં.

'જુઓ સાહેબ, ફ્રેમમાં તમે કોઈનો ફોટો કે કશુંક લખાણ મૂકવા માગતા હો તો કહો. બે દિવસમાં તૈયાર કરી આપીશ.'

રુચિનું સૂચન હતું, 'દાદાજીનો ફોટો મુકાવીને નીચે '75'નો આંકડો લખાવીએ.'

'હા, પણ ફ્રેમમાં સૌથી ઉપર R.Y.P. અક્ષરો સોનેરી રંગમાં લખજો. અને હા, આ પેન પર પણ R.Y.P. લખી શકાય ને?' આકાશે દુકાનદારને પૂછ્યું.

'હા હા, ચોક્કસ લખી શકાય, સર! બન્ને વસ્તુ બે દિવસ પછી આપું તો ચાલશે?'

રસ્તામાં રુચિએ પૂછ્યું : 'આકાશ, આ R.Y.P. અક્ષરોનો અર્થ શો છે?'

આકાશે માથું ખંજવાળતાં કહ્યું : 'રુચિ, સાચું કહું તો એની પાછળનું રહસ્ય મને પણ ખબર નથી. દાદાજીએ એમનાં બધાં પુસ્તકોના પહેલા




પાને R.Y.P. લખ્યું છે. પપ્પા પણ કહેતા હતા કે, આ અક્ષરો પાછળનો ભેદ શો છે એ દાદાજીએ હજી સુધી કોઈને કહ્યું નથી.'

ડૉક્ટરસાહેબની વર્ષગાંઠની પાર્ટી બરાબર જામી હતી. આવનારા મહેમાનો ડૉક્ટરને મુબારકબાદી આપવામાં, એકમેકને મળવામાં અને વાતો કરવામાં મશગૂલ હતા ત્યારે મોકો જોઈને રુચિએ ધડાકો કર્યો : 'હવે દાદાજી આપણને એમના જીવન વિશે, એમના અનુભવો વિશે, થોડી પ્રેરણાદાયી વાતો તો કરશે જ; પણ સાથે સાથે R.Y.P. અક્ષરો સાથે એમનો શો સમ્બન્ધ છે એની વાત પણ કરશે.'

પ્રકાશસિંહના પ્રભાવશાળી ચહેરા પર એક ભરપૂર અને અર્થસભર જિન્દગી જીવ્યાનો સંતોષ છલકાતો હતો. કંઈક સંકોચ સાથે એમણે શરૂઆત કરી : 'આજે જિન્દગીમાં હું જે મુકામ પર પહોંચ્યો છું એનું મોટા ભાગનું શ્રેય આ R.Y.P. અક્ષરોને આપી શકું. જો કે, આ વિશે કાંઈ કહેતાં પહેલાં મારે 1948ની સાલના યાતનાભર્યા અને લોહિયાળ દિવસોમાંથી પસાર થવું પડશે, જ્યારે ચારે બાજુ મારો, કાપો અને આ હિન્દુ, આ મુસ્લિમ એવા આગ ઝરતા શબ્દો સંભળાતા હતા. ભાગલાના એ કપરા સમયમાં પાકિસ્તાનના પંજાબમાં ઘર-બાર, માલ-મિલકત સઘળું ય છોડીને અમારો પરિવાર ચાલી નીકળ્યો હતો. ભાગીને હિંદુસ્તાન આવ્યા પછી, નિરાશ્રીતોની છાવણીમાં કાઢેલા દિવસો ખૂબ કપરા હતા; પણ ફક્ત ને ફક્ત મારા પિતાજીની હિમ્મત અને ધીરજને સહારે જ અમે ટકી ગયા. આ પ્રસંગે હું એમને યાદ કરીને નમન કરું છું.' દાદાજીનું ગળું રુંધાઈ ગયું. રુચિ દોડીને પાણીનો ગ્લાસ લઈ આવી.

'જેમ તેમ કરતાં અમે નવા વાતાવરણમાં ગોઠવાયા તો ખરાં; પણ હું બરાબર સમજતો હતો કે, પિતાજી પર અસહ્ય બોજો આવી પડ્યો છે. ત્રણ ત્રણ સંતાનોને ભણાવવાં-ગણાવવાં અને હમ્મેશાં બીમાર રહેતી પત્નીની કાળજી રાખવી એ તો ખરું જ; ઉપરાંત તદ્દન અજાણી જગ્યામાં નવેસરથી જિન્દગી શરૂ કરવી. તો ય હમ્મેશાં હસતાં હસતાં માને કહેતા, આજે ભલે મુસીબત વેઠવી પડે; પણ કાલે આપણા છોકરાઓ હીરાની માફક ઝળકી ઊઠશે.

'મને અમૃતસરની મેડિકલ કૉલેજમાં એડમિશન મળ્યું. મેં રાત-દિવસ જોયા વિના સખત મહેનત કરવા માંડી. મિત્રો હૉટેલમાં જમવા કે આઈસ્ક્રીમ ખાવા બહાર જતા હોય કે સિનેમાની મજા માણવાના હોય, હું સતત મારા મનને સમજાવતો કે, 'તને આ બધું ન પોષાય' - 'રિમેમ્બર યુ આર પુઅર - R.Y.P.' મેસનું બેસ્વાદ ભોજન ખાઈ ખાઈને કંટાળેલા અને થાકેલા મનને હું કાગળ પર R.Y.P. લખી લખીને સમજાવતો. હું વિચારતો કે, પિતાના અથાક પરિશ્રમથી કમાયેલી એક પાઈ પણ વ્યર્થ ખર્ચવાનો

(અનુસંધાન પેજ નં.6 પર)


Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# હોળી કેમ ઊજવાય છે? પ્રહલાદની યાદમાં કે કામદેવની યાદમાં?

ગુજરાત | વંદન

ભારતમાં મનાવવામાં આવતા સૌથી શાનદાર તહેવારોમાં હોળીનો સમાવશ થાય છે. રંગો અને મસ્તીનો આ તહેવાર આમ તો વિશ્વભરમાં અનેક રૂપરંગમાં મનાવાય છે. પરંતુ હિંદુઓ માટે હોળીનું પૌરાણિક મહત્ત્વ પણ છે.

હોળીને લઈને ભારતમાં અનેક દંતકથાઓ પ્રચલિત છે. પ્રદેશ અને વિવિધ વિસ્તાર મુજબ અલગ અલગ કથાઓ છે. તેમાંથી ચાર પ્રમુખ કથાઓ અમે તમારી સમક્ષ રજૂ કરી રહ્યા છીએ.



## શ્રીકૃષ્ણ અને પૂતનાની કથા



વધુ એક પૌરાણિક કથાના અનુસાર જ્યારે કંસને શ્રીકૃષ્ણના ગોકુળમાં હોવાની જાણકારી મળી તો તેમણે પૂતના નામક રાક્ષસીને ગોકુળમાં જન્મ લેનારા દરેક બાળકને મારી નાખવા માટે મોકલ્યાં હતાં. પૂતના સુંદર રૂપ ધારણ કરી શકતાં હતાં અને મહિલાઓ સાથે સારી રીતે વાતચીત કરી શકતાં હતાં.ગોકુળનાં ઘણાં બાળકો તેમનો શિકાર બની ગયા હતા પરંતુ કૃષ્ણ તેમની સત્યતા જાણી ગયા હતા. તેમણે દુગ્ધાપન કરતા સમયે જ પૂતનાનો વધ કર્યો હતો. કહેવામાં આવે છે કે ત્યારથી જ હોળીનું પર્વ મનાવવાની શરૂઆત થઈ છે.

## રાધા અને કૃષ્ણની કથા



હોળીના તહેવારનો સંબંધ રાધા અને કૃષ્ણની પ્રેમકથા સાથે પણ છે. વસંતમાં એકબીજા પર રંગ નાંખવાની તેમની લીલાનો એક અંગ મનાયો છે. ત્યારબાદ આ પરંપરા બની ગઈ અને કદાચ એ જ કારણ છે કે મથુરામાં ફૂલોથી પણ હોળી રમવામાં આવે છે.


## પ્રહલાદ અને હિરણ્યકશ્યપની



હોળીની માન્યતા પાછળ સૌથી પ્રચલિત કથા છે પ્રહલાદ અને હિરણ્યકશ્યપની.કહેવામાં આવે છે કે એક સમયે શક્તિશાળી રાક્ષસ રાજા હિરણ્યકશ્યપહતા કે જેઓ પોતાને ઇશ્વર માનતા હતા અને ઇચ્છતા હતા કે લોકોની તેમની પૂજા કરે. પરંતુ તેમના જ દીકરા પ્રહલાદે તેમને ભગવાન માનવાની ના પાડી દીધી હતી અને તેઓ ભગવાન વિષ્ણુની પૂજા કરવા લાગ્યા હતા. ઘણી વખત સમજાવ્યા બાદ પણ જ્યારે પ્રહલાદ ન સમજ્યા તો હિરણ્યકશ્યપએ પ્રહલાદને મારી નાખવાની એક યુક્તિ વિચારી. તેમણે પોતાનાં બહેન હોલિકાને કહ્યું કે તેઓ પ્રહલાદને ખોળામાં બેસાડીને આગમાં પ્રવેશ કરી લે, કેમ કે હોલિકાને વરદાન પ્રાપ્ત હતું કે આગ તેમને સળગાવી શકશે નહીં. કહેવામાં આવે છે કે પ્રહલાદને તેમની અસીમ ભક્તિનું ફળ મળ્યું અને હોલિકાએ પોતાની કુટિલતાની કિંમત ચૂકવવી પડી. તેનો મતલબ છે આગમાં હોલિકા સળગી ગયાં, અને પ્રહલાદ બચી ગયા.

## શિવ- પાર્વતીની કથા

એક કથા શિવ- પાર્વતીની પણ છે. પાર્વતી શિવ સાથે લગ્ન કરવા માગતાં હતાં પરંતુ તપસ્યામાં લીન શિવનું ધ્યાન તેમની તરફ ગયું ન હતું. તેવામાં પ્રેમના દેવતા કામદેવ આગળ આવ્યા અને તેમણે શિવ પર પુષ્પબાણ ચલાવી દીધું. પરંતુ તપસ્યા ભંગ થવાથી શિવને એટલો ગુસ્સો આવ્યો કે તેમણે પોતાની ત્રીજી આંખ ખોલી દીધી હતી અને તેમના ક્રોધની અગ્નિમાં કામદેવ ભસ્મ થઈ ગયા હતા.ત્યારબાદ શિવજીએ પાર્વતીને જોયા. ત્યારબાદ થોડી અસર



કામદેવના બાણની થઈ અને થોડી અસર પાર્વતીની આરાધનાની થઈ કે શિવે તેમને પત્ની સ્વરૂપે સ્વીકાર કરી લીધાં હતાં.

કેટલાક લોકો કહે છે કે હોળીની આગમાં વાસનાત્મક આકર્ષણને પ્રતીકાત્મક રૂપે સળગાવીને સાચા પ્રેમના વિજયનો ઉત્સવ મનાવવામાં આવે છે. પરંતુ કેટલાક લોકો આ કથાનો વધારે વિસ્તાર કરે છે. તેના અનુસાર કામદેવ ભસ્મ થઈ ગયા ત્યારે તેમના પત્ની રતિ રડવા લાગ્યાં અને શિવ પાસે કામદેવને ફરી જીવીત કરવા આહ્વાન કર્યું હતું. આગામી દિવસ સુધી શિવનો ક્રોધ શાંત થઈ ગયો હતો અને તેમણે કામદેવને પુનર્જીવિત કરી દીધા હતા. તો કામદેવ ભસ્મ થયા તે દિવસની યાદમાં પણ હોળી સળગાવવામાં આવે છે અને તેમના જીવિત થવાની ખુશીમાં રંગોનો તહેવાર મનાવવામાં આવે છે.



# સાપ્તાહિક રાશિફળ



પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ): રોજબરોજની દિનચર્યા સિવાય કેટલીક નવી પ્રવૃત્તિઓમાં વ્યસ્તતા રહેશે, જેના કારણે રાહત રહેશે, સમસ્યાનો ઉકેલ આવતાં ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે. કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેવાનું ટાળો, અંગત બાબતો લોકો સાથે શેર ન કરો. તમે કોઈ મૂંઝવણમાં ખરાબ રીતે ફસાઈ શકો છો.

**વૃષભ** (બ.વ.ઉ): આવનાર અઠવાડિયું કોઈ ખાસ વ્યક્તિ કે મિત્રને મળવાથી પ્રફુલ્લિત રહેશો. મિત્રો સાથે મનોરંજક કાર્યક્રમ બનશે, જો મુખ્ય કામ અટવાયું હોય તો તેને લગતા ઉકેલ મળી શકે છે. સમય અનુસાર પોતાનામાં બદલાવ લાવો, તમારા સ્વભાવ પર નિયંત્રણ રાખો.

**મિથુન** (ક.છ.ઘ): નાણાં સંબંધિત કાર્યો સમયસર પૂર્ણ થશે, સમસ્યાનું સમાધાન થતાં તમને રાહત મળશે. અને ધાર્મિક સ્થળે માનસિક શાંતિ મળશે અને તમે ફરીથી તાજગી અનુભવશો. તમારું ધ્યાન કેટલાક ખોટા કાર્યો તરફ વાળવામાં આવી શકે છે જેના કારણે સમાજમાં બદનામી થવાની સંભાવના છે.

**કર્ક** (ડ.હ): આગામી સપ્તાહ મિશ્ર પરિણામ આપનારો છે, તમે તમારી ક્ષમતા અને બુદ્ધિમત્તાથી સફળ થશો. કેટલીક મૂંઝવણો અને સમસ્યાઓ તમને પરેશાન કરશે, અન્ય વ્યક્તિ પાસેથી કંઈપણ અપેક્ષા ન રાખવી તે વધુ સારું છે. આ સમયે તમે જે પણ કામ ધંધામાં હાથ લગાવો છો, તેનાથી તમને ફાયદો થશે.

**સિંહ** (મ.ટ): જો તમે રિયલ એસ્ટેટ સંબંધિત કોઈ નિર્ણય લેવા જઈ રહ્યા છો, તો તેના પર ગંભીરતાથી વિચાર કરો. તમને ચોક્કસ સફળતા મળશે. સંપર્ક સ્ત્રોતો દ્વારા સારા સમાચાર મળશે. બીજાની વાત પર વિશ્વાસ કરવાને બદલે પોતાના અંતરાત્માના નિર્ણયને પ્રાધાન્ય આપો.

**કન્યા** (પ.ઠ.ણ): લાંબા સમય પછી કોઈ પ્રિય મિત્ર સાથે વાત કરવાથી ખુશી મળશે, તમારી દિનચર્યામાંથી થોડો સમય કાઢો અને સેવા સંસ્થામાં જોડાઓ. ભાવુક થઈને ઉતાવળમાં કોઈ નિર્ણય ન લો. અને કોઈપણ વાદ-વિવાદની સ્થિતિથી દૂર રહો. ટેકનિકલ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને કોઈ વિશેષ સિદ્ધિ મળવાની છે.

**તુલા** (ર.ત): સંજોગો તમારા માટે કેટલાક અણધાર્યા લાભ પેદા કરી રહ્યા છે. જો કોઈ કોર્ટ કેસ સંબંધિત મામલો ચાલી રહ્યો છે, તો તેનો નિર્ણય તમારા પક્ષમાં આવી શકે છે. તમારા બિનજરૂરી ખર્ચાઓ પર રોક લગાવો. આવકની સરખામણીમાં ખર્ચ વધી શકે છે. કોઈપણ યોજના કોઈની સાથે શેર ન કરો.

**વૃશ્ચિક** (ન.ય): ગ્રહોની સ્થિતિ સકારાત્મક રહે છે. તમે તમારામાં કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરી શકો છો, વિદ્યાર્થીઓ તેમની પરીક્ષા પ્રત્યે ગંભીર રહેશે. યુવાનોને કરિયર સંબંધિત સાનુકૂળ પરિણામ ન મળવાની ચિંતા રહેશે, ઘરમાં સુધારણા કરતા પહેલા તમારા બજેટનું ધ્યાન રાખો.

**ધન** (ભ.ધ.ફ): કેટલાક સમયથી ચાલી રહેલી સમસ્યાનું નિરાકરણ આવતા તણાવમુક્ત અનુભવશો. અને તમારી વર્તમાન પ્રવૃત્તિઓ પર ધ્યાન આપી શકશો. તમારા સ્વભાવમાં વધુ પડતા આત્મવિશ્વાસ અને અહંકાર અને સરળતાની સ્થિતિને ટાળો, અત્યારે વેપારમાં વધુ લાભની આશા ન રાખો.

**મકર** (ખ.જ): અનુભવી અને ખાસ લોકોનો સાથ મળશે અને ઘણા ખાસ વિષયો પર વાતચીત થશે, સમાજ સંબંધિત કાર્યોમાં તમારું વિશેષ યોગદાન રહેશે. મનમાં થોડી ઉત્તેજના જેવી સ્થિતિ રહેશે. પરંતુ ચિંતા કરશો નહીં ટૂંક સમયમાં તમે તેમના પર વિજય મેળવશો.

**કુંભ** (ગ.સ.શ.ષ): અનુભવી અને પ્રભાવશાળી લોકો સાથે સંપર્ક થશે અને નવી માહિતી મળશે, કોઈ ધાર્મિક સ્થળ પર જવાનો કાર્યક્રમ બની શકે છે. બિનજરૂરી ખર્ચમાં વધારો તમને પરેશાન કરશે. તેમજ કેટલાક આધ્યાત્મિક અથવા ધાર્મિક સ્થળોને સમય વિતાવો. પરીક્ષામાં સાનુકૂળ પરિણામ પ્રાપ્ત થશે.

**મીન** (દ.ચ.ઝ): ઉધાર કે ક્યાંક અટવાયેલા પૈસા પાછા લેવાથી તમને રાહત મળશે. ઘરે વિશેષ મહેમાનોના આગમનને કારણે વ્યસ્ત દિનચર્યા રહેશે, મનોરંજન પ્રવાસનું આયોજન થઈ શકે છે. બીજાની અંગત બાબતોમાં દખલ ન કરો, ખર્ચની અધિકતા રહેશે, ઘરને વ્યવસ્થિત રાખવામાં તમારો સહકાર જરૂરી છે. અંગત કારણોસર, તમે વ્યવસાય સંબંધિત પ્રવૃત્તિઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશો.

### અમદાવાદમાં પોલીસનો નિર્ભયા પ્રોજેક્ટ

# હવે એક જ ક્લિકમાં જ રિક્ષા-ટેક્સી ડ્રાઈવરની તમામ ડિટેઈલ મળશે

ગુજરાત | વંદન

શહેરમાં મહિલા સુરક્ષાને ધ્યાનમાં રાખી નિર્ભયા પ્રોજેક્ટ હેઠળ પોલીસ રિક્ષાચાલકો અને ટેક્સી ડ્રાઈવરને QR કોડ સાથે એટેચ કરાશે. આ QR કોડ સ્કેન કરવાથી રિક્ષા કે ટેક્સી ડ્રાઈવરની તમામ ડિટેઈલ મોબાઈલમાં મળી જશે.

અમદવાદ શહેરમાં દિવસેને દિવસે ક્રાઈમ વધી રહ્યો છે. શહેરમાં મહિલા માટે એકલા નિકળવુ જોખમી થઈ રહ્યુ છે ત્યારે હવે અમદાવાદ પોલીસે નિર્ભયા પ્રોજેક્ટ હેઠળ મહિલાઓની ખાસ સુરક્ષાઓને ધ્યાનમાં રાખી



રિક્ષાચાલકો અને ટેક્સી ડ્રાઈવરને QR કોડ સાથે એટેચ કરાશે. આ QR કોડ સ્કેન કરવાથી રિક્ષાચાલક કે ટેક્સી ડ્રાઈવરની તમામ ડિટેઈલ તમારા મોબાઈલમાં મળી જશે. આ માટે હાલ પોલીસ રિક્ષા અને ટેક્સી ડ્રાઈવરોની તમામ વિગતો ભેગી કરીને એક ફોર્મ તૈયાર કરી રહી છે. શહેરમાં અલગ-અલગ વિસ્તારમાં

CCTV કેમેરા લગાવાશે

શહેરમાં વધતા જતા ક્રાઈમને ધ્યાનમાં રાખીને પોલીસ કેટલાક વિસ્તારોમાં હાઈટેક CCTV લગાવશે. શહેરમાં ઘણા વિસ્તાર એવા છે જ્યા છાસવારે ક્રાઈમની ઘટના બનતી હોય છે ત્યા આ પ્રોજેક્ટ હેઠળ CCTV લગાવવામાં આવશે. શહેરમાં 35 ક્રાઈમના હોટ વિસ્તાર છે જ્યા અંદાજે 667 CCTV લગાવાશે. આ ઉપરાંત 250 કેમેરા સાબરમતી રિવરફ્રન્ટ, 150 CCTV શહેરના સિટી બસ સ્ટોપ પર લગાવવામાં આવશે. પોલીસ ક્રાઈમ હોટસ્પોટના સ્થળે 90 કેમેરે લગાવશે.

# શહેરમાંડબલ સિઝનને લીધે માંદગીના કેસો વધ્યા

## વાઈરલ ઈન્ફેક્શનના 1391 કેસ, ત્રણ વર્ષના સૌથી વધુ

ગુજરાત | વંદન

શહેરમાં છેલ્લાં 20 દિવસથી ડબલ સિઝનને લીધે વાઈરલ ઈન્ફેક્શનના કેસમાં નોંધપાત્ર વધારો થયો છે. ફેબ્રુઆરીના છેલ્લા ત્રણ દિવસમાં સોલા સિવિલની ઓપીડી 1300થી વધીને 1900એ પહોંચી છે, જયારે છેલ્લાં 3 વર્ષમાં એકજ અઠવાડિયામાં વાઈરલ ઈન્ફેક્શનના સૌથી વધુ 1391 કેસ નોંધાયા છે.

હોસ્પિટલના ડો. પ્રદીપ પટેલ જણાવે છે કે, છેલ્લા દોઢ મહિનાથી દર અઠવાડિયે નોંધાતા વાઈરલ ઈન્ફેક્શનના કેસ વધ્યાં છે, તેમાંય ખાસ કરીને 20 દિવસથી વાઈરલ ઈન્ફેક્શનના કેસ 1100 સુધી




પહોંચ્યાં હતા. પરંતુ, ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં વાઈરલ ઈન્ફેક્શનના કેસ વધીને 1391એ પહોંચ્યાં છે. જે છેલ્લાં 3 વર્ષમાં અઠવાડિયે નોંધાતા સૌથી વધુ કેસ છે. વાઈરલ ઈન્ફેક્શનના કેસ વધતાની સાથે હોસ્પિટલની ઓપીડી 1100થી વધીને 1300 સુધી પહોંચી હતી. સિવિલ હોસ્પિટલમાં પણ વાઈરલ ઈન્ફેક્શનના કેસમાં વધારો થયો છે.

# પોપ્યુલર બિલ્ડરના બે ભત્રીજાઓએ અમદાવાદના બિલ્ડરને 5.11 કરોડનો ચૂનો લગાવ્યો

ગુજરાત | વંદન

પોપ્યુલર બિલ્ડર રમણ પટેલના બે સગાભાઈના પુત્રોએ ઈસ્કોન ગ્રુપ સાથે 5 કરોડ રૂપિયાની ઠગાઈ કરી હોવાની બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. જેમાં વિક્રમ અને ક્રિનેશે ગોધાવીની જમીન વેચવા માટે 11 લાખનું ટોકન લીધા બાદ સાસુના કેન્સરની સારવાર માટે 5 કરોડ રોકડની જરૂર હોવાનું જણાવી જયેશભાઈ પાસેથી રૂપિયા લઈ લીધા. ત્યારબાદ અનેકવાર રજૂઆત કરવા છતાંય જમીનના દસ્તાવેજ ન કરી આપ્યા અને 5.11 કરોડ રૂપિયા પણ પરત ન કરતા જયેશભાઈએ ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે વિક્રમ પટેલની ધરપકડ કરી છે.

બોડકદેવમાં રહેતા અને ઈસ્કોન ગ્રુપના જયેશ કોટકે બોડકદેવ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે, તેઓ વર્ષોથી જમીન વ્યવસાય સાથે સંકળાયેલા છે અને જમીન માલિક તથા જમીન દલાલો સાથે જ જમીનનો લે-વેચનો વ્યવસાય કરે છે. જૂન 2020માં વિક્રમ છગનભાઈ પટેલ તથા તેમના ભાઈ ક્રિનેશ નટુભાઈ પટેલ કે જેઓ પોપ્યુલર નામની પેઢી ધરાવે છે. તેઓ જયેશભાઈને મળ્યા અને જણાવ્યું કે, અમારે અમારી માલિકીની ગોધાવીમાં આવેલી સરવે નંબર 975/1, 975/2, 976/1 ટીપી સ્કીમ નંબર 429 અને એમપી નંબર 204 વાળી જમીન જે આશરે 22 હજાર વાર જેટલી છે તે વેચાણ કરવી છે કહીને જગ્યાના તમામ ઝેરોક્ષ પેપરની નકલ આપીને ગયા હતા.

## વોટર ગન બાદ હવે ગુલાલ ગન....!



બદલાતી જતી ટેક્નોલોજીની સાથે પિચકારીમાં પાણી ભરીને હોળી-ધુલેટી રમવામાં આવે છે. તેમા હવે પિચકારીમાં ગુલાલ ભરીને એક બીજા પર ઉડાડવા માટે બજારમાં ગુલાલ ગન જોવા મળી રહી છે. અલબત તેના ઉપયોગમાં સાવધાની રાખવી પડે કે, ગુલાલ ગનમાંથી નિકળતો ગુલાલ કોઈને હાનિ ન પહોંચાડે. હોલી હૈ... ભાઈ હોલી હૈ.. બુરા ન માનો હોલી હૈ... તસ્વીરઃ મૌર્ય ભાગ્યવાન

# અમદાવાદનો ડબલ ડેકર બ્રિજ બન્યો સ્યુસાઈડ પોઈન્ટ! એક મહીનામાં ચાર લોકોએ કૂદીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો

ગુજરાત | વંદન

શહેરમાં ફરી એક વખત ઓવરબ્રિજ પરથી મોતની છલાંગ લગાવવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. શહેરના CTM બ્રિજ પરથી વધુ એક મહિલાએ ઝંપલાવ્યું હોવાનું સામે આવ્યું છે. ઓવરબ્રિજ પરથી પડતું મૂકવાની ઘટના વધી રહી છે, ત્યારે ડબલ ડેકર બ્રિજ પરથી આધેડ મહિલાએ ઝંપલાવ્યું છે. છેલ્લા એક મહિનામાં બ્રિજથી ઝંપલાવવાની ચોથી ઘટના બની છે. અજાણી મહિલાએ મોતની છલાંગ લગાવતાં આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને મહિલાને મહિલાને 108ની મદદથી હોસ્પિટલ સારવાર



માટે ખસેડાઈ હતી.જયાં ઉપચાર મળતા પહેલાજા તેનું મૃત્યુ થયુ હતુ.લગભગ પંદરેક દિવસ અગાઉ અમદાવાદમાં સીટીએમ બ્રિજ પરથી 12 વર્ષનાં બાળકે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. સદનસીબે આસપાસના લોકોએ તેને બચાવી લીધો હતો. સ્થાનિક પોલીસે પણ ઘટના સ્થળે પહોંચીને બાળકને સમજાવ્યો હતો. આ બાળક કેમ આપઘાત કરવા માંગતો હતો તેનું કારણ સામે આવ્યું નથી. આપને જણાવીએ કે, થોડા દિવસ પહેલા પણ એક યુવતીએ આ જ બ્રિજ પરથી પડતું મૂક્યું હતું. થોડા દિવસ પહેલા બપોરના 2:45 વાગ્યાની આસપાસ 108 એમ્બ્યુલન્સને જાણ થઈ હતી કે, કોઈ યુવતીએ સીટીએમ ઓવરબ્રિજ પરથી નીચે કૂદકો માર્યો છે અને આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. જેથી 108ની ટીમ તાત્કાલિક બનાવના સ્થળે પહોંચી હતી. ત્યારે યુવતીના માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી.

# IPS અધિકારીની છોકરી પર હુમલો કરવા બદલ આરોપીને 10 વર્ષની સજા ફટકારાઇ

ગુજરાત | વંદન

સમર્પણ ફ્લેટમાં આઈપીએસ અધિકારી શમશેર સિંહના ઘરમાં ઘરકામ કરતા એક 25 વર્ષીય સોનુ પટેલને એ જ બિલ્ડિંગમાં રહેતા અન્ય એક આઈપીએસ અધિકારીની સગીર છોકરી સાથે મારપીટ કરવાના આરોપસર 10 વર્ષની સજા ફટકારવામાં આવી છે. જો કે, આ ઘટના ગઈ 27 નવેમ્બર, 2016ના રોજ હાઉસિંગ કોલોનીમાં બની હતી. જ્યાં લગભગ 20 આઈપીએસ અધિકારી અને અન્ય બ્યુરોકેટ્સ તથા જજો રહે છે. આરોપી સોનુ પટેલ કે જે મૂળ છત્તીસગઢનો રહેવાસી છે અને તેના પર નિવૃત્ત થયેલા આઈપીએસ અધિકારીના ઘરમાં ઘુસવાનો આરોપ હતો.




## શબ્દોની સંતાકૂકડી 51 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | ■ | 3 | 4 | 5 | 6 |
| ■ | 7 | 8 | ■ | 9 | | |
| 10 | ■ | 11 | 12 | ■ | 13 | |
| 14 | 15 | ■ | 16 | 17 | ■ | |
| 18 | | 19 | ■ | 20 | 21 | ■ |
| ■ | 22 | | 23 | ■ | 24 | 25 |
| 26 | ■ | 27 | | | ■ | |

### ઊભી ચાવી

(2) પ્રકાર, આસપાસ [2]
(4) ----- કરે એ રાજા [2]
(5) ખુલ્લું થવું તે, પહોળી તરડ [3]
(6) જરાક, થોડુંક [4]
(8) ખારાશવાળું તત્ત્વ, ટંકણખાર [2]
(10) બળ, શક્તિ [3]
(12) સોગંદ, સમાન, સરખું [2]
(15) વાપરવું તે, વ્યય [3]
(17) તલ, શરીર ઉપર થતો નાનો ડાઘ કે ટપકું [2]
(19) સુંદર, સારું, આકર્ષક [3]
(21) માફી, ખમી ખાવાની વૃત્તિ [2]
(23) તપાસ, શોધ [2]
(25) પુરુષ, આદમી [2]

### આડી ચાવી

(1) સૌંદર્ય, શોભા, કાંતિ [2]
(3) જોરવાળું, તાકાતવાળું, બળવાન [4]
(7) ત્રણ પૈડાંની એક નાની મોટરગાડી [2]
(9) જેના ઉપર નાકાવેરો લાગે તેવું [3]
(11) પ્રવાહી, દ્રાવણ, મઝા, આનંદ [2]
(13) સમૂહ, લોકોનો જથ્થો, મેળાવડો [2]
(14) બગલ [2]
(16) બુદ્ધિ, અક્કલ, હોશિયારી [2]
(18) તૃષા, તીવ્ર ઈચ્છા, તલસ [3]
(20) હેતુ, ઉદ્દેશ [2]
(22) સૂતર કાંતવાનું યંત્ર, રેંટિયો [3]
(24) આબરૂ, પ્રતિષ્ઠા [2]
(26) એક રમત, પહાડનું કોતર [1]
(27) મજબૂત, દૃઢ, અકડાયેલું [3]

શબ્દોની સંતાકૂકડી-51 નો ઉકેલ આવતા અંકે

### શબ્દોની સંતાકૂકડી-50નો ઉકેલ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 ક | 2 લા | ■ | 3 ચા | 4 ડી | ■ | 5 હું |
| ■ | 6 ડ | 7 ગ | ■ | 8 લ | 9 ટ | ■ |
| 10 વા | ■ | 11 ત | 12 ક | ■ | 13 ફ | 14 ટ |
| 15 સ | 16 વા | ■ | 17 દ | 18 શા | ■ | સ |
| ■ | 19 રો | 20 લ | ■ | 21 ન | 22 દી | ■ |
| 23 હ | ■ | 24 ક્ષ | 25 મા | ■ | 26 વો | 27 ર |
| 28 વા | લ | ■ | 29 ફી | ણ | ■ | દ |

## કોયડો નં. 53 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | 5 | 4 | | 2 | | 6 | |
| 4 | 9 | | 7 | 6 | | 1 | | 8 |
| 6 | | | 1 | | 3 | 2 | | |
| | | 3 | 9 | | | 5 | 8 | |
| | 6 | | | 5 | 8 | 7 | | 3 |
| | 8 | 1 | | | 4 | | | 2 |
| | 5 | | 6 | | 1 | 4 | | |
| 2 | | | 5 | 4 | 9 | | 7 | |
| 1 | 4 | 9 | | | 7 | 3 | | 6 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

### સુડોકુ-53નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 1 | 5 | 4 | 8 | 2 | 9 | 6 | 7 |
| 4 | 9 | 2 | 7 | 6 | 5 | 1 | 3 | 8 |
| 6 | 7 | 8 | 1 | 9 | 3 | 2 | 4 | 5 |
| 7 | 2 | 3 | 9 | 1 | 6 | 5 | 8 | 4 |
| 9 | 6 | 4 | 2 | 5 | 8 | 7 | 1 | 3 |
| 5 | 8 | 1 | 3 | 7 | 4 | 6 | 9 | 2 |
| 8 | 5 | 7 | 6 | 3 | 1 | 4 | 2 | 9 |
| 2 | 3 | 6 | 5 | 4 | 0 | 8 | 7 | 1 |
| 1 | 4 | 9 | 8 | 2 | 7 | 3 | 5 | 6 |

# સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત




### વાલીઓ માટે લાલબતી સમાન કિસ્સો!

## સુરતમાં 5 વર્ષીય બાળકી રમતા રમતા વીંટી ગળી ગઈ, ભારે જહેમત બાદ વીંટી બહાર કઢાઈ

ગુજરાત | વંદન

સુરતમાં વાલીઓ માટે એક લાલબતી સામન કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક પાંચ વર્ષીય બાળકી રમતા રમતા વીંટી ગળી ગઇ હતી. દીકરી વીંટી ગળી જતા પરિવાર ચિંતામાં મુકાઈ ગયો હતો. બીજી તરફ બાળકીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જેમાં તપાસ કરતા વીંટી અન્નનળીમાં ફસાઈ હોવાનું બહાર આવ્યું હતું. બીજી તરફ તબીબોએ દૂરબીનથી મદદથી વીંટી બહાર કાઢી હતી.

ઘણી વખત વાલીઓ પોતાના સંતાનોને રમતા મૂકી પોતે કામમાં વ્યસ્ત થઇ જતા હોય છે ત્યારે આવા વાલીઓ માટે સુરતમાં એક



લાલબતી સમાન કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક 5 વર્ષીય બાળકી રમતા રમતા વીંટી ગળી ગઇ હતી જેને લઈને પરિવાર દોડતો થઇ ગયો હતો.

મળતી માહિતી મુજબ મૂળ ઓરિસ્સાના વતની અને હાલ પાંડેસરા વિસ્તારમાં રહેતા બલરામ મહંતોની 5 વર્ષીય પુત્રી મનસ્વી મંગળવારે ઘરે રમી રમી હતી આ દરમિયાન દીકરી રમતા રમતા પોતાના જમણા હાથની આંગળીમાં પહેરેલી તાંબાની વીંટી મોઢામાં નાંખી હતી. અચાનક બાળકીથી વીંટી ગળાઈ જતા ગળામાં દુઃખાવો શરૂ થયો હતો. બીજી તરફ બાળકી વીંટી ગળી ગઇ હોવાની જાણ પરિવારજનોને બાળકીને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા.

સિવિલ હોસ્પિટલના ઈએનટી વિભાગમાં તબીબોએ એક્સ રે સહિતની જરૂરી તપાસ કરતા વીંટી અન્નનળીમાં ફસાયેલી હોવાનું દેખાયું હતું, ત્યારબાદ તબીબોએ એક કલાક દૂરબીનની મદદથી અન્નનળીમાં ફસાયેલી વીંટી બહાર કાઢવામાં આવી હતી. વીંટી નીકળી જતા પરિવારે રાહતનો દમ લીધો હતો જયારે બાળકી હાલ ઈએનટી વિભાગમાં સારવાર હેઠળ છે.

તબીબોએ જણાવ્યું હતું કે વીંટી જો સમયસર કાઢવામાં નહી આવે તો બાળકીને કોમ્પ્લીકેશન થવાની ભીતિ હતી. જેથી તબીબોએ એક કલાક ઓપરેશન હાથ ધર્યું હતું અને આખરે એક કલાકની મહેનત બાદ દૂરબીનની મદદથી બાળકીના અન્નનળીમાં ફસાયેલી વીંટી બહાર કાઢવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં પણ બાળકો રમતા રમતા રૂપિયાના સિક્કા જેવી વસ્તુઓ ગળી જવાની ઘટનાઓ સામે આવી ચુકી છે, ત્યારે વધુ એક ઘટના સામે આવી હતી જેમાં એક બાળકી વીંટી ગળી ગઇ હતી. ત્યારે સતત પ્રકાશમાં આવતી આ પ્રકારની ઘટનાઓ વાલીઓ માટે લાલબતી સમાન છે.

## રાજુલામાં નિર્માણાધિન બ્રિજ ધરાશાયી થતા ઉઠયા અનેક સવાલો



ગુજરાત | વંદન

અમરેલીના રાજુલામાં હાલમાં જ નિર્માણાધિન બ્રિજ ધરાશાયી થયો હતો. રાજુલા તાલુકાના દાતરડી ગામ નજીક ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે પુલ ધારશયી થતા અનેક સવાલો ઉઠ્યા છે. બ્રિજ ધરાશાયી થતા રાજકારણ ગરમાયું છે. નેશનલ હાઈવે શરૂ થાય તે પહેલા જ બ્રિજ ધરાશયી થયો છે. ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે અને ઘોર બેદરકારી સામે આવી છે. બ્રિજની કામગીરીની લઈને અનેક સવાલો ઉઠ્યા છે. રાજુલા હાઈવે પર આ દુર્ઘટના બની છે.

### પાંચ દિવસીય ડાંગ દરબારના ભાતીગળ લોકમેળાનો પ્રારંભ

## પ્રાકૃતિક ડાંગ અભિયાનને સફળ બનાવી દેશ માટે પ્રેરણારૂપ બનીએ : આચાર્ય દેવવ્રતજી

» ડાંગના પ્રજાજનોને વિકાસની મુખ્ય ધારામાં જોડવા માટે સૌને સહયોગી બનવાની કરી અપીલ

ગુજરાત | વંદન

અંગ્રેજોની આધિનતા નહીં સ્વિકારનારા ડાંગના રાજવીઓની શૌર્યગાથાનો ઉલ્લેખ કરીને, રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ ડાંગ દરબારના ઐતિહાસિક મહોત્સવમાં પધારેલા દેશ-વિદેશના મહાનુભાવોનું સ્વાગત કર્યુ હતું. ડાંગ દરબારના ઐતિહાસિક કાર્યક્રમનું ઉદ્ઘાટન કરતાં રાજ્યપાલએ આદિવાસી સમાજની જીવનશૈલી, તેમનો પ્રકૃત્તિપ્રેમ, કલા વારસો વિગેરેને જાણવાનો અને માણવાનો




અણમોલ અવસર પુરો પાડતા ડાંગ દરબારની ઐતિહાસિક પૃષ્ઠભૂમિનો ઉલ્લેખ કર્યો હતો.

રાજા-રજવાડાઓની માતૃભૂમિ પ્રત્યેની, દેશભક્તિની અપ્રતિમ ચાહનાને યાદ કરતા ડાંગ જિલ્લાના આ ઐતિહાસિક મહોત્સવને કારણે દેશની શૂરવીરતા, શૌર્યગાથા અને આદિવાસી ગૌરવને જાણવાનો અવસર પ્રદાન થાય છે તેમ પણ નામદાર રાજ્યપાલએ ઉમેર્યુ હતુ. રાજ્યપાલએ દેશના રાષ્ટ્રપતિપદ ઉપર દ્રૌપદી મુર્મુજીની નિયુક્તિ દેશના આદિવાસી સમાજનું ગૌરવ છે તેમ કહ્યું હતું.

ડાંગના રાજવીઓની ઉચ્ચત્તમ દેશભિક્તની ભાવનાને પ્રણામ કરી રાજ્યપાલએ આદિવાસી પ્રદેશના વિકાસમાં તેમના યોગદાનની નોંધ લઈ આ પ્રદેશના લોકો પણ હવે વિકાસની મુખ્યધારામાં જોડાઈ રહ્યા છે તેમ જણાવ્યું હતું. પ્રાકૃતિક જિલ્લાનું સન્માન પ્રાપ્ત કર્યા બાદ ડાંગ જિલ્લાના લોકો અને વિશેષ કરીને અહીંનાં ધરતીપુત્રોની જવાબદારી પણ વધી જાય છે તેમ તેમણે ઉમેર્યું હતું. 'મિલેટ વર્ષ' નો ઉલ્લેખ કરી રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી સાથે વિસરાતા ધનધાન્યનું જતન કરવાનું પણ આહ્વાન કર્યું હતું.

### દિલ્હી ફાયર સર્વિસ ના ડાયરેક્ટર અતુલ ગર્ગના વરદ હસ્તે સન્માનિત

## પંચમહાલ મહીસાગરના ચીફ કોર્ડીનેટરને "સેફ ઈન્ડિયા હીરો પ્લસ એવોર્ડ - 2023" થી સન્માનિત

ગુજરાત | વંદન

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત મુક્તજીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ રેસ્ક્યુ ટ્રેનીંગ એકેડમીને તારીખ 27 ફેબ્રુઆરી 2023 ના રોજ રાજધાની દિલ્હીમાં સેફ ઈન્ડિયા હીરો પ્લસ એવોર્ડ દ્વારા દિલ્હી ફાયર સર્વિસ ના ડાયરેક્ટર અતુલ ગર્ગના વરદ હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ એવોર્ડ દેશના દરેક રાજ્યોમાંથી ફાયર એન્ડ સેફટી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટનાં ઉમદા કાર્યો માટે એવોર્ડ તેમજ સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગુજરાતથી મુક્તજીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ રેસ્ક્યુ ટ્રેનીંગ એકેડમી, અમદાવાદના સેન્ટર ડાયરેક્ટર ગજેન્દ્રસિંહ તથા પંચમહાલ મહીસાગરના ચીફ કોર્ડીનેટર મનજીત વિશ્વકર્માને એવોર્ડ તથા સર્ટિફિકેટ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સેફ ઈન્ડિયા હીરો પ્લસ એવોર્ડ એનાયત કાર્યક્રમ કિંગ્સ એક્સપો મીડિયા લિમિટેડ,મુંબઈ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રાજ્યમાંથી મુક્તજીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ રેસ્ક્યુ ટ્રેનિંગ




એકેડમી, અમદાવાદના સેન્ટર ડાયરેક્ટર ગજેન્દ્રસિંહ બિહોલા અને પંચમહાલ મહીસાગર ચીફ કોર્ડીનેટર મનજીત વિશ્વકર્માને એવોર્ડ તથા સર્ટિફિકેટ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજ પ્રેરિત અને સદ્ગુરુ ભગવત્પ્રિયદાસજી સ્વામી તથા ગુરુપ્રિયદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ ખૂબ જ સારી રીતે બચાવ તેમજ રેસ્ક્યુની કામગીરી કરવામાં આવી રહી છે.

## છેલ્લા 13 માસથી ગુમ સગીરાને મોરબીથી શોધી કાઢી પરિવાર સાથે મિલન કરાવાયું

ગુજરાત | વંદન

વડોદરાના ફતેગંજ પોલીસ સ્ટેશનમા નોંધાયેલા અપહરણના ગુનામા છેલ્લા 13 માસથી ગુમ ભોગ બનનાર સગીર બાળકીને એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટ દ્વારા ચોક્કસ માહિતીના આધારે મોરબી



ખાતે થી શોધી કાઢી તેના પરિવારજનોને સોંપી હતી.

ફતેગંજ પોલીસ સ્ટેશન ખાતે અપહરણના ગુનામાં ફરીયાદીએ પોતાની સગીર વયની દિકરીને કોઇ અજાણ્યો ઈસમ લલચાવી ફોસલાવી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયેલ હોય વિગેરે મુજબની ફરીયાદ નોંધાવી હતી. જે ગુનાની વધુ સઘન તપાસ વડોદરા શહેર એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટ કરતા તેમને ચોક્કસ હકીકત મળેલી કે ભોગ બનનાર સગીર બાળકી મોરબી ખાતે આવેલ સોરીસો ગ્રેનાઈટો કંપનીમાં કામ કરે છે.જે માહિતીના આધારે એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમના માણસો મોરબી ખાતે પહોંચ્યા હતા.

### આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે

## આણંદ કૃષિ યુનિ. ખાતે "મહિલા સ્વરક્ષણ" માટેની તાલીમ યોજાઈ

ગુજરાત | વંદન

સમાજના વિકાસમાં મહિલાઓના યોગદાનને બિરદાવવા, દરેક ક્ષેત્રે મહિલાઓની સહભાગીદારીતાને પ્રોત્સાહન આપવા અને મહિલાઓને તેમના અધિકારો પ્રત્યે જાગૃત કરવાના હેતુથી પ્રત્યેક વર્ષે માર્ચ મહિનાની 8મી તારીખે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત મહિલાઓને તેમના અધિકારો, કામની સમાન તકો વિશે જાગૃત કરવા અને સમાજમાં પુરુષોને સમાન સન્માન અપાવવા વિશ્વભરમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે આણંદ જિલ્લામાં વર્લ્ડ બૅન્ક પુરસ્કૃત સેન્ટર ફોર એગ્રીકલ્ચરલ



માર્કેટ ઈન્ટેલિજન્સ, નેશનલ એગ્રિકલ્ચર હાયર એજ્યુકેશન પ્રોજેક્ટ- સેન્ટર ઓફ એડ્વાન્સડ એગ્રિકલ્ચર સાયન્સ એન્ડ ટેકનોલોજી (એન.એ.એચ.ઈ.પી - સી.એ.એ.એસ.ટી.) પ્રોજેક્ટ અને આણંદ કૃષિ યુનિવર્સિટી જેન્ડર કમિટિના સંયુક્ત ઉપક્રમે આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે કુલપતિ ડૉ. કે.બી.કથીરીયાના માર્ગદર્શન હેઠળ "મહિલા સ્વરક્ષણ તાલીમ" કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતું.

આ તાલીમ કાર્યક્રમમાં આણંદ કૃષિ યુનિવર્સિટીની બી.એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચર, કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ઈન્ટરનેશનલ એગ્રીબિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ, કોલેજ ઓફ ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી એન્ડ બાયો એનર્જી, પોલીટેકનિક ઈન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઈકોનોમિક્સ, શેઠ એમ. સી. પોલીટેકનિક ઈન એગ્રીકલ્ચર તેમજ કોલેજ ઓફ હોર્ટીકલ્ચરની ફેકલ્ટીઓ સહિત મોટી સંખ્યામા વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ સમગ્ર તાલીમ કાર્યક્રમનું સંચાલન પ્રતિભા એકેડમીના ડાયરેક્ટર ચેતન ફૂમકિઆ દ્વારા કરવામાં આવ્યું છે તેમ આણંદ કૃષિ યુનિવર્સિટીની એક યાદીમાં જણાવાયું છે.

અનુસંધાન પેજ 4 પરથી...

### જ્યારે દ્વારકાની...

ઝાંસી રાણી લક્ષ્મીબાઈ જેવુ જ આ સાહસિક કામ હતું. આ બધી લક્ષ્મીબાઈઓ હતી, ગુજરાતની લક્ષ્મીબાઈઓ. દ્વારકા પરના તોપમારા પછી અંગ્રેજોએ કહેવડાવ્યું કે શરણે થઈ જાઓ, તમને સહીસલામત છોડી મૂકીશું. મૂછાળા મરદોને આ માન્ય નહોતું. જોધા માણેકે શેઠ જેરામ સાથે કહેવડાવ્યું, અસાં રાંડરાંડ પુતર નયુ. અસાંજો બેલી દ્વારકાનાથ આયા-ટોપીવારા જો દિ ફરી આયો આય. દ્વારકાધીશના રખેવાળો તરીકે વાઘેરો યુદ્ધ ખેલતા રહ્યા, ખુવાર થતા રહ્યા, કંઈક મોતને ભેટ્યૉ..આજે તો આપણે એ વીરાંગના મહિલાઓનું સ્મરણ કરવું છે, જેમણે ઓખામુક્તિના લાંબા સમય સુધી થયેલા જંગમાં તન-મનની કુરબાની આપીને વીર પતિ-પિતા-ભાઈઓને સ્વાતંત્ર્ય યુદ્ધની પ્રેરણા આપી હતી. ગુજરાતની આ સ્વાતંત્ર્ય લક્ષ્મીઓનું સ્મરણ 1857ના દોઢસોમાં વર્ષે કરવું કેટલુ બધુ ઉચિત છે?

### પુસ્તક પરિચય...

કર્યું છે. આ સત્તર વર્ષની તપસ્યા તે કેવી રીતે ભોગવે છે, સમાજના અનેક મહેણાં-ટોણાં સાંભળવાં છતાં પણ વૃદ્ધ સાસુની સેવા અને તેમનાં ગયા બાદ પોતાનાં પિતાની સેવાથી તે તૃપ્ત થાય છે. પળેપળ લાખુનું હૃદય પતિની આતુરતાથી રાહ જોતું હોય છે. શરૂઆતમાં તો ગામલોકો જુવાન લાખુની સુંદરતાની ચર્ચા કર્યા કરતાં, પણ આ તો લાખુ, આદર્શ પત્નીનો દરજ્જો પામતી, અભિતપ્ત એવી લાખુને તેનાં તપનું કેવું ફળ મળે છે? પતિ મોહન જ્યારે સત્તર વર્ષનાં જેલવાસ પછી પરત ફરે છે, લાખુ ખૂબ ખુશ હોય છે, પરંતુ મોહનના મગજમાં શું ચાલતું હોય છે? તે લાખુ કળી નથી શકતી. ઈનામ વિજેતા આ વાર્તાનું કથાનક ખૂબ જ સંવેદનશીલ છે. લાખેણી લાખુનું તપ દર્શાવતી, તળપદી સંવાદોથી રસિક, લાખુ પ્રત્યે સદ્ભાવની સુગંધ પ્રેરતી આ સંવેદનશીલ વાર્તા ભાવકોના હ્દયમાં સ્થાપિત થઈ જાય છે. આદર્શ વાર્તાનું ઉત્તમ ઉદાહરણ એટલે, ' તપ'.

'દરબારગઢ'

એક ગરીબ ખેડૂત માવજીની લાચારી દર્શાવતી વાર્તા. ચાલીસ વર્ષ પહેલાં ગરાસદારની દાદાગીરીના કારણે તેને ઘર છોડવું પડ્યું હતું. આજે ચાલીસ વર્ષ પછી તે પોતાનાં ગામમાં તેનું ઘર જોવા માટે પરત ફરે છે. પણ આ ચાલીસ વર્ષમાં તેને તેનાં ઘરની કોઈ નિશાની નથી મળતી. હવે, ક્યાં જવું તે વિચારતાં વિચારતાં, તે ગરાસદારના દરબારગઢ મકાન પાસે પહોંચે છે. હવે, તે જગ્યાએ સરકારી ઓફીસ બની ગઈ છે. ગરીબ માવજી મનોમન ખુશ થાય છે કે, ગરાસદાર પાસેથી સરકારે આ જમીન ઝુંટવી લીધી, પણ કેટલાંક લોકોની વાત સાંભળી તેની ખુશી છીનવાઈ જાય છે, જ્યારે તે જાણે છે કે દરબારનાં છોકરાએ આ જમીન સરકારને વેચી છે. સરકારી ઓફીસનાં ઓટલે બેઠો બેઠો માવજી, સરકારી ઓફીસમાં થતી વાતો સાંભળી વધારે દુઃખી થાય છે. ચાલીસ વર્ષ પછી પણ ખેડૂતની હાલત તેનાં જેવી જ છે. આખા દિવસમાં આ સરકારી ઓફિસમાં આવીને ખેડૂતો તેમનું દેવું માફ કરવા માટે વિનંતી કરે છે. માવજીને તેનો ભુતકાળ યાદ આવી જાય છે. એ જ જગ્યા જ્યાં તેને દરબારે પાક ન થતાં હડધૂત કર્યો હતો, ગામમાંથી કાઢી મુકયો હતો. આજે પણ સરકારી ઓફિસવાળા ખેડૂતોને હડધૂત કરી રહ્યાં છે. ખેડૂતોની વેદના દર્શાવતી આ વાર્તા, વર્ષો પહેલાં જમીનદારો અને અત્યારની સરકારી અમલદારોની તાનાશાહી દર્શાવે છે. લેખકે અહીં ગરીબ માવજીની વેદનાને તાદ્રશ્ય કરી છે. વાર્તા વાંચતા વાંચતા ખેડૂતોની પીડા, ગરાસદારોની દાદાગીરી, સરકારી અમલદારોની તાનાશાહી આ બધાં સાથે ઓતપ્રોત થઈ જવાય છે. છેવટે, અભાગીયો માવજી તે સરકારી ઓફીસનાં ઓટલા પર જ તેનો દેહ ત્યાગ કરે છે. વાર્તાન્તે એક વાક્ય મુકી લેખક વાર્તાની ટોચે પહોંચી જાય છે, 'એવા તો કૈંક માવજી પતી ગયા ! રામ-રામ કરો મારા ભાઈ.'

સાહિત્યકાર મુ. ડૉ. પદ્મશ્રી પ્રવીણભાઈ દરજી, સ્વ. મોહમ્મદ માંકડ અને તેમની વાર્તા વિશે લખે છે, 'લોકપ્રિયતા સાથે કલાક્ષમતા દાખવી શકે તેવા સર્જકો ઘણા ઓછા છે. મોહમ્મદ માંકડ તેમાંના એક છે. મૂલતઃ તેઓ વૃતાંતમૂલક સર્જક છે. મોહમ્મદ માંકડની વાર્તાઓ એક વિશિષ્ટ પ્રકારનું વાર્તાક્રીડન સાથે કલાક્રીડન દાખવે છે. આવું ક્રીડન તેમને માણસજાત તરફ દોરી જાય છે. માણસજાતને સમજવાનો તે મારફતે તેઓ પ્રયત્ન કરે છે. વાર્તાકલાને તાજમહાલનું દ્રષ્ટાંત આપી તેના તંત્રને સમજાવતા મોહમ્મદ માંકડ વાર્તાભિજ્ઞ છે, વાર્તાકાર છે, સાથે જીવનકાર છે, જીવનને સૂક્ષ્મ રીતે જોનાર, તેનું ચિંતન-વિમર્શન કરનાર છે.'

વૈભવભરી વાર્તાઓના લોકપ્રિય સર્જક, નવલકથાકાર સ્વ. મોહમ્મદ માંકડ હંમેશાં તેમની વાર્તાઓ દ્વારા આપણા સૌ ભાવકોના હ્રદયમાં સદાય જીવંત રહેશે.

### જીવતરનો નીચોડ...

મને અધિકાર નથી. એવા સંજોગોમાં મનને સમજાવવાનું અઘરું જરૂર હતું; પણ અશક્ય તો નહોતું જ.'

સૌ આમંત્રિતો પ્રશંસાભરી નજરે પ્રકાશસિંહ સામે જોઈ રહ્યા હતા અને એમનો એક એક શબ્દ ધ્યાનથી સાંભળી રહ્યા હતા. 'ડૉક્ટર થયા પછી ભલે મેં મારી પોતાની હૉસ્પિટલ બનાવી અને ખૂબ ખ્યાતિ પ્રાપ્ત કરી; પણ પેલા R.Y.P.ને હું એક દિવસ માટે પણ ભૂલ્યો નહીં. એ અક્ષરોએ જ મને નમ્ર, દયાળુ અને સંવેદનશીલ બનાવ્યો અને મારા સાથીઓ અને દર્દીઓએ આ અક્ષરોને કારણે જ મને અઢળક પ્રેમ આપ્યો. એમણે જ હમ્મેશાં મને મારા મૂળ સાથે જોડેલો રાખ્યો છે. હું તો માનું છું કે આ અક્ષરો જાણે મારા જીવતરનો નિચોડ છે.'પ્રકાશસિંહે પોતાની વાત પૂરી કરી ત્યારે ત્યાં બેઠેલા બધા સ્તબ્ધ થઈ ગયાં હતાં. આકાશ અને રુચિએ દાદાજીને પગે લાગીને એમના હાથમાં પેન અને ફોટોફ્રેમ મૂક્યાં ત્યારે ડૉક્ટર સાહેબ ભાવવિભોર થઈ ગયા. એમની આંગળીઓ મમતાપૂર્વક R.Y.P. અક્ષરોને એક એક કરીને સ્પર્શી રહી.

અનુસંધાન પેજ 10 પરથી...

### મહર્ષિ વાત્સ્યાન...

શારીરિક સંબંધનો જાત અનુભવ કર્યા વિના આવું પુસ્તક લખ્યું હતું, જે સેક્સ સંબંધિત માહિતી માટે વિશ્વનું સૌથી અધિકૃત પુસ્તક માનવામાં આવે છે. જો કે, આ જાતિય આનંદને જાણ્યા વિના પ્રશ્નો પણ ઉભા થતા રહ્યા કે તેમણે વિવિધ આસન અને તેનાથી સંબંધિત વિજ્ઞાન પર કેવી રીતે લખ્યું હશે..?

વિશ્વભરમાં પ્રસિધ્ધ આ પુસ્તક કેવી રીતે લખાયું તે અંગે એમ કહેવાય છે કે, મહર્ષિ સતત ગણિકાઓને ત્યાં જતાં હતા. અને ત્યાં તેઓ ગુપચુપ રીતે ગણિકાઓ સાથે લોકોના સેક્સ પર્ફોર્મન્સ જોતા હતા. આ અવલોકનો દ્વારા તેમણે કામસૂત્ર જેવા પુસ્તકની રચના કરી. એવું કહી શકાય કે તેઓ એક ફિલોસોફર હતા જેમણે તે વખતે જે વલણ નક્કી કર્યું. આ તેમના બંને પુસ્તકોમાં પ્રતિબિંબિત થાય છે.

કામસૂત્રના વાસ્તવિક પુસ્તકને આર્ટ ઑફ લિવિંગ એટલે કે જીવન જીવવાની કળાની જેમ જોવું જોઈએ. તે જીવનના ઘણા પાસાઓ વિશે વિગતવાર વાત કરે છે. અનેક પાસાઓને આવરી લે છે.સમગ્ર વિશ્વમાં દર સેકન્ડે 14 મિલિયનથી વધુ લોકો કામસૂત્રને સર્ચ કરે છે. જો કે આ નામ સાથે ઘણી વસ્તુઓ છે, જેમ કે પુસ્તકો, કોન્ડોમ, રમકડાં, ઘડિયાળો, એપ્સ, ચોકલેટ્સ, ટીવી શ્રેણી અને મૂવી પણ બની છે.

અનુસંધાન પેજ 1 પરથી...

### બે વડાપ્રધાનો...

ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન 8મી માર્ચે ભારત આવી રહ્યા છે. આગતા-સ્વાગતાની ઓપચારિકતા પૂરી કરીને 9મીએ સ્ટેડિયમમાં મેચ નિહાળશે. વડાપ્રધાન પણ 8મી માર્ચે અમદાવાદ પહોંચી રહ્યા છે. 8 માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હોવાથી તે અંગેના કોઈ કાર્યક્રમમાં પણ વડાપ્રધાન ઉપસ્થિત રહી શકે તેમ છે. દરમિયાનમાં મોટેરા સ્ટેડિયમ ખાતે સુરક્ષા વ્યવસ્થા વધારે મજબૂત બનાવી દેવામાં આવી છે. વડાપ્રધાનની સુરક્ષા સંભાળનાર એનએસજી કમાન્ડોની એક ટીમ ગુજરાત પહોંચી ગઈ છે અને જ્યાં-જ્યાં વડાપ્રધાન મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન મુલાકાત લેવાના છે તેની સુરક્ષાની દ્રષ્ટીએ ચકાસણી કરી રહ્યા છે. સુત્રોનુ માનવુ છે કે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સાબરમતી આશ્રમની મુલાકાત લઈને રાષ્ટ્રપિતા ગાંધીજીને ભાવાંજલિ આપે તેમ મનાય છે. વિધાનસભાની ચૂંટણીઓ બાદ વડાપ્રધાન પ્રથમવાર સત્તાવાર મુલાકાતે આવી રહ્યા છે. જોકે છેલ્લે તેવો તેમના માતા હિરાબાના નિધન સમયે આવ્યા હતા.

### ઓસ્ટ્રેલિયામાં હિન્દુ...

ત્યારબાદ ઓસ્ટ્રેલિયામાં રહેતા ભારતીય મૂળના લોકોએ ગુસ્સો વ્યક્ત કર્યો હતો. ત્યારે પણ મંદિરમાં તોડફોડની સાથે ભારત વિરોધી સૂત્રો લખવામાં આવ્યા હતા. આવી ઘટનાઓ સ્પષ્ટપણે શાંતિપૂર્ણ અને બહુધાર્મિક ભારતીય ઓસ્ટ્રેલિયન સમાજમાં નફરત અને વિભાજન પેદા કરવાનો પ્રયાસ છે.

### ત્રિપુરામાં સરકાર...

અને પશ્ચિમ ત્રિપુરા જિલ્લામાં રાજકીય જૂથો વચ્ચે ઝપાઝપીની ઘટનાઓ બની છે. હિંસક ઘટનાની ફરિયાદના આધારે અત્યાર સુધીમાં ચાર કેસ નોંધવામાં આવ્યા છે અને તેમાં 22 લોકોની અટકાયત કરવામાં આવી હતી. અસરગ્રસ્ત વિસ્તારોમાં પેટ્રોલિંગ સઘન કરવામાં આવ્યું છે અને તમામ રાજકીય પક્ષો સાથે શાંતિ બેઠકો યોજવામાં આવી છે.

### કોરોના વેક્સિન...

અહેવાલ અનુસાર ઈન્વેસ્ટિગેટિવ કમિટી ઓફ ધ રશિયન ફેડરેશનના હવાલાથી જણાવાયું હતું કે ગામાલેયા નેશનલ રિસર્ચ સેન્ટર ફોર ઈકોલોજી એન્ડ મેથેમેટિક્સમાં વરિષ્ઠ રિસર્ચર તરીકે કામ કરનારા 47 વર્ષીય બોતિકોવ ગુરુવારે તેમના એપાર્ટમેન્ટમાં મૃત અવસ્થામાં મળી આવ્યા હતા. અહેવાલ અનુસાર રશિયાના રાષ્ટ્રપતિ પુટિને 2021માં કોરોના વેક્સિન પર કામ કરવા બદલ બોતિકોવને ઓર્ડર ઓફ મેરિટ ફોર ધ ફાધરલેન્ડ પુરસ્કારથી સન્માનિત કર્યા હતા.

### બિહારના મજુરો...

લોકો પર કથિત હુમલાને લઈને મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશક સાથે હાઈ લેવલ બેઠક કરી છે. બેઠકમાં એ નિર્ણય લેવામાં આવ્યો કે, રાજ્યના વરિષ્ઠ અધિકારીઓની એક ટીમ જેમાં પોલીસ અધિકારી પણ સામેલ રહેશે, તે તમિલનાડુના એ અસરગ્રસ્ત ક્ષેત્રની મુલાકાત કરશે જ્યાંથી હુમલાની ખબર આવી છે.

અનુસંધાન પેજ 12 પરથી...

### હિટ એન્ડ રન...

ફેબ્રુઆરી 2023માં દારૂ પીધેલી હાલતમાં ફોર્ચ્યુનર કાર ચલાવતા અને સાથે જ ચપ્પુ મળી આવ્યું હોવાથી જાહેરનામા ભંગ મુજબ 135નો કેસ કરવામાં આવ્યો હતો. જેમાં તેની ધરપકડ કરીને કાર કબજે કરવામાં આવી હતી, અને ત્રીજો ગુનો હિટ એન્ડ રન કેસમાં BMW કારમાં જે પ્રોહિબિશનનો મુદ્દામાલ મળી આવ્યો છે તે બાબતો કેસ જેમાં કાર અવાવરૂ જગ્યાએ મૂકીને સત્યમ શર્મા ભાગી ગયો છે.

### ગુજરાત સરકારે...

મીલીયન યુનિટ વિજળી ખરીદી હતી. જ્યારે વર્ષ 2022માં રાજ્ય સરકારે અદાણી પાવર પાસેથી 6007 મિલિયન યુનિટ વિજળી ખરીદવામાં આવી છે.

### ગોંડલ ચોકડી...

કારણે ગોંડલ ચોકડીએ દૈનિક ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાતા હતા હવે બ્રીજ તૈયાર થતાં આવતીકાલથી ગોંડલ ચોકડીએ ટ્રાફિક સમસ્યા નહીંવત થઈ જનાર છે. આવતીકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે બ્રીજનું લોકાર્પણ કરવામાં આવનાર હોય તંત્ર દ્વારા તડામાર તૈયારી હાથ ધરવામાં આવી છે.

મુખ્યમંત્રી રાજકોટની મુલાકાતના આયોજન અંગેની સમીક્ષા બેઠક કલેકટર કચેરી ખાતે મળી હતી. પોલીસ હેડ ક્વાર્ટર, ગોંડલ ચોકડી તથા હોટેલ રીજન્સી લગુન ખાતે યોજાનારા મુખ્યમંત્રીના કાર્યક્રમ સંબંધિત સ્ટેજ વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા, પીવાનુ પાણી, સેનિટેશન, સફાઈ, ઓડિયન્સ, ટ્રાફિક, વિક્ષેપવિહીન વીજળી વગેરેની યોગ્ય ગોઠવણ કરવા ઉપસ્થિત અધિકારીઓને સૂચના આપી હતી. કાર્યક્રમના સ્થળે એલ.ઈ.ડી. એનાઉન્સર, લાભાર્થીઓ વગેરેનું સુચારૂ આયોજન ગોઠવવા પર ભાર મૂક્યો હતો.

### શક્તિપીઠ અંબાજી...

ભક્તોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મંદિરના વહીવટી તંત્ર દ્વારા આ નિર્ણય લેવાતા ભક્તોમાં વિરોધની લાગણી જોવા મળી છે. મંદિરના તંત્ર દ્વારા વર્ષો જૂની પરંપરાનો અંત લાવીને ચીકીના પ્રસાદ માટે અમૂલ અને બનાસ ડેરી સાથે પણ વાતોઘાટો ચાલી રહ્યો છે. જે બાદ ભક્તોમાં ભારે રોષ હોવાથી તેઓએ આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી છે.

અંબાજી મંદિરમાં વર્ષોથી મોહનથાળનો પ્રસાદ ભક્તોને આપવામાં આવે છે. ત્યારે મંદિરના ટ્રસ્ટ દ્વારા પ્રસાદમાં અપાતો મોહનથાળ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે બાદ ભક્તોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મોહનથાળના બદલે હવે ચીકીનો પ્રસાદ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને એના માટે અમૂલ તથા બનાસ ડેરી સાથે પણ વાતોઘાટો ચાલી રહ્યો છે. જે બાદ હિન્દુ હિત રક્ષા સમિતિએ ભૂખ હડતાળની પણ ચીમકી આપી છે. સાથે જ ગ્રામજનોએ અંબાજી બંધ પાળવાની પણ ચીમકી ઉચ્ચારી છે.

## ગેહલોત સામે માનહાનિનો કેસ, કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત કોર્ટ પહોંચશે

■ સીએમ ગેહલોતનો નિવેદન બન્યો મુશ્કેલીનો કારણ

ગુજરાત | વંદન

આ પછી સીએમએ મીડિયાને કહ્યું હતું કે, 'મને લાગે છે કે મોદીજીએ આવા વ્યક્તિને મંત્રી કેવી રીતે બનાવ્યા. મેં ગયા દિવસોમાં ગૃહમાં કહ્યું હતું કે ગજેન્દ્ર સિંહ શેખાવત પોતે આરોપી છે. આ પછી ગજેન્દ્ર સિંહ શેખાવતે ધરપકડના ડરથી પોતાની સુરક્ષા વધારી દીધી હતી. લાખો રૂપિયાની વાત હોત તો હું તારી ભીખ માંગત. તેમણે ઉદ્યોગપતિઓ પાસેથી કોઈપણ યોજના કાઢી નાખી હશે. પણ અહીં તો અબજો રૂપિયાની વાત છે. આટલા મોટા મંત્રી હોવાને કારણે તેમણે પોતે આગળ આવીને પગલાં ભરવા જોઈએ. રોકાણકારોને વળતર મળવું જોઈએ. પરંતુ તે એવું નથી કરી રહ્યો. આવા માફિયાઓ દેશભરમાં ફૂલીફાલી રહ્યા છે, અગાઉ આદર્શ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી કૌભાંડ થયું હતું, તેના માલિક પણ ભાજપ સાથે સંકળાયેલા હતા. આ લોકો સાથે જે થયું તે ખૂબ જ દુઃખદ છે. તેમની જમા થયેલી મૂડી પરત મેળવવા રાજ્ય સરકાર તમામ પ્રયાસો કરશે. તેમણે કહ્યું કે આ લૂંટમાં સામેલ દરેક વ્યક્તિને સખત સજા કરવામાં આવશે.

શેખાવતે વધુમાં જણાવ્યું હતું કે, 'સંજીવની ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી પર 23 ઓગસ્ટ 2019ના રોજ FIR નોંધવામાં આવી હતી. રાજસ્થાન સરકાર હેઠળ કામ કરતી પોલીસે આ મામલે તપાસ કરી હતી. આ કેસમાં પહેલી ચાર્જશીટ



ડિસેમ્બર 2019, બીજી ફેબ્રુઆરી 2020 અને ત્રીજી 7 ફેબ્રુઆરી 2023ના રોજ દાખલ કરવામાં આવી હતી. ચાર્જશીટ હજારો પાનાની છે. શેખાવતે કહ્યું કે આ હજારો પાનાની ચાર્જશીટમાં મને કે મારા પરિવારના કોઈ સભ્યને આરોપી બનાવવામાં આવ્યા નથી. આવી સ્થિતિમાં શું મુખ્યમંત્રી જાહેરમાં ખોટું બોલીને પોલીસને કોઈ સંકેત આપી રહ્યા છે? શેખાવતે કહ્યું કે મુખ્યમંત્રી પોતાના પુત્રની હારનો ગુસ્સો નથી કાઢી રહ્યા?

નોંધનીય છે કે સંજીવની ક્રેડિટ કોઓપરેટિવ સોસાયટી લિમિટેડે રાજસ્થાનના 211 શહેરો અને ગુજરાતના 26 શહેરો અને ભારતના અન્ય રાજ્યોમાં તેની શાખાઓ ખોલી હતી અને લગભગ બે લાખ રોકાણકારો પાસેથી રૂ. 953 કરોડથી વધુની રોકાણ રકમ મેળવીને છેતરપિંડી કરી હતી. આ કેસમાં મુખ્યત્વે નરેશ સોની, કાર્યકારી અધિકારી કિશન સિંહ ચોલી, પૂર્વ પ્રમુખ દેવી સિંહ, શૈતાન સિંહ અને મુખ્ય સુત્રધાર વિક્રમ સિંહ ઈન્દ્રની ધરપકડ કરવામાં આવી છે. આ પછી સીએમએ મીડિયાને કહ્યું હતું કે, 'મને લાગે છે કે મોદીજીએ આવા વ્યક્તિને મંત્રી કેવી રીતે બનાવ્યા. મેં ગયા દિવસોમાં ગૃહમાં કહ્યું હતું કે ગજેન્દ્ર સિંહ શેખાવત પોતે આરોપી છે.

# ટેક્સટાઇલ સિટીના વેપારીઓમાં હવે વધ્યું ડિજિટલાઇજેશન

■ સુરતના 40 ટકા વેપારીઓએ ઓનલાઈન બિઝનેસને પ્રાધાન્ય આપવાની શરૂઆત કરી

ગુજરાત | વંદન

ટેક્સટાઈલ સિટી કે સિલ્ક સિટી તરીકે જાણીતા સુરત શહેરમાં સાડી ડ્રેસ મટીરીયલના વેપારીઓ હવે ઓનલાઈન વેપારમાં ખૂબ આગળ વધી રહ્યા છે. તાજેતરના જ એક અંદાજ મુજબ સુરતના 70 હજારથી વધુ ટેક્સટાઈલ વેપારીઓ પૈકી 40 ટકા વેપારીઓએ ઓનલાઈન બિઝનેસને પ્રાધાન્ય આપવાની શરૂઆત કરી છે. ચેક રિટર્ન પેમેન્ટ ડીલે જેવા અનેક મુદ્દાઓને લઈને સુરતના ટેક્સટાઈલ વેપારીઓ કંટાળી ગયા છે. જેના કારણે હવે ઓનલાઈન વેપારને પ્રાધાન્ય આપી રહ્યા છે. જેમાં સફળતા પણ મળી રહી છે.

સુરત શહેર સમગ્ર દેશમાં ટેક્સટાઈલનું હબ ગણાય છે. ખાસ કરીને સાડી ડ્રેસ મટીરીયલ અને ચણિયાચોળી લેંઘા વગેરેમાં સુરતને તોલે સમગ્ર દેશમાં કોઈ આવે તેમ નથી. સુરતમાં અંદાજિત દરરોજ ચાર કરોડ મીટર ગ્રે કાપડનું ઉત્પાદન થાય છે 350થી વધુ ડાંઈગ એન્ડ પ્રોસેસિંગ મીલ આવેલી છે અને 70 હજાર જેટલા વેપારીઓ ટેક્સટાઈલના વેપાર સાથે સીધી રીતે સંકળાયેલા છે. આ તમામ વાતો દર્શાવે છે કે, સુરતમાં ટેક્સટાઈલ ઉદ્યોગનું કેટલું મહત્વ છે. તેની સાથે સાથે હજારો નહીં લાખો લોકોને સીધી કે આડકતરી રીતે રોજી રોટી પણ પૂરી પાડે છે.




સમગ્ર દેશમાં ફેલાયેલા આ વેપારને કેટલીક ખામીઓ ઉડીને આંખે વળગે તેવી છે. જેમાં ખાસ કરીને સુરતના વેપારીઓને અન્ય રાજ્ય અન્ય શહેરમાં સાડી કે ડ્રેસ મટીરીયલ વેચે ત્યારે પેમેન્ટ મોડું આવવું પેમેન્ટ ન આવવું, પેમેન્ટ ના મામલે ઠગાઈ થવી જેવા કિસ્સાઓ વારંવાર બનતા રહે છે. કોરોનાકાળ પછી સુરતના ટેક્સટાઈલ વેપારીઓએ આ સમસ્યાનો સમાધાન પણ પોતાની રીતે જ કરી દીધું છે. સુરતના 70,000 વેપારીઓ પૈકી 40 ટકા જેટલા વેપારીઓ એવા છે કે, જેઓ હવે ઓનલાઈન વેપારને પ્રાધાન્ય આપી રહ્યા છે.

જેમ જેમ ડિજિટલ વપરાશ વધતો જાય છે અને ખાસ કરીને યુવાનોમાં ઓનલાઈન ખરીદીનો ક્રેઝ વધતો જાય છે તેમ તેમ અનેક વેપાર ધંધાની પેર્ટન બદલાઈ રહી છે. એવી જ રીતે સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગની પેર્ટન બદલાઈ રહી છે. જેમાં ખાસ કરીને સુરત ટેક્સટાઈલ માર્કેટના વેપારીઓના યુવાન પુત્રો કે ડિજિટલ વેપાર કરવામાં જેમને કોઈ છોછ નથી એવા વેપારીઓ ખૂબ ઝડપથી ટેક્સ્ટાઈલ ઉદ્યોગના ડિજિટલાઈજેશનમાં આગળ વધી રહ્યા છે. કોરોનાકાળ પછીના બે વર્ષમાં લગભગ 40% વેપારીઓ ઓનલાઈન બિઝનેસને વધુ પ્રાધાન્ય આપ્યું છે. તો પોતાની દુકાન અને ઓફલાઈન વેપાર તો ચાલુ જ છે.

બીજી તરફ વેપારીઓ ઓનલાઈન બિઝનેસને ફાયદા જણાવતા કહે છે કે પેમેન્ટની કોઈ માથાકૂટ રહેતી નથી. તેની સાથે સાથે કેટલાક વેપારીઓએ amazon, flipkart અને મીશો જેવી મોટી ઓનલાઈન ખરીદીની વેબસાઈટ સાથે ટાઈઅપ કરીને પોતાના વેપારને આગળ વધારી રહ્યા છે. હાલ પ્રાથમિક તબક્કે આ વેપારીઓને વેપારમાં સરળતા અને સફળતા બંને દેખાઈ રહી છે.

## બજારોનાં અંતરંગ

### HDFCની વરિષ્ઠ નાગરિકો માટે નવી યોજના, FD પર 8%થી વધુ વ્યાજ

HDFCએ વરિષ્ઠ નાગરિકો માટે વિશેષ યોજના શરૂ કરી છે. આ યોજનાનું નામ ડાયમંડ ડિપોઝિટ છે. HDFC (મોર્ટગેજ લેન્ડર) ની આ યોજના હેઠળ, વરિષ્ઠ નાગરિકોને 75 મહિનાના એફડી પર 8 ટકાથી વધુ વ્યાજ મળશે. આ વિશેષ એફડી સ્કીમ ડાયમંડ ડિપોઝિટ 1 માર્ચ 2023 થી શરૂ થઈ છે. આ યોજનામાં, વરિષ્ઠ નાગરિકો 2 કરોડ રૂપિયા સુધી રોકાણ કરી શકે છે. આમાં, તમારી પાસે માસિક, ક્વાર્ટર, અડધા અને વાર્ષિક હેઠળ આવક થશે. જો તમે IT નલાઈન તેમાં રોકાણ કરો છો, તો .05 % નો વધારાનો ફાયદો ઉપલબ્ધ થશે.

### સેબીના આકરા નિયમોથી FPI ભારતથી દૂર થશે

નવેસરથી રજિસ્ટ્રેશન માટે ફોરેન પોર્ટફોલિઓ ઈન્વેસ્ટર્સ (એફપીઆઈ)ના સીનિયર મેનેજિંગ ઓફિસરો (એસએમઓ)ની સિક્યુરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ વિગતો માગવાનું શઃરૂ કરતા દેશમાં એફપીઆઈની સંખ્યામાં ઘટાડો થવાની શકયતા ઊભી થઈ છે. એટલે કે એફપીઆઈ ભારતથી દૂર થાય તેવી શકયતા ઊભી થઈ છે. રોકાણકારની મૂળ પેઢીના એસએમઓની વિગતો મેળવવામાં પણ સેબી રસ ધરાવે છે અને નહીં કે માત્ર એફપીઆઈની જાણકારી મેળવવામાં. અત્યારસુધી દસ્તાવેજોની ચકાસણી બેનિફિસિઅલ ઓનરશિપની ઓળખ માટે કરવામાં આવતી હતી નહીં કે એસએમઓની ઓળખ માટે.

### બેંકોની નફાકારકતા ઘટશે, ગ્રોસ NPA સુધરીને 3.3%નું અનુમાન

ભારતીય બેંકોની બેડ લોન આગામી નાણાકીય વર્ષમાં વધુ ઘટી શકે છે. ઈન્ડિયા રેટિંગ્સે આશા વ્યકત કરી કે બેન્કોની ગ્રોસ નોન-પર્ફોર્મિંગ એસેટ્સ નાણાંકીય વર્ષ ૨૦૨૪માં ૪.૨ ટકાથી વધીને ૩.૩ ટકા થવાની ધારણા છે. રેટિંગ એજન્સીએ જણાવ્યું કે ખાનગી બેન્કોની નોન-પર્ફોર્મિંગ એસેટ્સ નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૨ ટકા થઈ શકે છે, જે આ નાણાકીય વર્ષમાં ૨.૫ ટકા રહેવાની ધારણા છે. બીજી તરફ જાહેર ક્ષેત્રની બેંકોની ગ્રોસ એનપીએ ૨૦૨૪ના વર્ષમાં સુધરીને ૪.૧ ટકા થઈ શકે છે, જે ૨૦૨૩ના અંતે ૫.૨% રહેવાનો અંદાજ છે.

### રોકડાના શેરોમાં રિટેલ રોકાણકારોનું કામકાજ ત્રણ વર્ષની નીચી સપાટીએ

ભારે વોલેટિલિટી તથા નબળા વળતરને પરિણામે દેશના શેરબજારોમાં ઈક્વિટીઝ કેશ સેગમેન્ટસમાં નાના રોકાણકારોનો રસ ઘટી રહ્યાના સંકેતો મળી રહ્યા છે. વિતેલા ફેબ્રુઆરીમાં રિટેલ રોકાણકારોનું કેશ સેગમેન્ટમાં સરેરાશ દૈનિક ટર્નઓવર ઘટી ત્રણ વર્ષની નીચી સપાટીએ રહ્યું હતું. ૨૦૨૨ના ફેબ્રુઆરીમાં ઈક્વિટીઝ કેશ સેગમેન્ટસમાં રિટેલ રોકાણકારોનું સરેરાશ દૈનિક ટર્નઓવર જે ૫૨ ટકા રહ્યું હતું તે ૨૦૨૩ના ફેબ્રુઆરીમાં ઘટી ૪૦.૮૦ ટકા જોવા મળ્યું છે. આમ ઈક્વિટીઝ માર્કેટથી નાના રોકાણકારો દૂર થઈ રહ્યાના સંકેત મળી રહ્યા છે.

### ભારતના ટેકનોલોજી ઉદ્યોગ માટે આગામી નાણાં વર્ષ પડકારરૂપ

વર્તમાન અનિશ્ચિત બૃહદ્ વાતાવરણમાં ભારતનો ટેક ઉદ્યોગ સ્થિતિસ્થાપક રહ્યો છે અને નાણાં વર્ષ ૨૦૨૩માં ૨૪૫ અબજ ડોલરના આંકને આંબશે પરંતુ નાણાં વર્ષ ૨૦૨૪માં ટેક ઉદ્યોગ સામે પડકાર જણાય રહ્યા છે. નિર્ણય પ્રક્રિયામાં ઢીલ, માગમાં ઘટાડો તથા ટેક નિયમનોના સ્વરૂપમાં પડકારો જોવા મળશે જે ઉદ્યોગ પર અસર કરશે એમ ઉદ્યોગ સંસ્થા નાસ્કોમ દ્વારા જણાવાયું હતું.નાણાં વર્ષ ૨૦૨૨ના આંકડાની સરખામણીએ નાણાં વર્ષ ૨૦૨૩ના આંકડા નબળા રહ્યા છે, જે આ પરિબળોની અસર થયાનું સૂચવે છે.

# ચીન નહીં હવે ભારતની સિલિકોન વેલીમાં બનશે iPhone, ઈલેક્ટ્રિક કાર સસ્તી થશે

ગુજરાત | વંદન

છેલ્લા કેટલાક વર્ષોમાં ઘણી મોટી કંપનીઓએ ભારતને મુખ્ય ઉત્પાદન કેન્દ્ર તરીકે જોવાનું શરૂ કર્યું છે. ખાસ કરીને ઈલેક્ટ્રિક કમ્પોનન્ટ બનાવતી કંપનીઓનું ધ્યાન ચીનથી વળીને ભારત તરફ આવ્યું છે. અત્યાર સુધીમાં ઈલેક્ટ્રોનિક્સની ગ્લોબલ સપ્લાય ચેઈન હાલમાં સંપૂર્ણપણે ચીન અને તેની શરતો અને નીતિઓ પર નિર્ભર છે. આના સંદર્ભમાં કેટલીક અમેરિકન બ્રાન્ડ્સ ખાસ કરીને એપલ હવે તેમની સુવિધાઓ ચીનમાં બેઠેલા તેમના સપ્લાયરોને શિફ્ટ કરવાની વાત કરી રહી છે. હાલમાં તેનું ઉત્તમ ઉદાહરણ ફોક્સકોન છે, જે એપલ ફોન ઉત્પાદક અને ઈલેક્ટ્રિક કમ્પોનન્ટ સપ્લાયર છે. ફોક્સકોનનો જિયાંગઝોઉમાં મોટો પ્લાન્ટ છે જેમાં લગભગ બે લાખ કર્મચારીઓ છે. હવે કંપની બેંગલુરુમાં પોતાનો પ્લાન્ટ સ્થાપવા જઈ રહી છે જેના કારણે અહીં પણ લગભગ 1 લાખ નોકરીઓનું સર્જન થવાની આશા છે.

### EVનું પણ ઉત્પાદન થશે!



ફોક્સ કોનના પ્લાન્ટને ભારતમાં શિફ્ટ કરીને અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે ટૂંક સમયમાં એપલ અને ફોક્સ કોનની ઈલેક્ટ્રિક કારનું ઉત્પાદન પણ ભારતમાં શરૂ થઈ શકે છે. ફોક્સ કોન પહેલાથી જ તેનું EV મોડલ C પ્રદર્શિત કરી ચૂક્યું છે જે સૌ પ્રથમ તાઈવાનમાં લોન્ચ કરવામાં આવશે. આ સાથે કંપનીએ 2021 માં EV ડેવલોપમેન્ટ અને ઉત્પાદન માટે યુલોન ગ્રુપ સાથે સંયુક્ત સાહસ પણ કર્યું હતું. હવે એવું માનવામાં આવે છે કે આ EVનું ઉત્પાદન અથવા તેનાથી સંબંધિત કેટલાક ભાગોનું ઉત્પાદન ભારતમાં બનાવવામાં આવનાર નવા પ્લાન્ટમાં થઈ શકે છે.

તાઈવાની કંપની ફોક્સ કોન બેંગલુરુમાં 700 મિલિયન ડોલરનું રોકાણ કરીને 300 એકર જમીન પર નવો પ્લાન્ટ સ્થાપવા જઈ રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર કોરોનાને કારણે ઝાંગઝોઉ પ્લાન્ટમાં કંપનીનું ઉત્પાદન ખૂબ પ્રભાવિત થયું હતું. જે બાદ અન્ય દેશોમાં તેનો પ્લાન્ટ લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# માર્ચનું GST કલેક્શન 1.55 લાખ કરોડની ઉપર પહોંચવાની શક્યતા

ગુજરાત | વંદન




ફેબ્રુઆરી 2023નું જીએસટી કલેક્શન 1.49 લાખ કરોડ થયું છે. જે દર્શાવે છે કે અર્થતંત્ર સુધરી રહ્યું છેં. વર્તમાન બજારની સ્થિતિ જોતા માર્ચ મહીનામાં જીએસટી કલેક્શન 1.55 લાખ કરોડની ઉપર પહોંચે તેવી શક્યતા છે. ૨૦૨૩માં જીએસટી કલેક્શન ૧.૪૯ લાખ કરોડ રૂપિયા રહ્યું છે. જે ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીમાં ૧૨ ટકા વધારે છે. ઘરેલુ આર્થિક પ્રવૃત્તિઓ અને કન્ઝ્યુમર ખર્ચ વધતા જીએસટી કલેક્શનમાં ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીમાં વૃદ્ધિ જોવા મળી છે.

જો કે ફેબ્રુઆરી, ૨૦૨૩નું કલેક્શન જાન્યુઆરી, ૨૦૨૩ કરતા ઓછું છે. જાન્યુઆરી, ૨૦૨૩માં જીએસટી કલેક્શન ૧.૫૮ લાખ કરોડ રૂપિયા રહ્યું છે. જે ૧ જુલાઈ, ૨૦૧૭ પછી એટલે કે અત્યાર સુધીનો બીજું સૌથી મોટું કલેક્શન હતું. નાણા મંત્રાલયે જારી કરેલા નિવેદન અનુસાર ફેબ્રુઆરી, ૨૦૨૩માં કુલ જીએસટી ૧,૪૯,૫૭૭ કરોડ રૂપિયા રહ્યું છે. જે ફેબ્રુઆરી, ૨૦૨૨ની સરખામણીમાં ૧૨ ટકા વધારે છે.

મંત્રાલયના જણાવ્યાં અનુસાર, ફેબ્રુઆરીમાં ૨૮ દિવસ જ હોવાથી દર વર્ષે ફેબ્રુઆરીમાં કલેક્શન સામાન્ય કરતા ઓછું હોય છે. નાણા મંત્રાલયે જારી કરેલા આંકડા અનુસાર કુલ ૧,૪૯,૫૭૭ કરોડ રૂપિયાના જીએસટી પૈકી સેન્ટ્રલ જીએસટી ૨૭,૬૬૨ કરોડ રૂપિયા, સ્ટેટ જીએસટી ૩૪,૯૧૫ કરોડ રૂપિયા, ઈન્ટેગ્રેટેડ જીએસટી ૭૫,૦૬૯ કરોડ રૂપિયા, સેસ ૧૧,૯૩૧ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે.

૧,૯૩૧ કરોડ રૂપિયા સેસ કલેક્શન જીએસટી અમલમાં મૂકવામાં આવ્યું ત્યારથી અત્યાર સુધી સૌથી વધારે કલેક્શન છે. ઉલ્લેખનીય છે કે સળંગ ૧૨ મહિનાથી જીએસટી કલેક્શન ૧.૪૦ લાખ કરોડ રૂપિયાથી વધારે રહ્યું છે.

# આંધ્રપ્રદેશમાં ₹40 હજાર કરોડનું રોકાણ કરશે મુકેશ અંબાની, 50 હજારને મળશે

ગુજરાત | વંદન

મુકેશ અંબાણીએ આંધ્રપ્રદેશ માટે મોટી જાહેરાત કરી છે. તે રાજ્યમાં કંઈક એવું કરશે કે ત્યાંના 50 હજાર લોકો માટે રોજગારીની નવી તકો ઊભી થશે. આંધ્રપ્રદેશના ઉત્પાદનોને સમગ્ર દેશમાં ઉપલબ્ધ કરાવવા માટે રિલાયન્સ રિટેલ રાજ્યમાંથી વધુને વધુ કૃષિ, કૃષિ આધારિત ઉત્પાદનો અને અન્ય ઉત્પાદનોનું સોર્સિંગ કરશે. આ સાથે કંપની રાજ્યમાં 10 ગીગાવોટ અથવા કહો કે 10,000 મેગાવોટ ક્ષમતાનો સોલાર પાવર પ્લાન્ટ સ્થાપશે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેને જણાવ્યું હતું કે અહીંથી કંપનીની તેલ અને ગેસ સંશોધન ટીમને 2002માં ગેસ મળ્યો હતો. "અમે અમારી KGD યોજનાની છ અસ્કયામતોમાં 150,000 કરોડથી



વધુનું રોકાણ કર્યું છે જે ગેસ પાઈપલાઈનના વિકાસમાં સહાયક છે. આજે રિલાયન્સ દ્વારા KGD ના છ બેસિનમાં જે કુદરતી ગેસનું ઉત્પાદન થાય છે તેનાથી ભારતના સ્વચ્છ ઉર્જા અભિયાનને વેગ મળી રહ્યો છે અને ભારતના ગેસ ઉત્પાદનમાં લગભગ 30 ટકા યોગદાન આપીશું.

# જેસલમેર ખાતે AGELનો 700 મેગાવોટનો પવન-સૌર હાઈબ્રિડ પ્લાન્ટ સંપૂર્ણ કાર્યરત

■ હવે AGELનો કાર્યરત પવન-સૌર હાઈબ્રિડ પોર્ટફોલિયો 2140 મે.વો. સાથે દુનિયામાં સૌથી મોટો પોર્ટફોલિયો

ગુજરાત | વંદન

રાજસ્થાનના જેસલમેર ખાતે અદાણી સમૂહના રિન્યુએબલ અંગ અદાણી ગ્રીન એનર્જી લિ. (AGEL) નો ચોથો વિન્ડ-સોલર હાઈબ્રિડ પાવર પ્લાન્ટ હવે સંપૂર્ણ રીતે કાર્યરત થયો છે અને તેની સંપત્તિનું મૂડીકરણ થયું છે. નવા ઉમેરાયેલા આ હાઈબ્રિડ પાવર પ્લાન્ટની સંયુક્ત કાર્યાન્વિત ઉત્પાદન ક્ષમતા ૭૦૦ મેગાવોટ છે અને ૨૫ વર્ષ માટે કીલોવોટ



હોર્સપાવરના રૂ.3.24 લેખે પાવર પરચેઝ એગ્રીમેન્ટ (PPA) ધરાવે છે.

આ નવો હાઈબ્રિડ પાવર પ્લાન્ટ 600 મેગાવોટના સૌર અને 510 મેગાવોટના વિન્ડ પ્લાન્ટનો બનેલો છે. અદ્યતન હાઈબ્રિડ પ્લાન્ટ સૌર ઉર્જામાંથી મહત્તમ વીજળી ઉત્પાદન પ્રાપ્ત કરવા માટે બાયફેસિયલ સોલાર પીવી મોડ્યુલ્સ અને હોરીઝોન્ટલ સિંગલ-એક્સિસ ટ્રેકર્સ (HSAT) સિસ્ટમ્સ જેવી અદ્યતન રીન્યુએબલ તકનીકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્લાન્ટ એક જ સ્થાને છે અને તેની ડિઝાઈન ઓછામાં ઓછા 50% ની CUF પહોંચે તે રીતે તૈયાર કરવામાં આવી છે. ભારતમાં કોઈપણ રિન્યુએબલ પ્રોજેક્ટનો આ સૌથી વધુ CUF છે. આ પ્લાન્ટ રીન્યુએબલ એનર્જીની શક્યતાનો ઉપયોગ કરીને ઉત્પાદન આડેના વિક્ષેપને ઉકેલવા સાથે વધતી જતી વીજ માંગને પહોંચી વળવા વધુ ભરોસાપાત્ર ઉકેલ પૂરો પાડે છે. આ સાથે AGELનો કાર્યાન્વિત પવન-સૌર હાઈબ્રિડ પોર્ટફોલિયો હવે 2140 મેગાવોટના વિશ્વના સૌથી મોટા ઉત્પાદનના આંકને આંબી ગયો છે.

# "ભારતના G20 પ્રેસિડેન્સીમાં થિંક20ના મુખ્ય સ્તંભો"નું ગુજરાત યુનિવર્સિટી ખાતે આયોજન

ગુજરાત | વંદન

ગુજરાત યુનિવર્સિટીએ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, મનોહર પર્રિકર ઈન્સ્ટિટ્યૂટ ફોર ડિફેન્સ સ્ટડીઝ એન્ડ એનાલિસિસ (MP-IDSA) અને ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશન (ORF) ના સહયોગથી સંયુક્ત રીતે G20 ની આઉટરીચ ઈવેન્ટ થિંક 20 અથવા T20નું "ભારતના G20 પ્રેસિડેન્સીમાં થિંક20 ના મુખ્ય સ્તંભો"નાં મુખ્ય થીમ પર ૨૭મી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ ગુજરાત યુનિવર્સિટી ખાતે આયોજન કર્યું હતું. આ કાર્યક્રમની અધ્યક્ષતા ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. હિમાંશુ પંડયા, મનોહર પર્રિકર ઈન્સ્ટિટ્યૂટ ફોર ડિફેન્સ સ્ટડીઝ એન્ડ એનાલિસિસ (MP-IDSA)નાં ડાયરેક્ટર જનરલ એમ્બેસેડર સુજન ચિનોય, ટાસ્કફોર્સ ચેર અને સિનિયર ફેલો ઓબ્ઝર્વર રિસર્ચ




ફાઉન્ડેશન (ORF) અનિર્બન સરમા, અને Y20ના સલાહકાર વરુણ ઝાવેરી દ્વારા કરવામાં આવી હતી. એમ્બેસેડર સુજન આર. ચિનોય, ડાયરેક્ટર જનરલ, MP-IDSAએ "ટોવર્ડ્સ રીફોર્મડ મલ્ટીલેટરાલીસ્મઃ ટ્રાન્સફોર્મિંગ ગ્લોબલ ઈન્સ્ટિટ્યૂશન્સ એન્ડ ફ્રેમવર્કસ" પર મુખ્ય ભાષણ રજૂ કર્યું હતું.

પરિવર્તન માટે સસ્તું, સુલભ અને સમાવિષ્ટ ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સામાન્ય ડિજિટલ ભવિષ્યનું નિર્માણ કરવું જરૂરી છે. વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોએ T20 ની વિવિધ થીમ પર પ્રસ્તુતિ અને વિચારો રજુ કર્યા હતાં.

એએમએના પ્રમુખ દિવ્યેશ રાડિયાએ આભાર વિધિ રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં વિવિધ પૃષ્ઠભૂમિ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# યૂટ્યૂબ પર રોકાણકારોને ગુમરાહ કરવાને મામલે SEBIએ 'સર્કિટ'ને 1 વર્ષ માટે બેન કર્યો

ગુજરાત | વંદન

SEBIએ યૂટ્યૂબ દ્વારા શેરોમાં પંપ એન્ડ ડંપ કરનાર લોકો સામે કડક કાર્યવાહી કરી છે. સેબીને ફરિયાદ મળી હતી કે, યૂટ્યૂબ ચેનલ દ્વારા આવા પંપ એન્ડ ડંપની રમત ચાલી રહી હતી. જેના પર સેબીએ કાર્યવાહી કરી છે. સેબીએ ચાર ચેનલો દ્વારા શાર્પલાઈન અને સાધના બ્રોડકાસ્ટ શેરના ગોળાટાની જાણકારી મેળવી છે. આ મામલે બોલિવૂડ એક્ટર અરશદ વારસી અને તેની પત્નીનું નામ પણ સામે આવ્યું છે. શાર્પલાઈનના મામલે કુલ 25 લોકો સામે કાર્યવાહી કરવામાં આવી છે.

સેબીએ પંપ એન્ડ ડંપ મામલે કાર્યવાહી કરી છે. આમાં યૂટ્યૂબ પર નાના રોકાણકારોને ભ્રમિત કરવા માટે પ્રમોશનલ વીડિયો



બનાવીને પંપ એન્ડ ડંપના ગતિવિધિઓને અંજામ આપવામાં આવતો હતો. આ મામલો 50 કરોડથી વધુ રૂપિયાનો છે. જેમાં સેબીએ શાર્પલાઈન અને સાધનાના શેરોમાં ગોળાટાની જાણકારી મેળવી છે.

સેબીના એક્શનની વાત કરીએ તો સાધના બ્રોડકાસ્ટના મામલે 31 લોકો સામે એક્શન લીધી છે. આ 31 લોકોમાં બોલિવૂડનો ફેમસ એક્ટર અરશદ વારસી પણ સામેલ છે. અરશદ વારસીની સાથે પત્ની અને તેના સંબંધીઓના નામ પણ સામે આવ્યા છે. જ્યારે શાર્પલાઈન મામલે સેબીએ 24 લોકો સામે કાર્યવાહી કરી છે. આ લોકો સામે રોકાણકારોને ગુમરાહ કરવાની અને શેર બજારને નુકશાન પહોંચાડવાનો આરોપ છે.

સેબીએ તમામ દોષિયો સામે કાર્યવાહી કરતા બજારમાં ટ્રેડિંગ પર તત્કાલિક રોક લગાવી દીધી છે. સેબીએ કહ્યું કે, 'આ કેસમાં દોષિત અરશદ વારસી સહિત ઘણા યુટ્યુબર્સ રોકાણકારોને ગેરમાર્ગે દોરીને તેમની વોલ્યુમમાં વધારી રહ્યા હતા મહિને 75 લાખ રૂપિયા સુધીની કમાણી કરી રહ્યા હતા.' તમામ અપરાધીઓ સામે એક વર્ષનો પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

# ખામીયુક્ત ચાવીના કારણે 8 લાખ કાર રિકોલ કરી

■ રિકોલનું કારણ કેટલીક સમસ્યાઓને કારણે ચાલતા વાહનમાં ઈગ્નીશનની નિષ્ફળતા

ગુજરાત | વંદન

નિસાન મોટર્સે તેની 809,000થી વધુ નાની SUV કારને પરત મંગાવી છે. આ રિકોલનું કારણ કેટલીક સમસ્યાઓને કારણે ચાલતા વાહનમાં ઈગ્નીશનની નિષ્ફળતા છે. રિકોલમાં 2017 થી 2022 દરમિયાન બનેલા ખામીયુક્ત મોડલની સાથે 2014 અને 2020 વચ્ચે બનેલા કેટલાક ખામીયુક્ત મોડલ્સનો સમાવેશ થાય છે. કંપનીએ યુએસ અને કેનેડાના વાહનોને રિકોલ કર્યા છે.

કંપનીના જણાવ્યાં અનુસાર, આ એસયુવીમાં જેકનાઈફ ફોલ્ડિંગ કી છે જે સંપૂર્ણ રીતે ખુલ્લી રહી શકતી નથી. જો ચાવી સહેજ પણ ફેરવવામાં આવે તો ડ્રાઈવરના ફોબને સ્પર્શવાની સંભાવના રહે છે, પરિણામે અજાણતાં એન્જિન બંધ થાય છે. આના પરિણામે એન્જિનમાં પાવર ખોવાઈ શકે છે અને વાહનના પાવર બ્રેક્સને નુકસાન થઈ શકે છે.

ઉપરાંત, અકસ્માતના કિસ્સામાં એર બેગ ફુલતી નથી. જોકે કંપનીનું કહેવું છે કે આ સમસ્યાને કારણે તેને હજુ સુધી કોઈ અકસ્માત કે કોઈ મુસાફરને ઈજા થઈ હોવાની માહિતી મળી નથી.

નિસાન હજુ સુધી આ સમસ્યાનો ઉકેલ શોધી શકી નથી. કંપની માર્ચમાં વાહન માલિકોને એક વચગાળાનો પત્ર જારી કરશે જેમાં તેમને કી રિંગ્સ સિવાય બીજું કંઈ ન ઉમેરવાની સૂચના આપવામાં આવશે. આ પછી, તેમને કંપની દ્વારા જાણ કરવામાં આવશે, જેમાં તેમને તેમની એસયુવીને ડીલરશીપ પર લઈ જવા માટે કહેવામાં આવશે જેથી કરીને તેને ઠીક કરવામાં આવે. કંપનીનું કહેવું છે કે જે વાહનોની ચાવી પૂરી રીતે ખુલી નથી રહી તેવા વાહનોના માલિકોએ તરત જ તેમના ડીલરનો સંપર્ક કરવો જોઈએ.

### ફેબ્રુઆરીમાં પણ પાછા બોલાવવામાં આ વાહનો આવ્યા હતા




ઉત્તર અમેરિકામાં, નિસાને ફેબ્રુઆરીમાં સીટ બેલ્ટ અને સ્ટીયરિંગ વ્હીલમાં સમસ્યાને કારણે તેના 463,000 થી વધુ વાહનો પાછા બોલાવ્યા હતા. પછી સીટ બેલ્ટ અને સ્ટીયરીંગ વ્હીલમાં સમસ્યાને કારણે વાહન ચલાવવું સલામત માનવામાં આવતું ન હતું. આ કારોમાં 2008 થી 2011 દરમિયાન વેચાયેલી નાની ફ્રન્ટિયર પીકઅપ, મોટી ટાઈટન પીકઅપ અને આર્માડા એસયુવી જેવા મોડલનો સમાવેશ થાય છે.

# મહારાષ્ટ્રમાં 25 જેટલી ખાંડ મિલોએ પિલાણ કામગીરી વહેલી આટોપી લીધી

■ ખાંડની વધારાની નિકાસ પર અંકૂશ આવવાની શકયતા

ગુજરાત | વંદન

ફેબ્રુઆરીના અંત સુધીમાં મહારાષ્ટ્રની ૨૫ જેટલી ખાંડ મિલોએ પિલાણ કામગીરી બંધ કરી દીધી છે, જે સામાન્ય કરતા બે મહિના વહેલી છે. પ્રતિકૂળ હવામાનને કારણે કામગીરી બંધ કરી દેવાની મિલોને ફરજ પડી હોવાનું ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું.

દેશમાં મહારાષ્ટ્ર ખાંડનું મોટું



ઉત્પાદક રાજ્ય છે. કામગીરી વહેલી આટોપી લેવાનો અર્થ રાજ્યમાં ખાંડનું ઉત્પાદન પ્રારંભિક અંદાજ કરતા નીચું ઊતરી શકે છે, એમ બજારના સુત્રોએ જણાવ્યું હતું.

રાજ્યમાં નીચા ઉત્પાદનની સ્થિતિમાં દેશનું એકંદર ખાંડ ઉત્પાદન પણ નીચું જોવા મળી શકે છે.

મહારાષ્ટ્રમાં વર્તમાન મોસમ માટે ૧.૩૮ કરોડ ટન ખાંડ ઉત્પાદન અંદાજ મુકાયો હતો.

ખાંડના નીચા ઉત્પાદનની સ્થિતિમાં દેશમાંથી વધારાની ખાંડની નિકાસ પર અંકૂશ આવી શકે છે. વિશ્વમાં ભારત ખાંડનો બીજો મોટો નિકાસકાર દેશ છે ત્યારે નિકાસ પર અંકૂશથી વિશ્વ સ્તરે ખાંડના ભાવમાં વધારો થઈ શકે છે. જેનો બ્રાઝિલ તથા થાઈલેન્ડને લાભ થશે એમ પણ બજારના સુત્રોએ ઉમેર્યું હતું.

### અમેરિકા અને યુરોપના 4000 લોકો પર કરાયું રિસર્ચ

# ડાયાબિટિસ કન્ટ્રોલ કરવા આર્ટિફિશિયલ શુગર વાપરતા હોવ તો ચેતી જજો, હાર્ટએટેકનું જોખમ વધશે



જો તમે ફિટ અને યુવાન છો અને તમને કોઈ જાતનો રોગ પણ નથી, તો તમે ખૂબ જ આરામથી મીઠી ચા પીતા હશો. પરંતુ ડાયાબિટીસ કે વધતા વજનથી પીડિત લોકોએ શુગરથી દૂર રહેવું પડે છે. તેમના માટે આર્ટિફિશિયલ સ્વીટનર જ એકમાત્ર વિકલ્પ છે. તે સ્વાસ્થ્ય માટે સારું માનવામાં આવે છે. એવો દાવો કરવામાં આવે છે કે આ શુગરનો વિકલ્પ બ્લડમાં શુગર લેવલને કંટ્રોલ કરવામાં મદદ કરે છે અને વજન ઘટાડવામાં પણ મદદ કરે છે. જોકે, ક્લિવલેન્ડ ક્લિનિકની નવી સ્ટડીમાં ચેતવણી આપવામાં આવી છે કે જે લોકો આર્ટિફિશિયલ શુગરનો ઉપયોગ કરે છે તેઓને વધુ જોખમ હોય છે. આ સ્ટડી 'નેચર મેડિસિન'માં પ્રકાશિત થઈ છે.

એરિથ્રિટોલ ભારતમાં અને સમગ્ર વિશ્વમાં ઉપલબ્ધ એક લોકપ્રિય આર્ટિફિશિયલ સ્વીટનર છે. આ સ્ટડીમાં દાવો કરવામાં આવ્યો છે કે એરિથ્રિટોલ સ્વીટનરના લાંબા સમય સુધી ઉપયોગથી હાર્ટએટેક અને સ્ટ્રોકનું જોખમ વધી જાય છે. આ રિસર્ચમાં અમેરિકા અને યુરોપના 4000 લોકોને સામેલ કરાયા હતા. તેમાં કેટલાક લોકો એવા હતા જેમને પહેલાથી જ હાર્ટ સંબંધી બીમારીઓનું જોખમ હતું. સંશોધકોએ આ સ્વીટનર શરીરમાં પહોંચ્યા પછી તેની અસરોનો નજીકથી અભ્યાસ કર્યો હતો.

**એરિથ્રિટોલ શુગરની જેમ જ 70 ટકા ગળ્યું હોય છે**

રિસર્ચરોએ જણાવ્યું હતું કે રિસર્ચના પરિણામો દર્શાવે છે કે એરિથ્રિટોલ પ્લેટલેટ્સને સરળતાથી એક્ટિવ કરે છે અને લોહીના ક્લોટનું નિર્માણ કરે છે. તાજેતરના વર્ષોમાં એરિથ્રિટોલ જેવા સ્વીટનર ખૂબ જ પોપ્યુલર થયા છે, પરંતુ આ દિશામાં વધુ ઊંડાણપૂર્વક રિસર્ચ કરવાની જરૂર છે. ક્લિવલેન્ડ ક્લિનિક ખાતે રિસર્ચ ઈન્સ્ટીટયુટના એમડી અને ચેરમેન તથા રિસર્ચના લેખક સ્ટેનલી હેજને જણાવ્યું હતું કે, "એ સમજવું જરૂરી છે કે શુગરની જગ્યાએ આ 'આર્ટિફિશિયલ સ્વીટનર'નું સેવન કરવાથી લાંબા ગાળાની શું અસર થાય છે." એરિથ્રિટોલ શુગરની જેમ જ 70 ટકા ગળ્યું હોય છે અને તેને કોર્નના ફર્મેન્ટેશનથી તૈયાર કરવામાં આવે છે. શરીરમાં પ્રવેશ્યા બાદ તે પેશાબ દ્વારા બહાર આવે છે. સ્ટડીમાં મુખ્યત્વે આ પ્રકારના આર્ટિફિશિયલ સ્વીટનરથી ક્લોટના જોખમ વિશે ચેતવણી આપવામાં આવી છે.

# સારા કોલેસ્ટ્રોલ માટે સેવન કરો આ વસ્તુઓ, જાણો કોલેસ્ટ્રોલ લેવલ ઘટાડતા ફૂડ્સ



આપણા લોહીમાં બે પ્રકારના કોલેસ્ટ્રોલ જોવા મળે છે, ગુડ કોલેસ્ટ્રોલ અને બેડ કોલેસ્ટ્રોલ. બેડ કોલેસ્ટ્રોલને ખૂબ જ ખતરનાક માનવામાં આવે છે. ધમનીઓમાં ખરાબ કોલેસ્ટ્રોલનું પ્રમાણ વધવાથી હૃદય સુધી યોગ્ય માત્રામાં લોહી પહોંચતું નથી, જેના કારણે હાર્ટ એટેક અને સ્ટ્રોક વગેરેનું જોખમ વધી જાય છે. શરીરમાં કોલેસ્ટ્રોલના લેવલને નિયંત્રિત કરવાથી તમારું ઓવરઓલ સ્વાસ્થ્ય યોગ્ય રહે છે. કોલેસ્ટ્રોલનું લેવલ ઘટાડવા માટે હેલ્ધી ડાયટ અને લાઈફસ્ટાઈલને જરૂરી માનવામાં આવે છે. જો તમને પણ હાઈ કોલેસ્ટ્રોલ છે તો તેના માટે તમારે વસ્તુઓનું સેવન ધ્યાનથી કરવું જોઈએ.

## કોલેસ્ટ્રોલ લેવલ ઘટાડે છે આ ફૂડ્સ

**નટ્સ** | બદામ, અખરોટ, મગફળી અને અન્ય નટ્સ ખાવું હૃદય માટે સારું છે. નટ્સમાં વધારાના પોષક તત્વો હોય છે જે આપણા હૃદયને ઘણી રીતે સુરક્ષિત કરે છે અને કોલેસ્ટ્રોલના લેવલને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

**માછલી** | માછલીમાં ઓમેગા-3 ફેટી એસિડ જોવા મળે છે. ઓમેગા-3 ફેટી એસિડ ખરાબ કોલેસ્ટ્રોલને ઘટાડવામાં મદદ કરે છે. જો તમે માછલીનું સેવન નથી કરતા તો તમે માછલીના તેલની કેપ્સ્યુલ ખાઈ શકો છો. આ સિવાય તમે સૂર્યમુખીના બીજ, ચિયા બીજ, ભાંગના બીજ, તલ અને કોળાના બીજનું પણ સેવન કરી શકો છો.

**કઠોળ** | કઠોળમાં દ્રાવ્ય ફાયબર જોવા મળે છે. શરીર તેને પચવામાં થોડો સમય લે છે. એટલે કે તેને ખાવાથી તમારું પેટ લાંબા સમય સુધી ભરેલું રહે છે. કઠોળ વજન ઘટાડવા માટે પણ ખૂબ ફાયદાકારક માનવામાં આવે છે.

**પ્લાન્ટ બેસ્ડ ફૂડ્સ** | હાઈ કોલેસ્ટ્રોલ ધરાવતા લોકોએ પ્લાન્ટ બેસ્ડ ફૂડ્સનું વધારે સેવન કરવું જોઈએ. પ્લાન્ટ બેસ્ડ ફૂડ્સમાં કઠોળ, પાલક, વટાણા, ટોફુ વગેરેનો સમાવેશ થાય છે. આ બધામાં પૂરતા પ્રમાણમાં પોષક તત્વો મળી આવે છે અને તે ખરાબ કોલેસ્ટ્રોલને ઘટાડવામાં પણ મદદ કરે છે.

## આ વસ્તુઓથી પણ ઘટે છે બેડ કોલેસ્ટ્રોલનું લેવલ

**સફરજન** | ડૉક્ટરો દરરોજ એક સફરજન ખાવાની સલાહ આપે છે કારણ કે તેને ખાવાથી ઘણી બીમારીઓનું જોખમ ઓછું થઈ શકે છે. સફરજનમાં પેક્ટીન નામનું ફાઈબર જોવા મળે છે જે ખરાબ કોલેસ્ટ્રોલને ઓછું કરવામાં મદદ કરે છે.

**ટામેટા** | ટામેટા ઘણા પોષક તત્વોથી ભરપૂર હોય છે. તેમાં વિટામિન A, B, K અને C મળી આવે છે, જે ત્વચા, આંખો અને હૃદય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. આ સિવાય તેમાં પોટેશિયમ પણ મોટી માત્રામાં જોવા મળે છે. તે કોલેસ્ટ્રોલ, બ્લડ પ્રેશર અને સ્ટ્રોકનું જોખમ ઘટાડે છે.

**પપૈયા** | પપૈયામાં ફાઈબર ભરપૂર માત્રામાં જોવા મળે છે. બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવાની સાથે તે ખરાબ કોલેસ્ટ્રોલને પણ ઘટાડે છે. એક મોટા પપૈયામાં 13 થી 14 ગ્રામ ફાઈબર હોય છે. રોજ પપૈયું ખાવાથી પાચનક્રિયા પણ સુધરે છે.

# હોળી પર ભાંગની સાથે આ વસ્તુઓનું સેવન ટાળવું જોઇએ, જાણો કઇ-કઇ છે તે વસ્તુઓ

હોળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી છે. હોળી રંગોનો તહેવાર છે. લોકો ઉત્સાહથી રંગોથી રમે છે. હોળીના દિવસે લોકો ભાંગ પણ પીવે છે. ભાંગ વગર હોળીનો તહેવાર અધૂરો લાગે છે. પરંતુ ઘણીવાર ભાંગ સાથે કેટલીક વસ્તુઓ ખાવાની ટાળવી જોઈએ. ભાંગ સાથે શું ખાવું અને શું ન ખાવું તે વિશે અમે NMCH હોસ્પિટલના ડૉ. યોગેશ સાથે વાત કરી, જેમણે અમને ઘણી નવી વાતો જણાવી હતી. જો તમે પણ ભાંગની સાથે આ વસ્તુઓનું સેવન કરો છો તો તમારે સાવધાન રહેવું પડશે.

### ફેટ વાળી વસ્તુઓ

જો તમે ફેટ વાળી વસ્તુઓનું સેવન કરો છો તો આવું ન કરો. ઘણા લોકો બર્ગર પિઝા સાથે ભાંગનું સેવન કરે છે. તે તમારું સ્વાસ્થ્ય બગાડી શકે છે. ભાંગની સાથે આ વસ્તુઓનું સેવન કરવાથી નશો ઘણો વધી જાય છે. જેના કારણે તમારે ઉલ્ટી જેવી સમસ્યાનો પણ સામનો કરવો પડી શકે છે.

### ડેરી પ્રોડક્ટનું સેવન ટાળો

નિષ્ણાતોનું કહેવું છે કે ભાંગની સાથે ડેરી પ્રોડક્ટનું સેવન ટાળવું જોઈએ. ભાંગની સાથે ડેરી પ્રોડક્ટનું સેવન કરવાથી તમારું પેટ ખરાબ થઈ શકે છે. તેમજ તમારે લૂઝ મોશન જેવી સમસ્યાઓનો સામનો કરવો પડશે. જો તમે પણ ભાંગની સાથે આ વસ્તુઓનું સેવન કરો છો, તો તમારે તમારી આ આદત બદલવી પડશે. આ અમારા દ્વારા નહીં પરંતુ અમારા નિષ્ણાતો દ્વારા શેર કરવામાં આવ્યું છે.



**ખાલી પેટ ભાંગનું સેવન ટાળો**
ઘણા લોકો ખાલી પેટે ભાંગનું સેવન કરે છે. આ તમારા સ્વાસ્થ્ય માટે ખૂબ જ નુકસાનકારક સાબિત થઈ શકે છે.

# હોળીના તહેવાર પર મહેમાનો માટે બનાવો આલુ જલેબી, ખાઈને કરશે ભરપૂર વખાણ



હોળીના તહેવાર નજીક આવી રહ્યો છે. હોળી એ રંગોનો તહેવાર છે, તેથી આ દિવસે લોકો એકબીજાને રંગો લગાવે છે અને ઘરે આવેલા મહેમાનોને વિવિધ પ્રકારની વાનગીઓ અને મીઠાઈઓ ખવડાવે છે. આવી સ્થિતિમાં આજે અમે તમારા માટે બટાકાની જલેબી બનાવવાની સરળ રેસિપી લઈને આવ્યા છીએ. તેનો સ્વાદ લાજવાબ હોવાની સાથે-સાથ જ ટેસ્ટી પણ છે. તો ચાલો જાણીએ તેને બનાવવાની રીત...

### જલેબી બનાવવા માટેની સામગ્રી

- બટાકા – ત્રણ થી ચાર
- દહીં – 1 કપ
- આરારૂટ – 1 કપ
- ખાંડ – 1 કપ
- કેસર – 1 ચમચી
- એલચી – 1થી 2 નાની ચમચી
- ગુલાબ જળ – એક ચમચી
- ઘી – તળવા માટે

### જલેબી બનાવવાની રીત

બટાકા જલેબી બનાવવા માટે સૌથી પહેલા કેસરને ગુલાબ જળમાં મિક્સ કરો. ખાંડની ચાંસણી બનાવી લો. તેમાં કેસર અને ઈલાયચી મિક્સ કરીને અલગ રાખો. હવે બાફેલા બટેકાની છાલ ઉતારીને મેશ કરી લો. આમાં દહી અને આરારૂટ મિક્સ કરી લો. હવે જલેબીનું ઘાટ્ટું ખીરું તૈયાર કરી લો.

હવે ઘી ગરમ કરી જલેબીના ખીરામાંથી ગોળ-ગોળ જલેબી બનાવીને તળી લો. પછી તેને ચાસણીમાં નાખો. જ્યારે જલેબી ચાસણી પી લે તો તેને કાઢીને ગરમ-ગરમ સર્વ કરો. તો તૈયાર છે બટાકાની ટેસ્ટી જલેબી.

# હીંગનું પાણી પીવાથી વજન ઘટાડવા સહિત મળશે 5 અદભુત ફાયદા...

હીંગના ફાયદા અંગે તો તમે સૌએ સાંભળ્યું જ હશે. પરંતુ શું તમને ખબર છે કે, તેના પાણીમાં અદભુત અને ભરપૂર પોષકતત્વો હોય છે. હીંગમાં ભરપૂર માત્રામાં કાર્બોહાઈડ્રેટ અને ફાઈબર હોય છે. તેનું સેવન કરવાથી પાચનતંત્ર સાથે સંકળાયેલ સમસ્યાઓ સરળતાથી દૂર થાય છે અને શરીરના મેટાબૉલિઝમમાં પણ સુધારો થાય છે. હીંગના પાણીના સેવનથી વજન ઘટાડવામાં મદદ મળે છે. તેના પાણીના સેવનથી અપચો, ગેસ, પાચનમાં સમસ્યા અને કબજિયાત જેવી સમસ્યાઓ સરળતાથી દૂર થાય છે. આ ઉપરાંત હીંગના પાણીનું સેવન કરવાથી ભૂખ વધારવામાં પણ મદદ મળે છે. તેનું સેવન કરવાથી ઘણી બીમારીઓ સરળતાથી દૂર થાય છે. પ્રાચીન કાળથી જ હીંગનો ઉપયોગ રસોઈમાં કરવામાં આવે છે. હીંગ રસોઈને સ્વાદિષ્ટ બનાવવાની સાથે-સાથે શારીરને સ્વસ્થ રાખવામાં પણ મદદ કરે છે. તો ચાલો જોઈએ હીંગનું પાણી પીવાના ફાયદા વિસ્તૃતમાં.

### પાચનતંત્ર માટે ફાયદાકારક છે હીંગનું પાણી

હીંગના પાણીનું સેવન કરવાથી પાચનમામ સુધારો થાય છે. હીંગનું પાણી પીવાથી ડાયજેસ્ટિવ સ્ટીમુલેન્ટ તેજ થાય છે, જેનાથી પાચનનો પ્રવાહ ઝડપી બને છે અને ભોજન પચાવવામાં મદદ મળે છે. તેના સેવનથી કબજિયાત, ગેસ, એસિડિટી અને અપચા જેવી સમસ્યાઓ દૂર થાય છે. હીંગનું પાણી પેટને હેલ્ધી રાખવામાં મદદ કરે છે.

### મેટાબૉલિઝમમાં સુધારો કરે છે


હીંગનું પાણી પીવાથી મેટાબૉલિઝમમાં સુધારો થાય છે, તેનાથી શરીર સ્વસ્થ રહે છે. હીંગનું પાણી પીવાથી ચયાપચય સારું થાય છે, જેનાથી ઘણી બીમારીઓ સરળતાથી દૂર થાય છે. હીંગનું પાણી પીવાથી શરીરની ઘણી બીમારીઓ સરળતાથી દૂર થાય છે.

### વજન ઘટાડવામાં મદદ કરે છે

આમ તો હીંગના પાણીમાં ઘણા ફાયદાકારક ગુણો હોય છે. જો તમે લાંબા સમયથી વજન ઘટાડવા અંગે વિચારી રહ્યા હોવ તો તમારે હીંગના પાણીનું સેવન કરવું જોઈએ. હીંગના પાણીમાં એવા ઘણા ગુણ હોય છે, જે વજન ઘટાડવાની સાથે-સાથે બેલી ફેટ ઓછો કરવામાં પણ મદદ કરે છે. હીંગનું પાણી વજન નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

### માથાના દુખાવામાં આરામ આપે છે

હીંગનું પાણી પીવાથી માથાના દુખાવામાં આરામ મળે છે અને શરીર પણ સ્વસ્થ રહે છે. હીંગનું પાણી પીવાથી માઈગ્રેનના દુખાવામાં પણ આરામ મળે છે. હીંગમાં એન્ટી ઈંફ્લેમેટરી ગુણો હોય છે, જે રક્ત



વાહિકાઓમાં સોજાને ઓછો કરે છે. તેના સેવનથી માથાના દુખાવામાં આરામ મળે છે.

### શરદીથી બચાવે છે ...

હીંગના પાણીનું સેવન કરવાથી શરદી સામે રક્ષણ મળે છે. જે લોકોને બહુ જલદી શરદી થતી હોય તેમના માટે હીંગનું પાણી વરદાન સમાન ગણાય છે. તેનું પાણી પીવાથી શ્વસન સંબંધિત સમસ્યાઓ સરળતાથી દૂર થાય છે અને શરીર પણ હેલ્ધી રહે છે.


### બનાવવાની રીત

હીંગનું પાણી બનાવવા માટે એક ગ્લાસ નવશેકુ પાણી લો. તેમાં અડધી ચમચી હીંગ પાવડર નાખો અને મિક્સ કરી લો. ત્યારબાદ આ પાણીણે એક-એક ઘુંટડો કરીને પીવું. એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે, પાણીમાં વધારે હીંગ ન નાખવી. હીંગનું પાણી શરીર માટે બહુ ફાયદાકારક ગણાય છે. પરંતુ જો તમને કોઈ બીમારી કે એલર્જીની સમસ્યા હોય તો, ડૉક્ટરની સલાહ બાદ જ તેનું સેવન કરવું જોઈએ.

# હોળી પર ફરવા માટે બેસ્ટ છે આ શહેર, પ્લાન કરો ટ્રિપ અને એક્સપ્લોર કરો સુંદર પ્લેસ

ગુલાલ અને રંગનો તહેવાર હોળીનું નામ સાંભળતા જ લોકો ઉત્સાહમાં આવી જાય છે. આ તહેવાર માટે લોકો જમવાની વ્યવસ્થા અને કપડાની ખરીદીમાં લાગી ગયા છે. બાળકો ફુગ્ગા અને પિચકારી સાથે રમવા લાગ્યા છે. ધૂળેટીના દિવસે લોકો ડિજેના તાલે 'હોલી ખેલે રઘુબીરા...', 'બલમ પિક્ચારી જો તૂને મુજે મારી...' સોંગ પર નાચીને સેલિબ્રેશન કરે છે. તો કેટલાક લોકો હોળી અને ધૂળેટીની રજામાં ફરવા જાય છે. ત્યારે અમે તમને હોળી પર ફરવા માટેના બેસ્ટ પ્લેસ વિશે જણાવીએ.

### બનારસ



ઉત્તર પ્રદેશ વારણસી બનારસ અને કાશી જેવા નામથી પણ પ્રખ્યાત છે. આ શહેર હિન્દુ ધર્મના સૌથી પવિત્ર નગરોમાંથી એક છે. આ શહેર હંમેશા સાંસ્કૃતિ અને ધાર્મિક કેન્દ્ર રહ્યું છે. અહીં આખું વર્ષ પ્રવાસીઓની ભીડ હોય છે. જોકે, હોળીના તહેવાર વખતે અહીં મોટી સંખ્યામાં લોકોની ભીડ હોય છે. હોળી સેલિબ્રેશન સામાન્ય રંગની સાથે ખાસ રીતે કરવામાં આવે છે. ત્યારે તમે અહીં ફરવા જવાનો પ્લાન કરી શકો છો.

### મથુરા

મથુરા અને વૃંદાવનમાં હોળીનો તહેવાર ખૂબ જ ધૂમધામથી ઉજવવામાં આવે છે. વૃંદાવનની હોળી માત્ર ભારતમાં જ નહીં પણ આખા વિશ્વમાં ફેમસ છે. મજાની વાત છે કે, વૃંદાવનમાં વસંત પંચમીના દિવસથી હોળીની શરૂઆત થઈ જાય છે. એવામાં હોળી રમવા માટેના શોખીનો માટે આ એક સારો ઓપ્શન છે. અહીં તમે ફ્રેન્ડ્સ અથવા પરિવાર સાથે ફરી પણ શકો છઓ. જો તમે લઠમાર હોળીનો આનંદ લેવા માગો છો તો તમારે બનારસ અને નંદગામ જવું પડશે. ત્યાં જવા માટે તમારે પહેલાં મથુરા પહોંચવું પડશે અને પછી તમારે બંને સ્થળો પર લઠમાર હોળી જોવાનો આનંદ માણી શકો છો.




### પુષ્કર



રાજસ્થાનમાં સ્થિત પુષ્કર શહેરની ગણતરી ભારતના સૌથી જૂનાં શહેરોમાંથી એક તરીકે થાય છે. અજમેરના ઉત્તર પશ્ચિમમાં સ્થિત આ રાજસ્થાનમાં આગામી હજારો પ્રવાસી અને ભક્તો માટેનું ફેવરિટ પ્લેસ છે. રાજસ્થાનના અલગ-અલગ શહેરમાં ઘણાં શાહી પરિવારના લોકો શાનદાર રીતે હોળીની ઉજવણી કરે છે. તમે પણ આ ફેસ્ટિવલને યાદગાર બનાવવા માટે અહીં જવાનો પ્લાન બનાવી શકો છો.

### ઉદયપુર

જ્યારે પણ રાજસ્થાન ફરવાની વાત હોય છે ત્યારે ઉદયપુરનું નામ જરૂર લેવામાં આવે છે. આ રાજસ્થાનનું બેસ્ટ પર્યટન સ્થળ છએ. અહીં ઘણાં પૌરાણિક સ્થળ, લેક અને અરાવલીની ગીરીમાળાની સુંદરતામાં વધારો થાય છે.





# કોહલીના ખરાબ શોટ સિલેક્શન પર પૂર્વ ભારતીય ક્રિકેટરો ગુસ્સે થયા, DRS ન લેવા પર ઉઠાવ્યા સવાલ

ગુજરાત | વંદન

ભારતીય ટીમને ઈન્દોર ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયન ટીમના હાથે 9 વિકેટે કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. મેચની વાત કરીએ તો આ મેચ લગભગ ત્રણ દિવસ પણ ચાલી શકી ન હતી. તેની પાછળનું સૌથી મોટું કારણ ભારતીય ટીમની નબળી બેટિંગ હતું. જણાવી દઈએ કે ઈન્દોર પીચને લઈને પણ ઘણી ચર્ચા ચાલી રહી છે. આ પીચ પર બંને ટીમના બેટ્સમેનોને સ્પિનરો સામે રમવામાં ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ભારતીય ટીમનો પ્રથમ દાવ 109 રનમાં સમેટાઈ ગયો હતો. આ સાથે જ ઓસ્ટ્રેલિયાની ટીમે પ્રથમ દાવમાં 197 રન બનાવ્યા હતા. આ પછી ભારતીય ટીમ બીજી ઈનિંગમાં 60.3 ઓવરમાં 163 રન પર સમેટાઈ ગઈ હતી. બીજી ઈનિંગમાં ચેતેશ્વર પૂજારા સિવાય તમામ બેટ્સમેન સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા. પ્રથમ દાવમાં શાનદાર લયમાં દેખાઈ રહેલા વિરાટ કોહલીએ બીજી ઈનિંગમાં મોટી ભૂલ કરી. વાસ્તવમાં 13 રનના સ્કોર પર બેટિંગ કરી રહેલા કોહલીને ઓસ્ટ્રેલિયાના મેથ્યુ કુહનમેને એલબીડબલ્યુ કરી દીધો હતો. કોહલીએ તેના બોલ પર પુલ શોટ રમવાનો પ્રયાસ કર્યો હતો.

# ભારતીય મહિલા પ્રીમિયર લીગની મેચોનું મુંબઈમાં દબદબાભેર પ્રારંભ



## ■ પ્રથમ મેચ મુંબઈ ઈન્ડિયન્સ અને ગુજરાત વચ્ચે યોજાઈ

ગુજરાત | વંદન

ભારતમાં પહેલીવાર મહિલા પ્રીમિયર લીગની મેચો આજે શનિવારથી શરૂ થઈ ગયી છે. મહિલા પ્રીમિયર લીગની આ પ્રથમ સિઝન છે. આ મેચમાં ગુજરાત જાયન્ટ્સ અને મુંબઈ ઈન્ડિયન્સની ટીમો વચ્ચે યોજાઈ હતી. હરમનપ્રીત કૌર મુંબઈ ઈન્ડિયન્સની કેપ્ટનશીપની જવાબદારી સંભાળી રહી છે જ્યારે ગુજરાત જાઈન્ટ્સની આગેવાની બેથ મૂની કરી રહી છે. આ મહિલા પ્રીમિયર લીગની મેચોનું લાઈવ પ્રસારણ અને લાઈવ સ્ટ્રીમિંગ પણ કરવામાં આવ્યું હતું. મુંબઈના ડીવાય પાટીલ સ્ટેડિયમ ખાતે આ મેચ યોજાઈ હતી.

વિમેન્સ પ્રીમિયર લીગ ઓપનિંગ સેરેમની ભારતીય સમય અનુસાર સાંજે 5.30 વાગ્યે શરૂ થઈ હતી. મહિલા પ્રીમિયર લીગ ઓપનિંગ સેરેમનીનું જીવંત પ્રસારણ સ્પોર્ટ્સ-18 પર કરવામાં આવ્યું હતું. જોકે મેચના ચાહકો ચાહકો Jio સિનેમા પર લાઈવ સ્ટ્રીમિંગ જોયુ હતું. આ સિવાય સ્પોર્ટ્સ-18 પર મહિલા પ્રીમિયર લીગની બાકીની મેચોનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. જ્યારે લાઈવ સ્ટ્રીમિંગ Jio સિનેમા પર જોઈ શકાશે. ઓપનિંગ સેરેમની બાદ સિઝનની પ્રથમ મેચ ગુજરાત જાયન્ટ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે રમાઈ હતી.

## અશ્વિને કપિલ દેવને પાછળ છોડ્યા

# ઈન્ડિયાનો ત્રીજો સર્વાધિક વિકેટ ટેકર બોલર બન્યો



ગુજરાત | વંદન

રવિચંદ્રન અશ્વિન હાલ ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર ગાવસ્કર ટ્રોફિમાં અદ્ભુત પ્રદર્શન કરી રહ્યો છે. તે એક પછી એક ઈન્ટરનેશનલ મહાન બોલરો તો ઠીક પણ ભારતના મહાન બોલરોના રેકોર્ડ્સ પણ તોડી રહ્યો છે. ગઈકાલે જ ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર જેમ્સ એન્ડરસનને પાછળ છોડી વિશ્વનો નંબર -1 ટેસ્ટ બોલર બન્યો હતો તો આજે તેણે 3 વિકેટ ઝડપીને ભારતના મહાન ઓલરાઉન્ડર કપિલ દેવને વિકેટ લેવા બાબતે પાછળ છોડ્યા છે. અશ્વિને કુલ 688 વિકેટો ખેરવી છે. કપિલ દેવ આ યાદીમાં 687 વિકેટ સાથે

### ઈન્ડિયા માટે સૌથી વધુ વિકેટ લેનારા બોલર

- 953 (499) – અનિલ કુંબલે
- 707 (442) – હરભજન સિંહ
- 688* (347) – અશ્વિન
- 687 (448) – કપિલ દેવ
- 597 (373) – ઝાહીર ખાન

ત્રીજા નંબરે હતા. આજની મેચમાં શાનદાર પ્રદર્શન કરીને અશ્વિને કપિલ દેવને પાછળ છોડ્યા છે. આમ કરીને અશ્વિન ઈન્ડિયાનો ત્રીજો સૌથી હાઈએસ્ટ વિકેટ ટેકર બની ગયો છે. આ યાદીમાં પ્રથમ ક્રમાકે અનિલ કુંબલે 953 વિકેટ સાથે છે. હરભજન સિંહ 707 વિકેટ સાથે બીજા નંબરે છે.

# મેસ્સીએ FIFA વર્લ્ડ કપ 2022 ટીમના સભ્યોને ગિફ્ટ કર્યા 35 સોનાના iPhone





## ■ સંપૂર્ણપણે પર્સનલાઈઝ્ડ iPhoneની કિંમત 175,000 પાઉન્ડ

ગુજરાત | વંદન

FIFA વર્લ્ડ કપ 2022 જીતનાર કેપ્ટન લિયોનેલ મેસ્સીએ પોતાની ચેમ્પિયન ટીમ આર્જેન્ટીના માટે એક ખાસ ભેટ આપી છે. મેસ્સીએ તેની ટીમના સભ્યો અને સપોર્ટ સ્ટાફ માટે 35 ગોલ્ડ આઈફોનનો ઓર્ડર આપ્યો હતો. આ iPhones સંપૂર્ણપણે પર્સનલાઈઝ્ડ છે અને જેની કિંમત 175,000 પાઉન્ડ (લગભગ 1.73 કરોડ રૂપિયા) છે.

અહેવાલમાં એક સ્ત્રોતને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, "લિયોનેલ તેની ગૌરવપૂર્ણ ક્ષણની ઉજવણી કરવા માટે કંઈક કરવા માંગતો હતો, પરંતુ તેને ઘડિયાળ જેવી સામાન્ય ભેટ જોઈતી ન હતી. આ માટે તેણે ઉદ્યોગસાહસિક બેન લિયોન સાથે જોડાણ કર્યું અને તેઓએ સાથે મળીને આ વિચાર કર્યો." રિપોર્ટ્સમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે દરેક આઈફોનમાં દરેક પ્લેયરનું નામ અને આર્જેન્ટીનાનો લોગો છે. આઈફોનની પાછળ દરેક ખેલાડીના નામની સાથે તેમના જર્સી નંબર પણ હોય છે. બધા iPhones પર વર્લ્ડ ચેમ્પિયન પણ લખેલું છે. આ ફોનને iDesign દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યો છે. iDesignના CEOએ મેસ્સીની પ્રશંસા કરી અને કહ્યું કે તે ખૂબ સારા ગ્રાહકોમાંથી એક છે. તેણે વધુમાં કહ્યું કે મેસ્સીએ વર્લ્ડ કપ ફાઈનલના થોડા મહિના બાદ અમારો સંપર્ક કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આર્જેન્ટિનાના કેપ્ટન અને વિશ્વના મહાન ફૂટબોલરોમાંના એક લિયોનેલ મેસ્સીએ હાલમાં જ FIFA 2022નો 'ધ બેસ્ટ પ્લેયર' નો એવોર્ડ જીત્યો છે. તાજેતરમાં રમાયેલા ફિફા વર્લ્ડ કપમાં મેસ્સીએ આર્જેન્ટિનાને ખિતાબ અપાવ્યો હતો. વર્લ્ડ કપમાં પોતાના પ્રદર્શનથી બધાના દિલ જીતનાર મેસ્સીએ આ એવોર્ડ પોતાના નામે કર્યો. આ સિવાય વર્લ્ડ કપ વિજેતા ટીમના કોચ લિયોનેલ સ્કોલોનીને બેસ્ટ કોચનો એવોર્ડ મળ્યો હતો. આ જીતથી મેસ્સી ખૂબ જ ભાવુક થઈ ગયો, કારણ કે તેણે આ માટે બે દાયકાથી વધુ સમય સુધી રાહ જોઈ હતી. વાસ્તવમાં, 20 વર્ષમાં પ્રથમ વખત એવું બન્યું હતું કે કોઈ બિન-યુરોપિયન ટીમે વર્લ્ડ કપ જીત્યું હોય.

# શોટપુટર તેજિન્દર પાલ સિંહ તૂરે નેશનલ થ્રો ચેમ્પિયનશિપમાં ગોલ્ડ જીત્યો




## ■ 19.95 મીટર ગોળો ફેંકીને તોડ્યો પોતાનો જ રેકાર્ડ

ગુજરાત | વંદન

જકાર્તા એશિયન ગેમ્સના સુવર્ણ ચંદ્રક વિજેતા શોટપુટર તેજિન્દર પાલ સિંહ તૂરે ગયા બુધવારે બેલ્લારીમાં ભારતીય રમતગમત સંસ્થાનમાં રમાઈ રહેલી નેશનલ થ્રો ચેમ્પિયનશિપમાં ગોળા ફેંકમાં ગોલ્ડ જીત્યો હતો. તેણે 19.95 મીટર ગોળો ફેંકીને પટિયાલામાં બનાવેલા પોતાના જ રેકાર્ડ 19.94 મીટરના પોતાના રેકોર્ડને એક સેન્ટીમીટરથી તોડી નાખ્યો હતો. જો કે, તેણે 20 મીટરનું અંતર માપવા માટે ચાર વખત પ્રયાસ કર્યો, પરંતુ તે સફળ મળી નહીં.

પંજાબના કરણવીર સિંહે 19.54 મીટર સાથે સિલ્વર અને દિલ્હીના સાહિબ સિંહે 18.77 મીટર સાથે બ્રોન્ઝ જીત્યો હતો. મહિલા હેમર થ્રોમાં ઉત્તરાખંડની રેખા સિંહે 54.44 મીટરના થ્રો સાથે ગોલ્ડ જીત્યો હતો. રાજસ્થાનની મંજુ બાલા 53.83 મીટરના થ્રો સાથે બીજા ક્રમે રહી હતી. પુરુષોના હેમર થ્રોમાં રાજસ્થાનના યુવરાજ જાખરે 52.69 મીટરના થ્રો સાથે ગોલ્ડ જીત્યો હતો. તમિલનાડુના દિનેશ (52.32) બીજા અને ઉત્તર પ્રદેશનો મેરાજ અલી (51.71) ત્રીજા ક્રમે રહ્યા હતા. પુરુષોના ડિસ્કસ થ્રોમાં હરિયાણાના મનજીતે 51.24 મીટરના થ્રો સાથે ગોલ્ડ જીત્યો હતો. રાજસ્થાનના પ્રવીણ કુમાર (50.88) બીજા અને યુપીના દીપક યાદવ (49.72) ત્રીજા સ્થાને રહ્યાં હતા.



# જસપ્રીત બુમરાહ ન્યૂઝીલેન્ડમાં કરાવશે સર્જરી, જાણો ક્યારે કરશે ટીમ ઇન્ડિયામાં વાપસી

ગુજરાત | વંદન

ભારતીય ટીમના સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહની પીઠ પર સતત ઈજા થઈ રહી છે. ગત ઈંગ્લેન્ડ પ્રવાસ પછી થયેલી ઈજાને લીધે તે ગયા વર્ષે એશિયા કપ અને ટી-20 વર્લ્ડ કપ 2022 સહિત ઘણી મોટી મેચમાંથી બહાર છે. હવે એવા સમાચાર સામે આવ્યા છે કે, આગામી વર્લ્ડ કપ 2023 નજીક હોવાને લીધે બુમરાહે સર્જરી કરાવવાનો નિર્ણય કર્યો છે. એક રિપોર્ટ મુજબ, આ સર્જરી બુમરાહ ન્યૂઝિલેન્ડમાં કરાવી શકે છે. જો બુમરાહની આ સર્જરી થઈ તો તેને ઓછામાં ઓછા 20થી 24 અઠવાડિયા ટીમ ઈન્ડિયાની બહાર રહેવું પડશે. જેનો અર્થ છે કે, બુમરાહ IPL 2023ની સાથે વર્લ્ડ કપ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં જો ભારતે ક્વોલિફાઈવ કર્યું તો ફાઈનલ મેચ પણ મિસ કરી શકે છે.

એક રિપોર્ટ મુજબ, જસપ્રીત બુમરાહ તેની પીઠની સર્જરી માટે ન્યૂઝિલેન્ડ જઈ શકે છે. ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (BCCI)ની મેડિકલ ટીમ અને નેશનલ ક્રિકેટ એકેડમી (NCA)એ એક કીવી સર્જનને પસંદ કર્યા છએ. જેણે જોફ્રા આર્ચરની પણ સર્જરી કરી હતી. બુમરાહને ઓકલેન્ડ પણ મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ઈંગ્લેન્ડમાં ઘાયલ થયા પછી જસપ્રીત બુમરાહ ગયા વર્ષે ઓસ્ટ્રેલિયા સામે લિમિટેડ ઓવર સીરીઝમાં વાપસી કરી હતી. બુમરાહ સંપૂર્ણ રીતે ફિટ ના હોવાને લીધે તે મોટી ટૂર્નામેન્ટમાં ભાગ લઈ શક્યા નહોતાં. આ વર્ષની શરૂઆતમાં પણ તેમને શ્રીલંકા સામેની સિરીઝમાં ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતાં. પણ સિરીઝ શરૂ થયા પહેલાં જ તેમનું નામ સ્ક્વોડમાંથી હટાવી દેવામાં આવ્યું હતું.

BCCI આગામી વર્લ્ડ કપ 2023ને ધ્યાનમાં રાખીને હવે જસપ્રીત બુમરાહની ફિટનેસ સાથે કોઈ રિસ્ક લેવા માગતું નથી. જેને લીધે તેની આ સર્જરી ઝડપથી કરાવવાનો નિર્ણય કર્યો છે. જો જસપ્રીત બુમરાહની આ સર્જરી થશે તો તે સપ્ટેમ્બર મહિનામાં વાપસી કરી શકે છે. એવામાં તેમને વર્લ્ડ કપની તૈયારી કરવામાં થોડોક સમય મળશે.

## ઈન્દોર ટેસ્ટમાં નોંધાવી એક મોટી ઉપલબ્ધિ

# નાથન લિયોને તોડ્યો મુરલીધરનનો મહારેકોર્ડ

## ■ આવું કરનારો બની ગયો પહેલો સ્પીનર

ગુજરાત | વંદન

ભારત અને ઓસ્ટ્રેલિયાની વચ્ચે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ત્રીજી ટેસ્ટ મેચના બીજા દિવસે ઓસ્ટ્રેલિયન સ્ટાર સ્પીનર નાથન લિયોનનો તરખાટ જોવા મળ્યો હતો. નાથન લિયોનની ધાકડ બૉલિંગ સામે ભારતીય ટીમ ધરાશાયી થઇ ગઇ છે. ખાસ વાત છે કે, ઈન્દોર ટેસ્ટમાં નાથન લિયોનના નામે એક મોટી ઉપલબ્ધિ પણ નોંધાઈ ગઇ છે, નાથન લિયોને બૉલિંગમાં મુરલીધનના મહારેકોર્ડને પણ તોડી નાંખ્યો છે, અને આમ કરનારો પહેલો સ્પીનર બની ગયો છે. ઓસ્ટ્રેલિયન સ્ટાર સ્પીનર



નાથન લિયોન આમ તો દુનિયાભરમાં વિકેટો ઝડપે છે, પરંતુ ભારતમાં તેનું પ્રદર્શન જોવાલાયક રહે છે. ઈન્દોરમાં રમાયેલી ત્રીજી ટેસ્ટમાં જેવો શુભમન ગીલને આઉટ કર્યો તેવો જ તેના નામે એક

### ભારત વિરુદ્ધ સૌથી વધુ વિકેટો લેનારા સ્પીનર્સ

- નાથન લિયોન - 108* વિકેટો
- મુથૈયા મુરલીધરન - 105 વિકેટો
- લાન્સ ગિબ્સ - 63 વિકેટો
- ડેરેક અંડરવૂડ - 62 વિકેટો

મોટો રેકોર્ડ નોંધાઇ ગયો. ખરેખરમાં, નાથન લિયોનની ભારતમાં 106મી વિકેટ હતી, અને આની સાથે જ તે ભારત વિરુદ્ધ સૌથી વધુ વિકેટો લેનારો સ્પીનર બની ગયો છે. આ પહેલા આ રેકોર્ડ શ્રીલંકન સ્પીનર મુથૈયા મુરલીધરનના નામે હતો, તેને 105 વિકેટો ઝડપી હતી. આની સાથે જ તે ભારત વિરુદ્ધ 105 થી વધુ વિકેટો લેનારો પહેલો સ્પીનર બની ગયો છે.

# ઈન્દોરના હોલકર સ્ટેડિયમની પીચને ICC મેચ રેફરીએ 'Poor' ગણાવી

ગુજરાત | વંદન

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની શ્રેણીની ત્રીજી ટેસ્ટ ઈન્દોરમાં ત્રીજા જ દિવસે પુરી થઈ ગઈ હતી. આ પછી આઈસીસી મેચ રેફરી ક્રિસ બ્રોડે ઈન્દોરની પીચને 'પૂઅર' એટલે ટેસ્ટ મેચ માટે ખરાબ પીચ ગણાવી હતી. મેચ રેફરીના રેટિંગના આધારે આઈસીસીએ ઈન્દોરના હોલકર સ્ટેડિયમની પીચને ત્રણ ડીમેરિટ પોઈન્ટ્સ આપ્યા છે.

ક્રિસ બ્રોડે તેના રિપોર્ટમાં જણાવ્યું કે, પીચ એકદમ સૂકી હતી અને તેના પર બેટ



અને બોલ વચ્ચેનો સમતોલ મુકાબલો જોવા મળ્યો નહતો. શરૂઆતથી પીચ સ્પિનરોને યારી આપી રહી હતી. મેચના પાંચમા બોલ પર જ પીચ તુટી ગઈ હતી અને તે સિલસિલો ત્યાર બાદ જોવા મળ્યો હતો. પીચ પર ફાસ્ટ બોલરોને નહીવત્ કહી શકાય તેવી મુવમેન્ટ મળતી હતી. મેચ દરમિયાન પીચ પરથી અસમાન ઉછાળનો અતિરેક પણ જોવા મળ્યો હતો.

હવે બીસીસીઆઇ ઈચ્છે તો ૧૪ દિવસમાં આઈસીસી મેચ રેફરીના રેટિંગ સામે અપીલ કરી શકે. આઈસીસીએ ઈન્દોરને ૩ ડીમેરિટ પોઈન્ટ આપ્યા છે. હવે જો પાંચ વર્ષ દરમિયાન ઈન્દોરને વધુ બે ડિમેરિટ પોઈન્ટ મળે તો તે મેદાન પર એક વર્ષ સુધી કોઈ આંતરરાષ્ટ્રીય મેચ રમાડી ના શકાય.

# 14000 ફૂટની ઉંચાઈએ જવાનો રમ્યા ક્રિકેટ: 'હાઉ ઈઝ ધ જોશ..હાઈ સર...!



## ■ ગલવાન વેલીમાં માઈનસ ઝીરો ડિગ્રીમાં જવાનોએ અશક્યને શક્ય બનાવ્યું

ગુજરાત | વંદન

સમગ્ર વિશ્વમાં ભારતીય સેનાના ઉત્સાહનો કોઈ મુકાબલો નથી. જમીન હોય, પાણી હોય કે આકાશ, ભારતીય સેના દરેક જગ્યાએ સમાન બહાદુરીથી વર્તે છે. આ તસ્વીર પૂર્વ લદ્દાખના ગલવાનની છે. જ્યાં ભારતીય સેનાના જવાનો 14000 ફૂટની ઉંચાઈએ માઈનસ ઝીરો ડિગ્રીમા કાતિલ ઠંડીમાં ક્રિકેટ રમતા જોવા મળ્યા હતા.

ગલવાન એ જ વિસ્તાર છે જ્યાં ત્રણ વર્ષ પહેલા ભારત અને ચીનના સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી. આ અથડામણમાં બંને દેશના ઘણા સૈનિકો શહીદ થયા હતા. પટિયાલા બ્રિગેડના ત્રિશુલ વિભાગે ઊંચાઈવાળા વિસ્તારમાં ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કર્યું હતું.

ભારતીય સેનાના જવાનોએ માઈનસ ઝીરો ડિગ્રી તાપમાનમાં પણ પૂરા જોશ અને ઉત્સાહ સાથે ક્રિકેટ રમી હતી. ભારતીય સેનાએ ટ્વીટ કરીને કહ્યું કે અમે અશક્યને શક્ય બનાવીએ છીએ. તેમાં કોઈ શંકા નથી, ભારતીય સેનાના ઉત્સાહ અને જુસ્સાનો કોઈ મેળ નથી.

નોંધનીય છે કે, ગલવાન ઘાટીમાં જ્યાં બંને દેશોના સૈનિકો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. તેની ઉંચાઈ લગભગ 14000 ફૂટ છે. પૂર્વ લદ્દાખની ગલવાન ઘાટી ગલવાન નદીની નજીકની ટેકરીઓ વચ્ચે આવેલી છે.

# ઓસ્ટ્રેલિયા ડબલ્યુટીસી ફાઇનલમાં ક્વોલિફાય થયું, ભારત આ રીતે જ પહોંચી શકશે

ગુજરાત | વંદન

ઈન્દોરમાં રમાઈ રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ત્રીજી ટેસ્ટના ત્રીજા દિવસે શુક્રવારે ભારતીય ટીમને ઓસ્ટ્રેલિયાના હાથે 9 વિકેટે પરાજયનો મોટો આંચકો લાગ્યો હતો. આનાથી ભારતીય ટીમની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ક્વોલિફાય થવાની આશાને મોટો ફટકો પડ્યો છે.

સ્ટીવ સ્મિથની આગેવાની હેઠળના ઓસ્ટ્રેલિયાએ 2021-23 WTC ચક્રમાં તેમની 11મી જીત નોંધાવીને ફાઈનલમાં પોતાનું સ્થાન બનાવી લીધું છે. આ દરમિયાન ભારતીય ટીમને ટકાવારીમાં મોટું નુકસાન થયું છે. તેના 64.06 ટકા હતા જે હાર બાદ ઘટીને 60.29 પર આવી ગયા છે. 2021-23 ચક્રમાં 17 મેચોમાં ભારતીય ટીમની આ પાંચમી હાર હતી.

શ્રીલંકાને ન્યૂઝીલેન્ડ પ્રવાસ પર બે મેચની ટેસ્ટ શ્રેણી રમવાની છે. જો શ્રીલંકાની ટીમ બંને મેચ જીતે છે તો તેની પાસે 61.11 ટકા હશે. જો કે જો ભારતીય ટીમ અમદાવાદમાં ઓસ્ટ્રેલિયાને હરાવશે તો તેના 62.5 ટકા સાથે 135 પોઈન્ટ થઈ જશે. જો અમદાવાદમાં રમાયેલી મેચ ડ્રોમાં સમાપ્ત થાય અથવા ભારત હારી જાય તો ભારતના 56.94 ટકા સાથે 123 પોઈન્ટ હશે.

## ભારત માટે ફાઇનલમાં પહોંચવાનો આ છે આસાન રસ્તો



જો ભારતીય ટીમને ડબલ્યુટીસી ફાઈનલ માટે ક્વોલિફાય કરવું હોય તો તેની પાસે 9 માર્ચથી અમદાવાદમાં રમાનારી ચોથી ટેસ્ટ જીતવાનો એકમાત્ર રસ્તો બચ્યો છે. ઈંગ્લેન્ડના ધ ઓવલ ખાતે યોજાનારી ડબલ્યુટીસી ફાઈનલમાં સ્થાન મેળવવા માટે શ્રીલંકા એકમાત્ર ટીમ છે. જો ભારતીય ટીમ અમદાવાદમાં જીત નોંધાવશે તો તેની ટકાવારી 62.5 થશે. શ્રીલંકાના ખતરાને ટાળવા માટે આ પૂરતું છે.

# ચીન સરહદે અરૂણાચલ પ્રદેશમાં દેશનો સૌથી મોટો હાઈડ્રોપાવર પ્રોજેક્ટ બનશે



ગુજરાત | વંદન

અરૂણાચલ પ્રદેશમાં દિબાંગ નદી પર ૩૨ હજાર કરોડના ખર્ચે દેશનો સૌથી મોટો હાઈડ્રોપાવર પ્રોજેક્ટ હાથ ધરાયો છે. ૨૮૮૦ મેગાવોટના આ પ્રોજેક્ટને પૂરો થવામાં નવ વર્ષનો સમય લાગશે. ચીન સરહદ નજીક બનનારા આ પ્રોજેક્ટથી અરૂણાચલ પ્રદેશનું વીજ ઉત્પાદન વધશે. દરમિયાન ચીનના વિદેશ મંત્રી સાથે ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે દ્વિપક્ષીય સંવાદ કર્યો હતો અને સરહદી વિવાદ સહિતના મુદ્દે ચર્ચા કરી હતી.

અરૂણાચલ પ્રદેશની દિબાંગ નદી પર ચીન સરહદે સૌથી મોટો હાઈડ્રોપાવર પ્રોજેક્ટ હાથ ધરાશે. ૨૨૮૦ મેગાવોટની ક્ષમતા ધરાવતા આ હાઈડ્રોપાવર પ્રોજેક્ટને નેશનલ હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર કોર્પોરેશન લિમિટેડ બનાવશે. એ માટે અંદાજે ૩૨ હજાર કરોડ રૂપિયાની ફાળવણી થઈ છે. પ્રોજેક્ટને બનતા નવ વર્ષ લાગશે. તેની ઊંચાઈ ૨૭૮ મીટર હશે. ચીન સરહદ નજીક ભારતનો આ સૌથી મહત્ત્વનો પ્રોજેક્ટ છે.

દરમિયાન જી-૨૦ વિદેશ મંત્રીઓની બેઠક યોજાઈ રહી છે. એ બેઠક વચ્ચે ચીનના વિદેશ મંત્રી કિન ગેંગ અને ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર વચ્ચે દ્વિપક્ષીય સંવાદ થયો હતો. વિદેશ મંત્રી એસ. જયશંકરે ટ્વિટરમાં કહ્યું હતું કે સરહદે શાંતિ સ્થાપવા માટે ચર્ચા કરવામાં આવી છે. બંને દેશો વચ્ચે જે મુદ્દે મતભેદો અને સંઘર્ષ ચાલી રહ્યો છે તેની ચર્ચા થઈ છે. ભારત જી-૨૦ની યજમાની કરી રહ્યું છે તે એજન્ડા બાબતે પણ વાત થઈ છે. બંને દેશો સામે સર્જાયેલા પડકારો બાબતે વાતચીત થઈ હતી. સરહદી સ્થિતિ સામાન્ય કરવા પર ભાર મૂકાયો હતો. ત્રણ વર્ષથી લદાખ સરહદે બંને દેશના સૈન્ય વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. હિંસક અથડામણ પણ થઈ ચૂકી છે ત્યારે આ મુલાકાતમાં લદાખ સરહદે ચાલતો વિવાદ ઉકેલવા ચર્ચા થઈ હતી.

ડિસેમ્બર-૨૦૨૨માં કિન ગેંગે ચીન વિદેશમંત્રી બન્યા હતા. એ પછી તેમની આ પ્રથમ ભારત મુલાકાત છે. જી-૨૦ દેશોના વિદેશ મંત્રીઓ ભારત આવ્યા છે, એ અંતર્ગત ચીનના વિદેશમંત્રી પણ ભારતની મુલાકાતે આવ્યા છે. કિન ગેંગ અને એસ. જયશંકર વચ્ચે પહેલી વખત વિદેશમંત્રી તરીકે સંવાદ થયો હતો.

# ગૃહમંત્રી અમિત શાહના કોંગ્રેસ પર ચાબખાં, 'એવા હાર્યા કે દૂરબીનથી પણ નથી દેખાતા'

ગુજરાત | વંદન

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કર્ણાટકમાં ભાજપની વિજય સંકલ્પ યાત્રાના ત્રીજા રથને લીલીઝંડી બતાવી રવાના કર્યો. આ અવસરે રેલીને સંબોધતા અમિત શાહે પૂર્વોત્તરના રાજ્યોમાં કોંગ્રેસના પરાજય પર આકરા ચાબખાં માર્યા હતા. તેમણે કહ્યું કે ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલય ત્રણેય જગ્યાએ કોંગ્રેસનો સુપડો સાફ થઈ ગયો. હાર્યા તો હાર્યા પણ એવા હાર્યા કે હવે દૂરબીનથી પણ નથી દેખાતા

અમિત શાહે કહ્યું કે પૂર્વોત્તરના રાજ્યોમાં ભાજપની એન્ટ્રી સામે સવાલો ઊઠ્યા હતા પણ ત્યાં બીજી વખત ભાજપ અને એનડીએની સરકાર બની રહી છે. તેમણે ત્યાં હાજર લોકોને કહ્યું કે તમારી હાજરી જણાવે કે કર્ણાટકમાં ભાજપની પૂર્ણ બહુમતની સરકાર રચાવાની છે. બુધવારે ચંપરાજનગર જિલ્લાના માલે મહાધીશ્વરાથી ભાજપના અધ્યક્ષ જે.પી.નડ્ડાએ પ્રથમ રથને રવાના કર્યો હતો. તેના પછી ગુરુવારે સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે બેલગાવીના નંદાગઢથી બીજા રથને લીલીઝંડી બતાવી હતી. જ્યારે આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બીદર જિલ્લાના બાસવકલ્યાણમાં ત્રીજા રથને લીલીઝંડી બતાવી. ચારેય દિશાઓમાં ચાર રથના માધ્યમથી 8000 કિ.મી.ની યાત્રા થવાની છે. આ યાત્રા 31 જિલ્લા અને 224 વિધાનસભા ક્ષેત્રોમાંથી પસાર થશે. આ દરમિયાન 80થી વધુ રેલીઓ અને 150થી વધુ રોડ શો કરાશે. કેન્દ્ર અને રાજ્યના 50થી વધુ મોટા નેતા આ સંપર્ક અભિયાન સાથે જોડાશે.




## હવામાન વિભાગે જાહેર કરી વિગતો

# ફેબ્રુઆરી મહિનો 122 વર્ષ પછી સૌથી ગરમ રહ્યો

■ આગામી 3 મહિનામાં ગરમીના વધશે લોકોની મુશ્કેલી



ગુજરાત | વંદન

જાન્યુઆરી મહિનો પૂરો થતાં જ ઉત્તર ભારતમાં ગરમીનો અહેસાસ થવા લાગ્યો છે. હવામાન વિભાગનું કહેવું છે કે આ વખતે ફેબ્રુઆરી 122 વર્ષમાં સૌથી ગરમ હતો. આ દરમિયાન, સરેરાશ દિવસનું તાપમાન સામાન્ય કરતાં 1.73 ડિગ્રી સેલ્સિયસ વધારે હતું. અગાઉ ફેબ્રુઆરીમાં આવું તાપમાન 1901માં નોંધાયું હતું. જ્યારે સરેરાશ તાપમાન સામાન્ય કરતાં 0.81 ડિગ્રી સેલ્સિયસ વધુ હતું. ભારતમાં આ વર્ષે ફેબ્રુઆરીમાં મહત્તમ સરેરાશ તાપમાન 29.54 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે સરેરાશ લઘુત્તમ તાપમાન 16 ડિગ્રી સેલ્સિયસથી ઉપર રહ્યું હતું.

આ વખતે ભારતમાં ફેબ્રુઆરી મહિનો 1901 પછી સૌથી વધુ ગરમ રહ્યો હતો. હવામાન જાણકારોનું કહેવું છે કે આગામી 3 મહિનામાં ગરમીના કારણે લોકોને મુશ્કેલી પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ફેબ્રુઆરી 2022માં લઘુત્તમ તાપમાન પણ સામાન્ય કરતા 0.81 ડિગ્રી સેલ્સિયસ વધારે હતું. આ મહિને લઘુત્તમ તાપમાન 16.31 ડિગ્રી સેલ્સિયસ હતું. આ કારણોસર, 1901 પછી, તે ફેબ્રુઆરીમાં પાંચમો સૌથી ગરમ મહિનો હતો. અગાઉ 2016ના ફેબ્રુઆરીમાં મહત્તમ તાપમાન 29.48 °C અને લઘુત્તમ તાપમાન 16.82 °C નોંધાયું હતું. સંયુક્ત રાષ્ટ્ર સાથે સંકળાયેલા ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO)ના ડેટા પણ દર્શાવે છે કે ફેબ્રુઆરી મહિનો વધુ ગરમ થઈ રહ્યો છે. તમને જણાવી દઈએ કે FAO વાર્ષિક ધોરણે તાપમાનમાં થતા ફેરફાર અંગે ડેટા જાહેર કરે છે. છેલ્લા 5 વર્ષના ડેટા દર્શાવે છે કે ફેબ્રુઆરી મહિનામાં ભારતમાં સરેરાશ તાપમાનમાં 0.99 ડિગ્રીનો વધારો થયો છે. જ્યારે તેના છેલ્લા 5 વર્ષમાં તાપમાનમાં આ સરેરાશ વધારો 0.64 ડિગ્રી સેલ્સિયસ હતો.

# બે ગુજરાતીઓ શાહરુખના ઘરમાં શુ લેવા ઘુસ્યા હશે..? આખરે મન્નતમાંથી જેલમાં

ગુજરાત | વંદન



મુંબઈમાં અભિનેતા શાહરુખ ખાનના બંગલામાં ગઈકાલે રાત્રે એક ચોંકાવનારી ઘટના બની હતી. બે યુવકો શાહરુખના બંગલામાં ઘુસી ગયા હતા. બાદમાં આ બંને યુવકોની ધરપકડ કરવામાં આવી હતી.

મુંબઈમાં ગઈકાલે અભિનેતા શાહરુખના ખાનના બાંદ્રા સ્થિત મન્નત બંગલામાં બે યુવકો સુરક્ષાગાર્ડની આંખમાં ધૂળ નાખીને દિવાલ કુદીને અંદર ઘુસી ગયા હતા. આ બંને યુવકો બંગલાના ત્રીજા માળ સુધી પહોંચી ગયા હતા. જો કે સુરક્ષા કર્મીની નજર તેના પર પડતા જ બંને યુવકોને પકડી પાડ્યા હતા. સુરક્ષા ગાર્ડે શાહરૂખ ખાનની ટીમને આ મામલે અપડેટ જાણ કરી હતી. આ મામલે બાદમાં પોલીસ ફરિયાદ નોંધાવવાનું નક્કી કર્યું. આ ઘટના અંગે બાંદ્રા પોલીસ સ્ટેશનમાં કેસની રિપોર્ટ દાખલ કરવામાં આવી હતી. પોલીસ અધિકારીએ બંને યુવકો વિરુદ્ધ કેસ નોંધ્યો હતો. બંને યુવકોને પોલીસે કસ્ટડીમાં લીધા હતા.

આ મામલે પોલીસને હવાલે કરવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં બંને યુવકો ગુજરાતના સુરતથી આવ્યા હોવાનું જાણવા મળ્યુ હતું અને બંને યુવકોની ઉંમર આશરે 21થી 25 વર્ષની વચ્ચે હતી. પોલીસે આ બંને યુવકો પર ભારતીય દંડ સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે. આ મામલે પોલીસે જણાવ્યુ હતું કે બંને યુવકોની પુછપરછ કરતા તેઓએ અભિનેતાને મળવા માટે આવ્યા હતા.

# સચિન, આલિયા, ઐશ્વર્યા જેવી 95 હસ્તીના નકલી ક્રેડિટ કાર્ડ બનાવી કરી લાખોની લૂંટ

ગુજરાત | વંદન



દિલ્હી પોલીસના સાયબર સેલએ છેતરપિંડી કરનારા 5 લોકોની ગેંગનો પર્દાફાશ કર્યો, જેમણે અભિષેક બચ્ચન, ઐશ્વર્યા રાય, સચિન તેંડુલકર, આલિયા ભટ્ટ જેવા લગભગ 95 સેલિબ્રિટીઝના નકલી આધારકાર્ડ્સ અને પાનકાર્ડ બનાવી બેંક ક્રેડિટ કાર્ડ મારફતે 50 લાખ રૂપિયા છેતરપિંડી કરી હતી. આ રીતે ઠગોએ બધા સેલિબ્રિટીઝનો સિબિલ સ્કોર બગાડી નાખ્યો હતો.

પૂર્વી રેન્જના જોઈન્ટ કમિશનર છાયા શર્માના જણાવ્યા અનુસાર, પુણેમાં ક્રેડિટ કાર્ડ બનાવતી કંપની સાથે સંકળાયેલ પ્રેમ શેખાવત ફરિયાદ કરી હતી કે કેટલાક લોકોએ બનાવટી દસ્તાવેજો દ્વારા, સચિન તેંડુલકર, આલિયા ભટ્ટ, હિમેશ રેશમિયા, અભિષેક બચ્ચન અને ઐશ્વર્યાના નામે ક્રેડિટ કાર્ડ બનાવ્યા હતા અને 50 લાખથી વધુની છેતરપિંડી કરી હતી.

પોલીસે આરોપી વિરુધ કેસ નોંધી ક્રેડિટ કાર્ડના આઈપી એડ્રેસ અને મોબાઈલના સીડીઆર પરથી પકડયા હતા. પોલીસ તપાસમાં માહિતી મળી હતી કે, આ ગેંગ દિલ્હીની છે અને જયપુરથી ચલાવતા હતા. આ પછી પોલીસે દિલ્હીમાંથી એક સુનીલકુમાર નામના આરોપીની ધરપકડ કરી હતી. આ આરોપી પાસેથી ઘણા નકલી નામોના આધાર કાર્ડ, પાન કાર્ડ, ક્રેડિટ કાર્ડ, ઈ શ્રમ કાર્ડ મળ્યા હતા. આ રીતે આખી ચેન ચાલતી હતી જેને પોલીસ પકડી પડી અને આગળની તપાસ હાથ ધરી છે.

# ન્યુઝીલેન્ડમાં 6.9 ની તીવ્રતાનો ભૂંકપ, જાનમાલને કોઈ નુકસાન ન હોવાના અહેવાલ

ગુજરાત | વંદન

તુર્કી અને સીરિયામાં આવેલા વિનાશક ભૂકંપ બાદ બીજા ઘણા દેશોમાં પણ સતત ભૂકંપના ભયંકર આંચકા અનુભવાઈ રહ્યા છે. ન્યુઝીલેન્ડની ધરતી ફરી એકવાર ભૂકંપના જોરદાર આંચકાથી ધ્રૂજી ઉઠી હતી. આજે ન્યુઝીલેન્ડમાં ભૂકંપના જોરદાર આંચકા બાદ લોકોમાં ભયનો માહોલ દેખાયો હતો. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 6.9 માપવામાં આવી છે.




અહેવાલ અનુસાર, ન્યુઝીલેન્ડથી દૂર ઉત્તરમાં પેસિફિક ક્ષેત્રમાં 6.9ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જોકે સુનામીનો અંગેનો કોઈ ભય અત્યારે વર્તાઈ રહ્યો નથી. ભૂકંપના કારણે જાનમાલને કોઈ નુકસાન થયું હોય તેવા પણ હજુ સુધી કોઈ અહેવાલ મળ્યા નથી.

મળતી માહિતી અનુસાર, આજે ન્યૂઝીલેન્ડના કર્માડિક આઈલેન્ડ વિસ્તારમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. યુરોપિયન મેડિટેરેનિયન સિસ્મોલોજીકલ સેન્ટર અનુસાર, ભૂકંપની તીવ્રતા 6.6 માપવામાં આવી હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ 183 કિમીની ઊંડાઈએ નોંધાયું હતું. યુએસ સુનામી વોર્નિંગ સિસ્ટમે કહ્યું છે કે ભૂકંપ બાદ સુનામીની અંગેની કોઈ ચેતવણી નથી.

# ગુજરાત અને ગુવાહાટી હાઈકોર્ટમાં જજો માટે કોલેજિયમે કરી 8 નામોની ભલામણ કરવામાં આવી

ગુજરાત | વંદન

ભારતના ચીફ જસ્ટિસ ડી. વાય ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી હાઈકોર્ટની કોલેજિયમે ગુજરાત હાઈકોર્ટમાં જજના રુપમાં નિમણૂક માટે પાંચ ન્યાયિક અધિકારીઓ અને બે વકીલોના નામની ભલામણ કરી છે. આ ઉપરાંત ગુવાહાટી હાઈકોર્ટમાં જજના રુપમાં નિમણૂક માટે વરિષ્ઠ વકીલ કરકદ અટેના નામની ભલામણ કરી છે.

સુપ્રીમ કોર્ટ કોલેજિયમે બેઠકમાં ગુજરાત હાઈકોર્ટમાં 8 જજોની નિમણૂક કરવાની ભલામણ કરવામાં આવી છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ સંજય કિશન કૌલ અને જસ્ટિસ કેએમ જોસેફના કોલેજિયમની ભલામણમાં બે વકીલો અને પાંચ નીચલી કોર્ટના ન્યાયિક અધિકારીઓનો સમાવેશ થાય છે. કોલેજિયમની બેઠક બાદ કહેવામાં આવ્યું હતું કે એડવોકેટ દેવાન મહેન્દ્રભાઈ દેસાઈ અને મોક્ષા કિરણ ઠક્કરને જજ તરીકે નિયુક્ત કરવા ભલામણ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટ કોલેજિયમ દ્વારા હાઈકોર્ટના ન્યાયાધીશો તરીકે બઢતી માટે ભલામણ કરાયેલા પાંચ ન્યાયિક અધિકારીઓમાં સુસાન વી પિન્ટો, હંસમુખ ભાઈ ડી સુતાર, જિતેન્દ્ર ચંપક લાલ દોશી, મંગેશ આર માંગડે અને દિવ્યેશ કુમાર અમૃતલાલ જોશીનો સમાવેશ થાય છે.

ભારતના ચીફ જસ્ટિસ ડી. વાય ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી હાઈકોર્ટની કોલેજિયમે ગુજરાત હાઈકોર્ટમાં જજના રુપમાં નિમણૂક માટે પાંચ ન્યાયિક અધિકારીઓ અને બે વકીલોના નામની ભલામણ કરી છે. આ ઉપરાંત ગુવાહાટી હાઈકોર્ટમાં જજના રુપમાં નિમણૂક માટે વરિષ્ઠ વકીલ કરકદ અટેના નામની ભલામણ કરી છે.

સુપ્રીમ કોર્ટ કોલેજિયમે બેઠકમાં ગુજરાત હાઈકોર્ટમાં 8 જજોની નિમણૂક કરવાની ભલામણ કરવામાં આવી છે.

# ફિલિપાઈન્સમાં ગવર્નર પર અંધાધુધ ગોળીબારી, હુમલામાં વધુ 5 લોકોના મોત

ગુજરાત | વંદન

ફિલિપાઈન્સમાં શનિવારે અચાનક અંધાધુંધ ગોળીબાર બાદ ગભરાટનું વાતાવરણ હતું. સશસ્ત્ર ગુનેગારોએ ફિલિપાઈન્સના ગવર્નર રોએલ દેગામોની ગોળી મારીને હત્યા કરી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બંદૂકધારીઓએ અનેક રાઉન્ડ ફાયરિંગ કર્યું, જેમાં ગવર્નરે જીવ ગુમાવ્યો. ગોળીબારની ઘટનામાં ગવર્નર ઉપરાંત વધુ પાંચ લોકોના મોત થયા છે. પોલીસે જણાવ્યું કે ગુનેગારો લશ્કરી ગણવેશમાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, પ્રાંતીય નેતા મધ્ય ફિલિપાઈન્સમાં તેમના ઘરે ગ્રામજનો સાથે બેઠક કરી રહ્યા હતા ત્યારે બંદૂકધારીઓએ ગોળીબાર કર્યો હતો.

## આ પુસ્તક પ્રેમ, સેક્સ, જુસ્સો, સ્ત્રી-પુરુષ વચ્ચેના સંબંધો વિશે તાર્કિક રીતે ઘણું બધું કહે છે...

# મહર્ષિ વાત્સ્યાન આજે હોત તો કામસૂત્રમાં પુસ્તકમાં ફેરફારો કર્યા હોત..?!


ગુજરાત | વંદન

મહર્ષિ વાત્સાયને ઈ.સ. 320થી ઈ.સ.520ની વચ્ચેના ગુપ્ત સામ્રાજ્યના સમયગાળા દરમિયાન એક એવુ એક પુસ્તક લખ્યું હતું, જેણે વિશ્વને સ્ત્રી અને પુરુષ વચ્ચેના સંબંધને સમજવામાં મદદ કરી હતી. પુસ્તકનું નામ કામસૂત્ર છે. આ પુસ્તક વિશ્વભરમાં એટલું બધુ લોકપ્રિય બન્યું કે તેના આધારે ત્યારબાદ જે તે સમયે અનેક પુસ્તકો પણ લખાયા.

શારીરિક સંબંધો અને તેમના મહત્વને સમજવાની દ્રષ્ટિએ પણ આ એક ખૂબ જ મહત્વપૂર્ણ પુસ્તક માનવામાં આવે છે. આ પુસ્તક પ્રેમ, સેક્સ, જુસ્સો, સંબંધો વિશે તાર્કિક રીતે ઘણું બધું કહે છે. વાત્સાયને આ પુસ્તક કેવી રીતે લખ્યું તે પણ એક રસપ્રદ વિષય છે અને એટલો જ રસપ્રદ છે કે આવું પુસ્તક લખનાર મહર્ષિ પોતે આજીવન કુંવારા રહ્યાં હતા....?!

બે હજાર વર્ષ પછી આજે પણ આ પુસ્તક સેક્સ વિશે માહિતી આપતું સૌથી અધિકૃત પુસ્તક માનવામાં આવે છે. તે મહર્ષિ વાત્સ્યાયન દ્વારા લખવામાં આવ્યું હતું. વાત્સ્યાયન વિશે એવું કહેવાય છે કે તેણે આ પુસ્તક ગણિકાલયોમાં જઈને તેણે જોયેલી મુદ્રાઓ અને ગણિકાઓ સાથે વાત કર્યા પછી લખ્યું હતું. તેમણે ન તો આવી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો કે ન તો તેનો કોઈ આનંદ લીધો હતો. તેઓ જીવનભર બ્રહ્મચારી રહ્યા. પ્રખ્યાત લેખિકા વેન્ડી ડોનિગરે પણ તેમના પુસ્તક "રિડીમિંગ ધ કામસૂત્ર" માં મહર્ષિ વાત્સાયન વિશે વિગતવાર સમજાવ્યું છે.

ઈતિહાસકારો માને છે કે વાત્સ્યાયન વિચારતો હતો કે સેક્સની ચર્ચા થવી જોઈએ. આને અવગણી શકાય નહીં. તેમના પુસ્તકે લોકોને આ બાબતે સારી માહિતી મળી શકે તે સુનિશ્ચિત કર્યું. આ પુસ્તક લોકો માટે પણ ખૂબ જ માહિતીપ્રદ છે.




પ્રખ્યાત લેખિકા વેન્ડી ડોનિગરે "રિડીમિંગ ધ કામસૂત્ર"માં વાત્સાયન વિશે વિગતવાર સમજાવ્યું છે..

એ જમાનામાં ન તો સેક્સ વિશે કોઈ પુસ્તક હતું કે ન તો તેની માહિતી આપવાની કોઈ વ્યવસ્થા. આ પુસ્તક વાંચવાથી લોકોનું સેક્સ જ્ઞાન નિઃશંકપણે વધે છે. આ પુસ્તક હવે સમગ્ર વિશ્વમાં સંદર્ભિત છે. શું કરવું અને શું ન કરવું તે આ પુસ્તકમાં જણાવવામાં આવ્યું છે. તે હજારો વર્ષ પછી પણ ઉપયોગી રહે છે.


આ પુસ્તકના કેટલાક ભાગો આ રીતે છે. જેના પર વિવાદ થઈ શકે છે. કારણ કે તેમના આ પુસ્તકમાં મહિલાઓને નબળી દર્શાવવામાં આવી છે. એવું કહેવામાં આવ્યું છે કે તેમને હંમેશા ભાવનાત્મક અને આર્થિક સુરક્ષા તરીકે પુરુષોની જરૂર પડશે. આમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે કેવી રીતે મહિલાઓ પુરુષોમાં વાસના પેદા કરીને કંઈ પણ કરી શકે છે.

ચોક્કસપણે, જો વાત્સ્યાયન આજે હયાત હોત તો અને આ પુસ્તક લખ્યું હોત, તો તેણે તેમાં ઘણા ફેરફારો કર્યા હોત. કેમ કે સમયના બદલાવ સાથે પરિસ્થિતિઓ પણ બદલાઈ છે. જ્યારે તેમણે પુસ્તક લખ્યું ત્યારે તેઓ ત્રીજી, ચોથી અને પાંચમી સદીના સંદર્ભમાં વિચારતા હતા, પરંતુ હવે 21મી સદી ચાલી રહી છે. સ્માર્ટફોનમાં બધુ જ ઉપલ્બધ છે ત્યારે તેમના પુસ્તકને કેટલો આવકાર મળ્યો હોત એ પણ એક સવાલ છે. એ પણ સાચું છે કે ચોથી સદીમાં સમાજમાં, સામાજિક પરિસ્થિતિઓમાં, સ્ત્રીઓની પરિસ્થિતિમાં ઘણો બદલાવ આવ્યો છે.

કામસૂત્રના રચિયતા વાત્સ્યાયન એક મહાન ફિલોસોફર પણ હતા. તેમણે 'ન્યાય સૂત્ર' નામનું પુસ્તક પણ લખ્યું હતું. આ પુસ્તક સામાન્ય રીતે આધ્યાત્મિક ઉદારવાદ પર હતું - જન્મ અને જીવન પર આધારિત. તે મોક્ષની પણ વાત કરે છે. આ એક અદ્ભુત પુસ્તક છે, જે જણાવે છે કે વાત્સ્યાયન કેટલો અનોખો હતો. જોકે, આ પુસ્તક પર બહુ ચર્ચા થઈ નથી. પણ બીજા પુસ્તક પર વિશ્વભરમાં સદીઓથી ચર્ચાઓ થાય છે. આજે પણ કોઈ કામસૂત્ર એવુ બોલે કે સાંભળનારાના કાન સરવા થઈ જાય છે.

તેમના વિશે એવું કહેવામાં આવે છે કે તેમણે

...અનુસંધાન પેજ નં. 6 પર



# પલક તિવારીએ બોડીશૂટમાં દેખાડ્યો ગ્લેમરસ અવતાર

## અંગ પ્રદર્શન જોઈને લોકો ગુસ્સે થયા અને ટ્રોલનો શિકાર બનવું પડ્યું

ટીવી એક્ટ્રેસ શ્વેતા તિવારીની દીકરી પલક તિવારીએ સોશિયલ મીડિયા પર તેના કેટલાક ફોટો શેર કર્યા છે, જેમાં તે પોતાનો ક્લીવેજ બતાવતી જોવા મળી રહી છે. જોકે, આ તસવીરોને કારણે પલકને ઈન્ટરનેટ યુઝર્સના ગુસ્સા અને ટ્રોલનો શિકાર બનવું પડ્યું છે.

પલકએ તેની તસવીરોના કેપ્શનમાં કંઈ લખ્યું નથી, પરંતુ તેણે તેની સાથે મોન્સ્ટર એલિયન ઈમોજી ચોક્કસ શેર કરી છે. તસવીરોમાં જોઈ શકાય છે કે પલક પ્રિન્ટેડ ટ્રાઉઝર સાથે પર્પલ બોડીસૂટ પહેર્યુ છે. તેણીએ ગ્લોસી મેક-અપ અને કાઉબોય ટોપી પહેરી છે. તસવીરોમાં પલક ખૂબ જ સ્ટાઈલિશ લાગી રહી છે. પરંતુ ઈન્ટરનેટ યુઝર્સને તેમનું આ પ્રકારનું પ્રદર્શન પસંદ નથી પડ્યું છે. જેના કારણે તેને ટ્રોલ પણ થયું પડ્યું છે.

22 વર્ષની પલકે હાર્ડી સંધુના લોકપ્રિય ગીત 'બિજલી બિજલી'માં કામ કર્યું હતું અને તે તેનો પહેલો મ્યુઝિક વીડિયો હતું. તે સલમાન ખાન સ્ટારર આગામી ફિલ્મ 'કિસી કા ભાઈ કિસી કી જાન'માં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.

# સ્ટાઈલીશ સાડીમાં સંજના સાંઘીની અદાઓ જોઈ ચાહકો થયા ફિદા



બ્લેક સાડીમાં શેર કરેલી સુંદર તસવીરો થઈ વાયરલ

પોતાના સુંદર દેખાવથી લોકોના શ્વાસ થોભી દેનારી બોલિવૂડ અભિનેત્રી સંજના સાંઘી પોતાના પારંપરિક પોશાકને કારણે ચર્ચામાં છે. તેની તસવીરો સોશિયલ મીડિયા પર શેર થતાં જ ઝડપથી વાયરલ થઈ રહી છે. ગોલ્ડન અને બ્લેક સિક્વન્સમાં બનેલી આ સાડી પહેરીને અભિનેત્રી સંજના સાંઘી અદ્ભુત લાગી રહી છે. સ્ટ્રેપલેસ બ્લાઉઝવાળી એક્ટ્રેસ સંજના સાંઘીનો આ લુક જોઈને દરેકના દિલના ધબકારા વધી ગયા છે.

બોલિવૂડ એક્ટ્રેસ સંજના સાંઘીની સુંદરતાએ ચાહકોના દિલો પર એટલી હદે ધૂમ મચાવતી હોય છે. ચાહકો તેની એક ઝલક માટે ઉત્સુક બની જાય છે. અભિનેત્રી સંજના સાંઘીએ બ્લેક સાડીમાં તેની ખૂબ જ સુંદર તસવીરો શેર કરી છે. શેર કરેલી તસ્વીરોમાં તે ગ્લોસી લિપસ્ટિક, હાઈ પોનીટેલ અને હળવા મેકઅપ દેખાઈ રહી છે. તે જોઈને કોઈપણ વ્યક્તિ પ્રેમમાં પડી શકે છે. પ્રશંસકો તેની સુંદરતા પર વિશ્વાસ કરી રહ્યા છે, સાથે જ તેની સુંદરતા પર ઘણી ટિપ્પણીઓ કરી રહ્યા છે. તે કહે છે કે અભિનેત્રીની સુંદરતા અદભૂત છે.

# હોળીયા મેં ઉડે રે ગુલાલ... ડાલોજી રંગ કેસરીયો... હોલી હૈં....

હોળીને આડે હવે થોડો જ સમય બાકી છે અને લોકોમાં હોળીનો રંગ ચડી ગયો છે. હવે હોળી છે, એટલે ઉજવણી તો થવાની જ છે. હોળીમાં જ્યાં બધે રંગ ગુલાલ ઉડતા જોવા મળે છે, ત્યાં હોળીના રંગો બહુ ધામધૂમ વિના ફિક્કા પડતા હોય છે. હિન્દી સિનેમામાં પણ હોળીના રંગો હંમેશા સ્ક્રીન પર ખૂબ જ સારી રીતે દર્શાવવામાં આવ્યા છે. તેની એક ઝલક .....

**'રંગ બરસે ભીગે ચુનર વાલી...'**

'રંગ બરસે ભીગે ચુનર વાલી...' અમિતાભ બચ્ચન અને રેખાને દર્શાવતું આ ગીત દર વર્ષે હોળી સોંગમાં નંબર એક પર જ હોય છે.

**'હોલી ખેલ રઘુવીરા...'**

બાગવાન ફિલ્મનું ગીત હોલી ખેલ રઘુવીરા પણ એક હિટ હોળી ગીત છે. જે દરેક પેઢીમાં લોકપ્રિય છે. આ ગીતમાં અમિતાભ બચ્ચનનો ધમાકેદાર અવાજ હોળીની મજા બમણી કરી દે છે.

**'હોલી કે દિન દિલ મિલ જાતે હૈ...'**

'હોલી કે દિન દિલ મિલ જાતે હૈ...' આ ગીત તમારું ગમતું હશે. ધર્મેન્દ્ર અને હેમા માલિનીનું આ મસ્તીભર્યું ગીત આજે પણ લોકોના મોઢા પર આવી જાય છે.

**'આજ ન છોડેંગે બસ હમજોલી...'**

'આજ ન છોડેંગે બસ હમજોલી...' રાજેશ ખન્ના અને આશા પારેખનું આ ગીત હોળીના મૂડ માટે એકદમ યોગ્ય છે. આ ગીત જો હોળીની પાર્ટીમાં ન વાગે તો પાર્ટી ખરેખર અધૂરી રહે છે.

**'અંગ સે અંગ લગના...'**

બોલિવૂડ કિંગ શાહરૂખ ખાનની ફિલ્મ 'ડર'નું ગીત અંગ સે અંગ લગના હોળીનું સુપરહિટ ગીત છે. આ ગીતમાં અનુપમ ખેર, તન્વી આઝમી, સની દેઓલ અને જુહી ચાવલા જેવા કલાકારો છે. નવી પેઢી હોય કે જૂની, આ ગીત વગાડ્યા પછી લોકો પોતાને ડાન્સ કરતા રોકી શકતા નથી.

**'બલમ પિચકારી જો તુને...'**

'બલમ પિચકારી જો તુને...' ગીત રણબીર કપૂર અને દીપિકા પાદુકોણની કેમેસ્ટ્રી બતાવે છે. આ ગીત હોળી પર સૌથી વધારે વગાડવામાં આવે છે. ડાન્સ સોંગ અને હોળીની મસ્તી આ ગીતમાં ખૂબ સારી રીતે બતાવવામાં આવ્યા છે.

**'લેટ્સ પ્લે હોલી...'**

અક્ષય કુમાર અને પ્રિયંકા ચોપડાનું ગીત 'લેટ્સ પ્લે હોલી' આસપાસના તમામ લોકોને ડાન્સ કરવા માટે મજબૂર કરી દેશે.

**'સોની સોની...'**

શાહરુખ ખાનની ફિલ્મ 'મોહબ્બતે'નું એક ગીત 'સોની સોની' સંપૂર્ણ હોળી સોંગ છે. આ ગીતમાં ડાન્સ સ્ટેપ્સથી લઈને મસ્તી બતાવવામાં આવી છે.

**'ગોરી તૂ લઠ માર...'**

અક્ષય કુમારની 'ટોઈલેટ' ફિલ્મનું એક ગીત 'ગોરી તૂ લઠ માર'માં મથુરાની લઠમાર હોળી સારી રીતે બતાવવામાં આવી છે. મથુરાની હોળીની મસ્તીને જેવી રીતે આ ગીતમાં બતાવવામાં આવી છે તે તમને બીજા કોઈ ગીતમાં જોવા નહીં મળે.

**'સેલ્ફી લેલે રે...'**

સલમાન ખાનની ફિલ્મ 'બજરંગી ભાઈજાન'નું 'સેલ્ફી લેલે રે' ગીત કેવી રીતે ભૂલી શકાય.

**'અરે જા રે હટ નટખટ, ના છુ રે મેરા ઘુંઘટ પલટ કે દુંગી આજ તુઝે ગાલી રે....'**

ફિલ્મ નવરંગમાં અભિનેત્રી સંધ્યા ઉપર આ ગીત ફિલ્માવવામાં આવ્યું હતું. જેની વિશેષતા એ હતી કે તેણે સ્ત્રી અને પુરુષ બન્નેના પહેરવેશમાં નૃત્યની રમઝટ જમાવી હતી.

**'હોલી આઈ રે કન્હાઈ, હોલી આઈ રે હોલી આઈ રે કન્હાઈ...'**

મધર ઈન્ડિયાનું ગીત 'હોલી આઈ રે કન્હાઈ, હોલી આઈ રે હોલી આઈ રે કન્હાઈ...' સુનીલ દત્ત અને રાજેન્દ્ર કુમાર ઉપર ફિલ્માવવામાં આવ્યું હતું.



# બિગ બોસ 16 જીત્યા બાદ હવે ખતરોં કે ખિલાડીમાં દેખાશે એમસી સ્ટેન...!

પી-ટાઉન બેબી એમસી સ્ટેન બિગ બોસ 16 ના વિજેતા બન્યા પછી વધુ હેડલાઈન્સમાં આવી છે. પહેલા તે કપિલ શર્માના શોમાં ગયો હતો, જ્યાં તેણે પોતાના રેપથી બધાનું દિલ ખુશ કરી દીધું હતું. આ પછી હવે સમાચાર આવી રહ્યા છે કે તે 'ખતરો કે ખિલાડી' પણ કરવા જઈ રહ્યો છે. સ્ટેન પાસે ઘણા મોટા પ્રોજેક્ટ છે. તે સાજિદ ખાન સાથે પણ જોડી બનાવી શકે છે. મળતી માહિતી મુજબ ખતરો કે ખિલાડી માટે એમસી સ્ટેનનો સંપર્ક કરવામાં આવ્યો છે. તે 13મી સીઝનમાં જોવા મળી શકે છે. જો કે, આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી અને ન તો સ્ટેન તરફથી કોઈ નિવેદન આવ્યું છે. આ સિવાય એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે આ શો માટે પ્રિયંકા ચાહર ચૌધરી અને અર્ચના ગૌતમનો પણ સંપર્ક કરવામાં આવ્યો છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે કંગના રનૌતના શો 'લોકઅપ સીઝન 2' માટે એમસી સ્ટેનનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જોકે, સ્ટેન તરફથી પણ આ અંગે કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી. કહેવામાં આવી રહ્યું છે કે તેને વધુ એક રિયાલિટી શોની ઓફર કરવામાં આવી છે.

અર્ચના ગૌતમ સાથે ત્યાં પણ થઈ શકે છે ટક્કર



# હોળીના રંગમાં રંગાઈ મોનાલિસા

ભોજપુરી અભિનેત્રી મોનાલિસાનું નામ ઈન્ડસ્ટ્રીની ટોચની અભિનેત્રીઓમાં લેવામાં આવે છે. મોનાલિસાના તેના અભિનય અને સુંદરતાના લાખો ચાહકો છે. એક્ટ્રેસ કેટલાક પોપ્યુલર શોનો ભાગ રહી છે અને તેની દમદાર એક્ટિંગ સ્કિલ્સ ફેન્સ દ્વારા પસંદ કરવામાં આવી છે. બોલિવૂડની જેમ ભોજપુરી એક્ટ્રેસીસની પણ જબરદસ્ત ફેન ફોલોઈંગ છે. આ ટોપ એક્ટ્રેસીસમાં મોનાલિસાનું નામ પણ સામેલ છે. મોનાલિસાએ ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક દાયકા કરતાં વધુ સમય પસાર કર્યો છે. મોનાલિસા તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર ખૂબ જ એક્ટિવ રહે છે અને ઘણીવાર તેના ફેન્સ સાથે તેના લાઈફના અપડેટ્સ શેર કરે છે.ભોજપુરી એક્ટ્રેસ મોનાલિસા પર હોળી પહેલા જ તહેવારનો રંગ ચડી ગયો છે. મોનાલિસાએ તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર ઘણા નવા ફોટા શેર કર્યા છે. આ ફોટા તેના ફેન્સ સાથે શેર કરતા, કેપ્શનમાં, તેણે લખ્યું, "રંગી સારી.... ★holi ★vibes". ફોટોમાં મોનાલિસા નો મેકઅપ લુકમાં જોવા મળી રહી છે. આ ફોટા જોઈને લાગે છે કે એક્ટ્રેસ તેની માતા સાથે પ્રી-હોલી સેલિબ્રેશન કર્યુ છે. તે કલરફુલ ટી અને ગ્રીન લૂઝ પેન્ટમાં ખૂબસૂરત લાગી રહી છે. મોનાલિસાનો આ અંદાજ પણ ફેન્સને પસંદ આવી રહ્યો છે.

કલરફુલ ક્રોપ ટોપમાં આપ્યા સિઝલિંગ પોઝ

# અમદાવાદની મહેમાન બની અભિનેત્રી શ્રદ્ધા કપૂર



### લવ ફિલ્મ્સના બેનર હેઠળ બની રહેલ ફિલ્મ 'તું જૂઠી મેં મક્કાર' નું પ્રમોશન કર્યું

અભિનેત્રી શ્રદ્ધા કપૂર ગયા બુધવારે અમદાવાદની મહેમાન બની હતી. તે ફિલ્મ 'તું જૂઠી મેં મક્કાર'નું નું પ્રમોશન કરવા માટે આવી હતી. અગાઉ, શ્રદ્ધા પુણે અને ઈન્દોરમાં જોરશોરથી ફિલ્મનું પ્રમોશન કરતી જોવા મળી હતી અને ત્યાંના વિદ્યાર્થીઓ અને ચાહકોને તેને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

રણબીર કપૂર અને શ્રદ્ધા કપૂર સ્ટારર ફિલ્મ 'તું જૂઠી મેં મક્કાર'નું પ્રમોશન પુરજોશમાં ચાલી રહ્યું છે. જ્યારે રણબીર અને શ્રદ્ધાના ચાહકો હજુ પણ પ્રમોશનલ ઈવેન્ટ્સમાં બંનેની એક ઝલક જોવા માટે આતુર છે, ત્યારે નિર્માતાઓએ ફિલ્મના અગ્રણી સ્ટાર સાથે અલગ-અલગ શહેરોમાં પ્રમોશનલ પ્રવૃત્તિઓનું આયોજન કર્યું છે.

ફિલ્મ 'તું જૂઠી મેં મક્કાર' લવ ફિલ્મ્સના બેનર હેઠળ બની છે. તે ટી-સિરીઝ દ્વારા રજૂ કરવામાં આવશે. આ ફિલ્મમાં રણબીર કપૂર અને શ્રદ્ધા કપૂર પહેલીવાર સાથે જોવા મળશે. આ ફિલ્મમાં બોની કપૂર અને ડિમ્પલ કાપડિયા પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે જ્યારે કાર્તિક આર્યન કેમિયો કરતો જોવા મળવાનો છે. આ ફિલ્મ 8 માર્ચ, 2023ના રોજ હોળીના તહેવાર પર રિલીઝ થશે.

# સારાનો સ્વીકાર, કરિયરની ભૂલો પરથી ઘણું શીખી છું



સારા અલી ખાનની અનેક ફિલ્મો રિલીઝ થઈ ચૂકી છે પરંતુ, અભિનેત્રીના અભિનયના વખાણ ફક્ત 'કેદારનાથ' અને 'અતરંગી રે'માં થયા હતા. સારાએ એક ઈન્ટરવ્યૂ દરમિયાન સ્વીકાર્યું છે કે, અત્યારે તે કરિયરના એવા તબક્કામાં છે જ્યાં ભૂલો કરવાનો અને તેના પરથી શીખવાનો મોકો છે. આ સાથે જ પોતાની અનેક ભૂલોને સ્વીકારતા તેણે જણાવ્યું છે કે, મેં ઘણી ભૂલ કરી છે, મારી અનેક ફિલ્મો ઓડિયન્સને પસંદ નથી આવી. તે મને ખબર છે. ફિલ્મ સિલેક્શનમાં અનેકવાર હું થાપ ખાઈ ગઈ છું પણ ભૂલો પરથી શીખી રહી છું.

# શ્રીદેવીના 'ચાંદની' લૂકને ફોલો કરશે આલિયા ભટ્ટ



વીતેલા જમાનાનાં સુપરસ્ટાર અને સૌંદર્યનો પર્યાય ગણાતાં શ્રીદેવીની દરેક કેરેક્ટર યાદગાર છે. દરેક ફિલ્મમાં અલગ લૂકમાં ઓડિયન્સને ઈમ્પ્રેસ કરનારાં શ્રીદેવીનું 'ચાંદની' ફિલ્મનું કેરેક્ટર પણ સદાબહાર છે. આ ફિલ્મમાં નટખટ અને જિંદાદિલ યુવતીનો રોલ શ્રીદેવીએ કર્યો હતો. શ્રીદેવીના આ સદાબહાર લૂકને 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની'માં આલિયા ભટ્ટ ફોલો કરવાની છે. 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની'થી કરણ જોહર ફિલ્મ ડાયરેક્શન ક્ષેત્રે કમબેક કરી રહ્યા છે. તેમણે ફિલ્મના ફાઈનલ શીડ્યુલમાં રોમેન્ટિક ગીતના શૂટિંગ અંગે સોશિયલ મીડિયા પર હિન્ટ મૂકી છે.



# રશ્મિ દેસાઈએ ડીપ નેક વ્હાઇટ કલરનું રિવીલિંગ ટોપમાં આપ્યા કિલર પોઝ

રશ્મિ દેસાઈ સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને અવારનવાર પોતાની સુંદર તસવીરો શેર કરીને ફેન્સને ખુશ કરે છે. તાજેતરમાં, એક્ટ્રેસ ફરી એકવાર તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર તેની શાનદાર તસવીરો પોસ્ટ કરી છે. ટીવીની સંસ્કારી વહુ રશ્મિ દેસાઈ સતત પોતાની ઈમેજ બ્રેક કરતી જોવા મળી રહી છે. એક્ટ્રેસના લેટેસ્ટ લુકને જોતા એ વાત ચોક્કસ છે કે તેના માથે પણ બોલ્ડનેસનો ફીવર ચડી રહ્યો છે. તાજેતરમાં, એક્ટ્રેસે વ્હાઈટ કલરનું રિવીલિંગ ટોપ પહેરીને એવી તસવીરો શેર કરી છે કે તેના કિલર લુકને જોઈને ફેન્સ બેકાબૂ થઈ રહ્યા છે. રશ્મિ દેસાઈના આ ફોટામાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે તેનું ટોપ એકદમ ડીપ નેક છે અને ઉપરથી તેનું ટોપ ખભા પરથી પણ સરકતું જોવા મળે છે, જેના કારણે તેની ક્લીવેજ ફ્લોન્ટ થઈ રહી છે. તસવીરોમાં રશ્મિ દેસાઈને શોર્ટ ડેનિમ સ્કર્ટ સાથે ખૂબસૂરત ક્રોપ ટોપમાં કેમેરા માટે પોઝ આપતા જોઈ શકાય છે. મંત્રમુગ્ધ કરતી એક્ટ્રેસ પ્રત્યેનો તેમનો પ્રેમ બતાવવા માટે, ફેન્સે તેની પોસ્ટ નીચે હાર્ટ ઈમોજીસના રૂપમાં તેમનો પ્રેમ વરસાવ્યો છે. ટીવી ઈન્ડસ્ટ્રીમાં તપસ્યાના નામથી ફેમસ થયેલી એક્ટ્રેસ રશ્મિ દેસાઈએ ફરી એકવાર પોતાના લુકથી તહેલકો મચાવી દીધો છે. એક્ટ્રેસની ખૂબસૂરતીના લાખો લોકો દિવાના બની ગયા છે.



સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં ફાગણી પૂનમ માટે આયોજકો દ્વારા તડામાર તૈયારીઓ

# અમદાવાદની ભાગોળે ભક્તિમાર્ગ પર ગૂંજી રહ્યાં છે જય રણછોડ...માખણચોર... ના નાદ !

■ વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા શરૂ કરાયા કેમ્પ, ઢેર-ઢેર સુરક્ષાની વ્યવસ્થા

ગુજરાત | વંદન

અમદાવાદની ભાગોળે જય રણછોડ માખણ ચોર....મંદિરમાં કોણ છે...રાજા રણછોડ છે....એવા નાદ ગૂંજી રહ્યાં છે....ભાગણી પૂનમે ડાકોર જવા રવાના થયેલા પદયાત્રીઓથી ભક્તિમાર્ગ ઉભરાઈ રહ્યું છે. અમદાવાદ શહેરમાંથી હજારોની સંખ્યામાં ભાવિક ભક્તો ધોળી ધ્વજા સાથે ડાકોરના માર્ગે જઈ રહ્યાં છે. રસ્તામાં તેમના માટે રહેવાની, ચા-પાણી-નાસ્તો-ભોજન-આરામ-મેડિકલ સારવાર વગેરેના કેમ્પ પણ ધમધમી રહ્યાં છે. જેમા સેવાભાવિ લોકો ડાકોર જતા પદયાત્રિયોની સેવાનો લ્હાવો લઈ રહ્યાં છે. દરમ્યાન ડાકોરમાં પણ ફાગણી પૂનમે અને તે પછી લાખોની સંખ્યામાં આવનાર ભક્તજનોની વ્યવસ્થા માટે આયોજન કરવામાં આવ્યું છે.

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં ફાગણી પૂનમનો મેળો ભરાશે. ફાગણી પુનમે હજારો શ્રદ્ધાળુઓ ડાકોર રણછોડજીના દર્શન કરવા માટે પહોંચે છે. ત્યારે આ વખતે ફાગણી પૂનમના મેળાને લઈને આગોતરું પ્લાનિંગ કરી દેવાયું છે. ત્રણ દિવસના આ મેળામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. સાથે જ આ વર્ષે આવનારા શ્રદ્ધાળુઓને સરળતાથી દર્શન થાય તે માટે ડાકોર ટેમ્પલ કમિટી દ્વારા દર્શનનો સમય પણ વધારવામાં આવ્યો છે. ડાકોર ટેમ્પલ કમિટી દ્વારા ફાગણી પૂનમને લઈ દર્શનનું સમયપત્રક બહાર પાડવામાં આવ્યું છે. મંદિર કમિટી દ્વારા તારીખ 6 માર્ચ, 7 માર્ચ અને 8 માર્ચનું મંદિરનું શિડ્યુલ જાહેર કરાયું છે. જેમાં તારીખ 6 માર્ચ સોમવારે ફાગણસુદ ચૌદસ છે. તો 7 માર્ચના રોજ ફાગણ સુદ પૂનમ છે. તેના બીજા દિવસે એટલે કે 8 માર્ચના રોજ ફાગણવદ છે. આ દિવસે ડોલોત્સવ ઉજવાશે. આ ત્રણેય દિવસનું શિડ્યુલ આ રહ્યું.

## ડાકોરમાં ડોલોત્સવનું મહત્વ

હોળીના બીજા દિવસે અથવા જ્યારે પણ ઉત્તરા ફાગુની નક્ષત્ર હોય ત્યારે પ્રભુને ડોલ ઝૂલાવવાનો ઉત્સવ થાય છે. આ ઉત્સવને દોલોત્સવ કહેવાય છે. આ ઉત્સવની ભાવના એવી છે કે યશોદાજી વાત્સલ્યભાવથી પોતાના લાલાને ઝુલાવવા અને ખેલવવા માટે, કુમારિકાઓ પાસે પત્ર - પુષ્પથી સજાવીને ડોલ સિધ્ધ કરાવે છે. વળી, ચારો યુથ શ્રીસ્વામિનીજી, શ્રીચંદ્રાવલીજી, શ્રીવિશાખાજી, શ્રીયમુનાજી ચારેય યુથાધિપતિની ભાવનાથી પ્રભુ ડોલ ઝૂલે છે.

## મંદિર કમિટી દ્વારા જાહેર ત્રણેય દિવસનું શિડ્યુલ

### તારીખ 6 માર્ચ, સોમવાર

- વહેલી સવારે 4:45 વાગે નિજમંદિર ખુલશે 5 વાગે મંગળા આરતી થશે
- 5 વાગ્યાથી 8 વાગ્યાં સુધી દર્શન ખુલ્લા રહેશે
- 8:00 થી 8:30 સુધી દર્શન બંધ રહેશે
- 8:30 વાગે દર્શન ખુલી 1:00 વાગ્યાં સુધી ખુલ્લા રહેશે
- 1:00 થી 1:30 દર્શન બંધ રહેશે
- બપોરે 1:30 થી 2:30 સુધી દર્શન ખુલ્લા રહેશે
- 3:30 મંદિર ખુલી 3:45 વાગે આરતી થશે, જે દર્શન 5:30 વાગ્યાં સુધી ખુલ્લા રહેશે
- 5:30 થી 5:45 બંધ રહેશે 5:45 વાગે દર્શન ખુલી રાત્રે 8:00 સુધી ખુલ્લા અને અંતે 8:45 વાગે મંદિર બંધ થશે

### તારીખ 7 માર્ચ, મંગળવાર

- વહેલી સવારે 3:45 વાગે મંદિર ખુલી 4:00 મંગળા આરતી થશે જે દર્શન 7:30 સુધી ખુલ્લા રહેશે
- 7:30 થી 8:00 સુધી દર્શન બંધ રહેશે
- 8:00 દર્શન ખુલી 2:30 સુધી ખુલ્લા રહેશે
- 2:30 થી 3:00 સુધી દર્શન બંધ રહેશે
- બપોરે 3:00 થી 5:30 સુધી દર્શન ખુલ્લા રહેશે
- 5:30 થી 6:00 સુધી દર્શન બંધ રહેશે
- 6:00 થી 8:00 સુધી દર્શન ખુલ્લા રહેશે
- 8:15 ખુલી ભગવાન અનુકૂળતાએ પોઢી જશે એટલે મંદિર બંધ

### તારીખ 8 માર્ચ, બુધવાર

- વહેલી સવારે 5:00 વાગે મંદિર ખુલી 5:15 વાગે મંગળા આરતી થશે
- 5:15 થી 8 30 સુધી દર્શન ખુલ્લા રહેશે
- 8:30 થી 9:00 વાગ્યા સુધી દર્શન બંધ રહેશે
- 9:00 વાગ્યાથી 1:00 વાગ્યા સુધી ભગવાન ફુલડોરમાં બિરાજ છે દર્શન ખુલ્લા રહેશે
- બપોરે 1:00 વાગ્યાથી 2:00 વાગ્યા સુધી દર્શન ખુલ્લા રહેશે
- 2:00 થી 3:30 સુધી દર્શન બંધ રહેશે
- 3:30 થી 4:00સુધી દર્શન ખુલ્લા રહેશે
- 4:30 થી 5:00 સુધી દર્શન બંધ રહેશે
- સાંજે 5:00 વાગે નિજ મંદિર ખોલી 5:15 વાગે આરતી થઈ નિત્યક્રમ અનુસાર પોળી જશે

## જય રણછોડ....મંદિર ભલે દૂર છે....જાવું જરૂર છે...!









ફાગણી પૂનમ એટલે જય રણછોડ અને ડાકોરને ધામ. અમદાવાદ શહેરમાંથી હજારો ભક્તોની સાથે એવા શ્રદ્ધાલુઓ પણ ડાકોરના રસ્તે જઈ રહ્યાં છે કે જેમા નાના બાળકને બાબા ગાડીમાં બેસાડી સપરિવાર, તો એક ભક્ત સ્કૂટર પર ડાકોર તરફ. રસ્તાની વચ્ચે વિસામો વિરામ અને અલ્પાહાર તો પોતાના વહાલ-સોયાને ચાદરને ઘોડિયુ બનાવીને ભક્તિના માર્ગે.... (તસ્વીરઃ મૌર્ય ભાગ્યવાન)

# ગોંડલ ચોકડી ઓવરબ્રીજનું આજે CMના હસ્તે લોકાર્પણ, ત્રણ લાખ વાહનચાલકોને હાશકારો

ગુજરાત | વંદન



ગોંડલ ચોકડીએ રૂ.89 કરોડના ખર્ચે તૈયાર થયેલ રાજ્યનો સૌ પ્રથમ એલિવેટેડ ઓવરબ્રિજનું રવિવારે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાંજના પાંચ વાગ્યે લોકાર્પણ કરનાર છે. આ ઓવરબ્રિજ બનતા રાજકોટ-શાપર-વેરાવળના આશરે 3 લાખથી વધુ વાહનચાલકોને હાશકારો થશે.

ગોંડલ ચોકડીએ બ્રીજ બનતા બે વર્ષથી ટ્રાફિક સમસ્યા સર્જાઈ છે. સવારે અને સાંજના સમયે ગોંડલ ચોકડી પાસે બેથી પાંચ કિમીનો ટ્રાફિકજામ સર્જાય છે. હવે આ ટ્રાફિક સમસ્યામાંથી રાજકોટ અને શાપર-વેરાવળના ઉદ્યોગકારોને મુક્તિ મળનાર છે. ગોંડલ ચોકડીએ 1.2 કિમીનો લાંબો સીક્સલેન ઓવરબ્રીજ નેશનલ હાઈ-વે ઓથોરીટી દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે તેમાં 45 મીટરના 12 ગડર અને 30 મીટરના 20 ગડર મૂકી બ્રીજનું નિર્માણ કરવામાં આવ્યું છે.

વર્ષ 2021માં નેશનલ હાઈ-વે ઓથોરીટી દ્વારા વૈધ્ય ઈન્ફ્રાબીલ્ટ પ્રા.લિ.ને ઓવરબ્રીજનું કામ સોંપવામાં આવ્યું હતું અને 24 મહિનામાં કામ પૂર્ણ કરવાનું હતું કોન્ટ્રાકટર દ્વારા નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવ્યું છે. શાપર-વેરાવળ, પારડી, કોઠારીયા જેવી જીઆઈડીસીના

...અનુસંધાન પેજ નં. 6 પર

# શક્તિપીઠ અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા મોહનથાળનો પ્રસાદ બંધ કરાતા ભક્તોમાં ભારે રોષ



ગુજરાત | વંદન

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં મોહનથાળનો પ્રસાદ આગવી ઓળખ છે. ત્યારે આ મોહનથાળનો પ્રસાદ મંદિર ટ્રસ્ટ દ્વારા બંધ કરવામાં આવતા ભક્તોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મોહનથાળનો પ્રસાદ બંધ કરીને ચીકીનો પ્રસાદ આપવાનો નિર્ણય લેવામાં આવ્યા બાદ

...અનુસંધાન પેજ નં. 6 પર

## ટ્રી ઓફ ટ્રસ્ટ... વિશ્વાસનો વૃક્ષ



અમદાવાદના પાલડી ગામમાં કડિયા નાકુ ભરાય છે એ જગ્યાએ રોજ રાત્રે મજૂરો રોડ ઉપર સૂઈ જાય છે એમનો સામાન,બેગો, પોટલાઓ સાચવવા માટે તેમણે નવો કીમીયો-દેશી જુગાડ અપનાવ્યો છે જેમ ફોટામાં દેખાય છે એમ આસપાસના ઝાડનો ઉપયોગ બેગ અને પોટલા મુકવા માટે કરવામાં આવે છે. આ દ્રશ્ય જોતા આશ્ચર્ય થાય છે કે જાણે વૃક્ષ પર ફળ-ફળાદી, ફુલ-પત્તાના સ્થાને પોટલા, બેગ-બિસ્તરાં ઊગી નીકળ્યાં હોય એમ જોનારને લાગે છે. કોઈ પોતાની માલ-મત્તા તાળા ચાવીમાં મુકે પરંતુ આ શ્રમિકોને વૃક્ષ પર એટલો વિશ્વાસ છે કે, તેની ડાળીએ ટિંગાળેલ તેની માલ-મત્તા સુરક્ષિત છે, સલામત છે અને તેમ કહી શકાય આ વિશ્વાસનો વૃક્ષ છે.
(તસ્વીરઃ મૌર્ય ભાગ્યવાન)

## ગુજરાત સરકારે અદાણી પાવર પાસેથીસાથે 8160 કરોડની વીજળી ખરીદી

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભામાં જામ જોધપુરના ધારાસભ્ય હેંમતભાઈ આહિરે રાજ્ય સરકારને પ્રશ્ન પુછ્યો છે કે, છેલ્લા બે વર્ષમાં અદાણી પાવર પાસેથી રાજ્ય સરકારે કેટલી વિજળી ખરીદી કરી છે. અદાણી પાવર સાથે વીજ ખરીદી માટે સરકાર અને અદાણી પાવર સાથે કોઈ એગ્રીમેન્ટ થયા છે કે નહી? છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે અદાણી પાસેથી કેટલી વીજળી ખરીદી અને વીજળી ખરીદીની કેટલી રકમ ચુકવવામાં આવી. ધારાસભ્યના સવાલનો જવાબ આપતાં રાજ્ય સરકારે ગૃહમાં માહિતી જાહેર કરી હતી. જેમાં વર્ષ 2021માં રાજ્ય સરકારે અદાણી પાવર પાસેથી 5589

...અનુસંધાન પેજ નં. 6 પર

# હિટ એન્ડ રનઃ આરોપી સત્યમ શર્માને ધરતી ગળી ગઈ કે આકાશમાં ઉડી ગયો..?

■ આરોપી હજુ પણ પોલીસના પંજા દૂર, ક્યારે પકડાશે

ગુજરાત | વંદન



અમદાવાદ હિટ એન્ડ રન કેસનો આરોપી ઘટનાના 3 દિવસ બાદ પણ પોલીસ પકડથી દૂર છે. પ્રાપ્ત માહિતી અનુસાર આરોપી સત્યમ શર્માનું છેલ્લું લોકેશન અને સીસીટીવી ફૂટેજ હોવા છતાંય પોલીસ તેને હજી સુધી પકડી શકી નથી. આમ આ કેસમાં પોલીસની કામગીરી પર પણ સવાલો ઉભા થઈ રહ્યા છે. શુક્રવારે તપાસ અધિકારીએ જણાવ્યા અનુસાર હાલ અલગ-અલગ ટીમો બનાવીને પોલીસ દ્વારા તેની સતત શોધખોળ કરવામાં આવી રહી છે. જો કે, બીજી તરફ પોલીસ તેના સામેથી સરેન્ડર કરવાની રાહ જોઈ રહી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.


પોલીસે મીડિયાને જણાવ્યું કે, સત્યમ શર્મા સામે સોલા પોલીસ સ્ટેશનમાં કુલ 3 ગુના દાખલ થયા છે. જેમાં ડિસેમ્બર 2022માં જૈમિન પટેલ નામના યુવકે સત્યમ સામે માર માર્યાની ફરિયાદ નોંધાવી હતી.


...અનુસંધાન પેજ નં. 6 પર

પ્લોટ ભાડે આપવાનો છે
11500 વારનો ફાઈનલ પ્લોટ
65 HP કનેક્શન,
કોમર્શીયલ NA, ટ્યુબવેલ સાથે
PDPU 80 મીટરના રોડ ઉપર, ગાંધીનગર
M- 7600061111, 9824032133

Secret 17 ટીન
Hair & Nails Studio

શહેરના પોશ એરિયામાં સલૂનક્ષેત્રે આગવુ નામ એટલે
સિક્રેટસેવન્ટીન હેર એન્ડ નેઇલ્સ સ્ટુડિયો...







જાણીતી સેલેબ્રીટીઝ માટે મુલાકાતની પસંદગીનું અનેરૂ સ્થળ એટલે
સિક્રેટસેવન્ટીન હેર એન્ડ નેઇલ્સ સ્ટુડિયો...

ટ્રેન્ડિંગ હેર કટિંગ અને હેર ડિઝાઇનના શોખીનો માટેનું અનેરૂ આકર્ષણ એટલે સિક્રેટસેવન્ટીન
પહેલી જ મુલાકાતમાં વેલ્યુએબલ કસ્ટમર બની જાય છે સિક્રેટસેવન્ટીન ના ચાહક

+91 63572 63573
secret17ahmedabad
102, Arista business Space 3, Sindhu Bhavan Marg , Ahmedabad, Gujarat 380054